કુમાર

૪૦૪
ઑગસ્ટ '૫૭

આવતી કાલના નાગરિકોને ઘડતું આજનું માસિક



સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત



નાનાસાહેબ પેશ્વા

નવાબ અવધના ચિત્રકાર મિ. બીચીએ સન ૧૮૫૦માં બિઠુર જઇને દોરેલા એમના ચિત્ર પરથી (જૂનું સ્ટીલ એન્ગ્રેવિંગ)

કુમાર

ઑગસ્ટ ૧૯૫૭

અંક ૪૦૪

અનુક્રમ

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



પરિશ્રમ · કલાકાર શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી

મુલાયમ સૌન્દર્ય અને બલિષ્ઠ આવેગ, બંનેને (શું ચિત્રકારીમાં કે શું શિલ્પમા) ઉતારવામાં સિદ્ધહસ્ત એવા, મદ્રાસ કલાશાળાના આચાર્ય તથા ભારતના લબ્ધપ્રતિષ્ઠ કલાકાર શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીની કૃતિઓથી (તેમજ આ કૃતિથી પણ) 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. તાજેતરમાં જ ભારતના રાષ્ટ્રીય કલાસંગ્રહમાં ઉમેરાએલા આ શિલ્પનો ધ્વનિ ભારતની પ્રજાના આજના પ્રગતિયજ્ઞના પરિશ્રમમાં પ્રેરક બને એવો છે એ તેનું સામયિક ઔચિત્ય છે. ઉપરાંત, ઝીણવટની ચોક્સાઇને માટે સદાના આગ્રહી શ્રી રાયચૌધરીએ એમાંના એકેએક પાત્રના સ્નાયુયે સ્નાયુનું જે પરિશુદ્ધ નિદર્શન કરાવ્યું છે તે ભલભલા શરીરવિજ્ઞાનશાસ્ત્રીને પણ મુગ્ધ કરે એવું છે. અને એમાંનો પરિશ્રમનો ભાવાવેગ તો, અલબત્ત, હૃદયસ્પર્શી છે જ. એથી, તેમજ આ ચિત્ર વધારે સ્પષ્ટ સુરેખ હોવાથી, ૯ વર્ષ પછી આજે તે મોટા રૂપમાં પ્રકટ કરીએ છીએ.



ચોમાસાના યાત્રીઓ: કલાકાર - શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી

ભૂલીએ જુદાઈ ભાઈ

·ગાન·

આજ ગિરિસમંદર પાળની આપણે ભૂલીએ જુદાઈ, ભાઈ!
એક હવાને જ વાણે રહે તવ આપણો તંત વણાઇ.

ઊઘડતું પેલું ફૂલ સુગંધને વેરતું મોકળે મન,
આભનાં કિરણ અંતરમાં રમે વીંધી દલેદલ વન;
લેશ નહિ એને લેવું, ઉરે તોય રે'તું ગગંન સમાઈ:
ભૂલીએ જુદાઈ, ભાઇ!

સાંકડે મારગ વ્હેતી સરિત ને બંધ છૂટે ત્યહીં સિંધુ,
અંતરિયાળ છવાય તે વાદળ નીરનાં કેવળ બિંદુ;
પુકુર હોય તે પોઢે નિરંતર શેવાળનો પટ સ્હાઈ:
ભૂલીએ જુદાઈ, ભાઈ!

દીઠ અદીઠ જે આપણું રૂપ તે આપણથી અણજાણ્યું,
આ જગ આપણું બિંબ, ખૂલી જેની આંખ તેણે પરમાણ્યું;
એક આકાશ, પ્રકાશ, વાયુ, જલ, ભૂમિની એક સગાઇ,
ભૂલીએ જુદાઈ, ભાઈ! —એક૦

રાજેન્દ્ર શાહ

કામ કામ

·મનહર·

આખો યે વખત મારે કરવાનું કામ કામ;
નહિ એકે ય ઘડીનો રહે લેવાનો વિરામ.
સવારથી ઊઠીને હું ચડી જાઉં કામે,
કયારેક તો મોડી સાંજે
કયારે માંડ અધરાતે વળું હું વિરામે.

જાણું છું કે કામમાં તો લાગતી ન કૈં નાનમ,
કામ કરવાનું એ તો કર્મયુગ કેરો ધર્મ,
અને વળી કરું જે તે બધો સ્નેહ કેરો શ્રમ,
પોતાનાંને કાજે કર્મ જીવનનો એ જ મર્મ.

સતત આ ચાલ્યે જતું સંસારનું ઋતચક્ર,
પૃથ્વી કેરી ધરી જેવી ગતિ એની નિત્ય વક્ર;
ઋતુઓ કૈં પલટાય, પલટાય વારેવારે,
કમલના દલ જેવો કોરો ભીંજાઉં ના કયારે.

પણ કોઈ વેળા કયાંક જોવાઇ જતાં જરાક,
નાનાંમોટાં કાળાંધોળાં આભનાં બાદલ વળી
ખેતરને ખોળે ઝૂલે કૂદતા અંકુર લીલા,
ફૂલ ફોરે કળીમાંથી કોળીને ખીલી ઊઠેલાં,
શિશુ કાલાં ખડખડ હસતાં શાં લળી લળી.

મનને ખૂણે એકાદ ઘડી એવું ઝંખી રહું,
બસ બેઠો બેઠો કયાંક આ બધું હું જોયા કરું.
બીજી પળે જાગી જાઉં: કયાં છે એવી નવરાશ?
કયારેક નિરાંતે એ સૌ વિચારીશું રાખી આશ;
હમણાં તો ચાલ જીવ ભાગ અહીંઆંથી ભાગ,
કામે લાગ, કામે ભાગ, કહી આગે ડગ ભરું.
કમલદલથી સરી ગયું બિંદુ જલ કેરું.

પિનાકિન્ ઠાકોર

૧૮૫૭ના આંદોલનની શતાબ્દી

રાષ્ટ્રપતિનો સંદેશો

આજથી બરાબર સો વર્ષ પર, બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની-ના શાસન સામેના રાષ્ટ્રવ્યાપી અસંતોષને પરિણામે, ભારતે એક મહાન વિપ્લવ નિહાળ્યો. એને ગમે તે નામ આપવામાં આવે, પણ એ તો ઇતિહાસસિદ્ધ હકીકત છે કે ૧૮૫૭નું આંદોલન એ, કંપની સામે ત્યાર સુધીમાં જાગેલાં આંદોલનો પૈકી સૌથી વધુ વ્યાપક અને નિરધારપૂર્ણ આંદોલન હતું. આથી એને સ્વાધીનતાના રાષ્ટ્રીય સંગ્રામ તરીકે લેખકોએ અને ઇતિહાસકારોએ વર્ણવ્યું છે એમાં કશું જ આશ્ચર્યજનક નથી. એને લગતી હકીકતો અહીં સવિસ્તર વર્ણવવી જરૂરી નથી. પરંતુ એ વસ્તુ કહેવી રહે છે કે એ બનાવોની પાછળ કંપનીનાં દુષ્કૃત્યોએ જન્માવેલા અસંતોષની લાગણી રહેલી હતી ને એ વિપ્લવમાં સક્રિય ભાગ લેનારા ઘણા રાષ્ટ્રભક્તિની ભાવનાથી પ્રેરાએલા હતા.

૧૮૫૭-૫૯ના આંદોલને વિદેશી આધિપત્ય સામેના પ્રતિકારની નિર્વિવાદ હકીકતને સ્પષ્ટ રીતે ઉપસાવ્યા ઉપરાંત કેટલીક એવી વ્યક્તિઓ પણ પ્રગટાવી કે જે ત્યાર પછી વીરતાના અને વિદેશી શાસન સામેના પ્રતિકારના પ્રતીક સમી બની ગઈ છે. તાત્યા ટોપે, અહમદઉલ્લાહ, કુંવરસિંહ અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનો તેઓ પૈકી ઉલ્લેખ કરી શકાય. ૧૮૫૭-૫૯ના વિદ્રોહમાંથી નિષ્પન્ન થતી બીજી એક સૂચક હકીકત તે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે એકતાની નોંધપાત્ર ભાવનાની ને સમગ્ર આંદોલન દરમિયાન કોમી લાગણીના સંપૂર્ણ અભાવની છે. જંગના આરંભ પછી ટૂંક સમયમાં જ, તેમાં ઝંપલાવનારાઓ પોતે એક સમાન ધ્યેય હાંસલ કરવાનું છે અને એક સમાન હેતુ પાર પાડવાનો છે એ લાગણીથી પ્રેરાયા હતા.

આજે જ્યારે આપણે એ ઘટનાઓ નિરપેક્ષભાવે ને યથાર્થ દૃષ્ટિથી નિહાળીએ છીએ ત્યારે કેટલાંક કારણો વાંધાભર્યાં ન પણ લાગે એ સંભવિત છે; પરંતુ આજે, સો વર્ષ બાદ આપણે એ બાબતો વિષે શું માનીએ છીએ તેના કરતાં ધ્યાનમાં રાખવાની બિના તો એ છે કે, એ બનાવોએ અને દાખલ કરવામાં આવેલી નવી પ્રથાઓએ પ્રજાના માનસ પર તે સમયે અતિ પ્રતિકૂળ અસર પાડી હતી અને તેને લાગ્યું હતું કે કંપનીની ચાલ હિંદીઓને કેવળ એમની મિલકત, ધાર્મિક માન્યતા અને સ્વાધીનતાથી વંચિત કરવાની જ નહિ, પરંતુ તેમને તુચ્છ બનાવી દેવાની ગણતરી ધરાવતી હતી. આપણે એ પણ શીખવું રહે છે કે સ્વાધીનતા પ્રાપ્ત કરવા તથા ટકાવી રાખવા માટે અસીમ આત્મ-બલિદાન આવશ્યક હોય છે.

૧૮૫૭ના વિપ્લવની શતાબ્દી આપણે ઊજવી રહ્યા છીએ તેવા આ દિવસે હું મારા તમામ દેશબાંધવોને શુભેચ્છા પાઠવું છું, અને જે આઝાદી હાંસલ કરવા આજથી સો વર્ષ પહેલાં એક રાષ્ટ્રવ્યાપી પુરુષાર્થ કરવામાં આવ્યો હતો એ મહાપ્રયાસોએ મેળવેલી આઝાદીને આપણે સદૈવ ભોગવતા રહીએ એવી હું પ્રાર્થના કરું છું.

—રાજેન્દ્રપ્રસાદ

એ 'બળવો' હતો?.... ૧૮૫૭ ....કે 'સ્વાતંત્ર્ય-યુદ્ધ'?

આ માસમાં સત્તાવનના સંઘર્ષની શતાબ્દી દેશ ઊજવે છે એ પ્રસંગે, એ વિદ્રોહ માત્ર 'સિપાહીઓનો બળવો' હતો કે એક જાગૃત પ્રજાનો સભાન 'સ્વાતંત્ર્ય-સંગ્રામ' હતો એ પ્રશ્ન ચર્ચાતો રહ્યો છે અને ઘણા વિદ્વાન લેખકોએ તેનું નિરૂપણ કર્યું છે, જે પૈકીના એક, જાણીતા ઇતિહાસજ્ઞ અને વિચક્ષણ રાજપુરુષ સરદાર કે. એમ. પણિક્કરનો લેખ આ સાથે ('ન્યૂ સ્ટેટ્સમૅન ઍન્ડ નેશન' તથા 'હિંદુ' પત્રોના સૌજન્યથી) ગુજરાતીમાં ઉતારીએ છીએ. એ ઉપરાંત, આ ટાંકણે ભારતના બે લબ્ધપ્રતિષ્ઠ ઇતિહાસલેખકો શ્રી સુરેન્દ્રનાથ સેન તથા શ્રી આર. સી. મજમુદારનાં, એ વિદ્રોહ ઉપર લખાએલાં બે પુસ્તકો પણ બહાર પડ્યાં છે. એમાંનું પહેલું, ભારતના શિક્ષણમંત્રી મૌલાના અબુલ કલામ આઝાદની પ્રસ્તાવના સાથે મધ્યસ્થ સરકારના પ્રકાશન ખાતા તરફથી, તથા બીજું, કલકત્તાના પ્રકાશક કે. એલ. મુખોપાધ્યાય તરફથી, એમ પ્રકટ કરવામાં આવ્યાં છે. મૌલાના આઝાદે પોતાની પ્રસ્તાવનામાં કહ્યું છે તે પ્રમાણે, આજે જ્યારે બ્રિટન અને ભારત વચ્ચેના રાજકીય સંઘર્ષનો વાટાઘાટ અને સમજૂતીથી સુખદ અંત આવીને સ્વરાજ્ય મળી ગયું છે, ભૂતકાળમાં ઊભી થએલી કડવાશ ઓગળી ગઈ છે અને બંને દેશો વચ્ચે મૈત્રીનો નવો સંબંધ સર્જાયો છે, ત્યારે જ એ પ્રસંગનો તટસ્થ દૃષ્ટિથી ઇતિહાસ લખવાનો વખત છે.

ડૉ. સેને, દેશી-પરદેશી બધા ગ્રંથો સાધનો તથા ઉપલબ્ધ પ્રમાણભૂત સરકારી દફતરોનો ઉપયોગ કર્યો છે. પ્રો. મજમુદાર તો સરકારે આ ઇતિહાસ લખવા માટે નીમેલી સમિતિના સભ્ય હતા; પણ એ સમિતિના બેએક સભ્યો ભારતનો પક્ષ જરા વધારેપડતો બિરદાવીને રંગદર્શી ઇતિહાસ લખવા ઇચ્છતા હોઈ, તેમનાથી મતભેદ થવાને કારણે આ સ્વતંત્ર ને તટસ્થ ઇતિહાસ લખવા પ્રેરાયા છે.

એ બે ગ્રંથો પરથી સાર તારવતાં સમજાય છે કે ૧૮૫૭ની રંગભૂમિનાં મોટા ભાગનાં પાત્રો જાણે સંયોગવશ પ્રાણીઓ હતાં. એ સૌ અંગ્રેજ સત્તાને કાઢવા મથતાં હતાં ખરાં, પરંતુ તેમની નિષ્ઠા સમગ્ર રાષ્ટ્રની મુક્તિના નિશ્ચિત સભાન ધ્યેયને વરેલી નહિ પણ નિજનિજના સ્થિત હેતુ પરત્વે મર્યાદિત હતી. એની શરૂઆત થઈ લશ્કરી સિપાહીઓમાં —એમના પોતાના કચવાટને કારણે; ને પછી એમાં બીજાઓ જે ભળતા ગયા તે પણ પોતપોતાના કચવાટને કારણે: નાનાસાહેબનું આઠ લાખનું વર્ષાસન બંધ થયું હતું, ને લખનૌના નવાબ તથા અવધના જમીનદારોનાં રાજ્યો ને જમીનો ખાલસા થયાં હતાં. અંગ્રેજોના દાંત ખાટા કરી નાખનારી લડત ત્યાંના લોકોએ આપી એ ખરું, પણ તે માત્ર પોતાના રાજા ને પોતાના પ્રદેશને માટે. વીરમૂર્તિ ઝાંસીની રાણીનો દત્તકહક છીનવી લેવાયા છતાં તે અંગ્રેજોની મિત્ર રહેવા ચાહતી હતી, પરંતુ તેની મૈત્રી તુમાખી અંગ્રેજ અમલદારોએ તુચ્છકાર્યાથી તે વીફરી,—ને અલબત્ત, વીરતાનું અમર ઉદાહરણ મૂકતી ગઈ. લખનૌના મૌલવી અહમદુલ્લાશાહ ને સેનાપતિ તાત્યા ટોપેનાં નામ પણ એટલાં જ શૌર્યોજ્જ્વલ છે.

છતાં આ ઉદ્રેક સમગ્ર ભારતનો અસ્મિતા-સ્પર્શી ન હતો. દક્ષિણ ભારત અને બંગાળ તથા પશ્ચિમ ભારતમાં વિપ્લવનો વા સરખો ન હતો. ઊલટું ઘણે સ્થળે તો અંગ્રેજોના સંપર્કથી આવેલાં ઉદાર દૃષ્ટિબિંદુ, શિક્ષણ-પ્રચાર, સમાજિક સુધારા તથા બહુજનસમાજની સ્થિર જીવનચર્યાથી સંતુષ્ટ મોટા ભાગની પ્રજાએ અંગ્રેજોને સાથ આપેલો. ખુદ વિદ્રોહી સિપાહીઓમાંથી પણ ઘણાએ (તેમના અન્ય સાથીઓથી તદ્દન વિરુદ્ધ) અંગ્રેજ સ્ત્રી-બાળકોને બચાવી લઈ આંસુભરી આંખે સલામત જગ્યાએ ખસેડેલાં. એટલે આ વિપ્લવ પાછળ સમગ્ર ભારતવ્યાપી અને એક-કદમ મુક્તિ ઉદ્રેક ન હતો એવું વિધાન તરવાયું છે.

તોપણ, સત્તાવનનો એ વિદ્રોહ ભારતના ઇતિહાસમાં અવિસ્મરણીય રહેશે, કેમકે એ પછીની સભાન રાષ્ટ્રીય લડતને એણે ધારકબળ આપ્યું, તેના યોદ્ધાઓમાં લગની અનુસ્યુત કરી અને કઠોરતમ સંઘર્ષ માટેનો ઐતિહાસિક પાયો તથા નૈતિક પ્રેરકબળ એણે જ પૂરું પાડ્યું.

સત્તાવનનો સંઘર્ષ

મૂળ લેખક · કે. એમ. પણિક્કર — અનુવાદક · માધવસિંહ સોલંકી

ભારતની તવારીખમાં છેલ્લી બે સદીથી સત્તાવનનું વર્ષ ક્રાંતિકારી સીમાચિહ્ન મૂકતું આવ્યું છે. આધુનિક ભારતના ઇતિહાસનો ખરો આરંભ તો આજથી સાડા ચારસો વરસ પહેલાંથી શરૂ થયો. દરિયાઈ માર્ગે વેપાર કરવા આવેલા ફિરંગી વેપારીઓએ સને ૧૫૦૦માં કલીકટમાં એમની કોઠી સ્થાપી અને ૯ વર્ષમાં ગોવા સર કર્યું. ભારતમાં વેપારની અનુકૂળતા જોઇને એક પછી એક યુરોપના દેશોએ વેપારી કંપનીઓ સ્થાપવા માંડી. સન ૧૬૦૦માં ઈસ્ટ ઇન્ડિયા કંપની સ્થપાઈ, ૧૬૦૨માં ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો આરંભ થયો અને ૧૬૬૪માં ફ્રેંચોએ 'કામ્પની દી ઈન્દી' (Campagnie des Indes) સ્થાપીને ભારતમાં વેપાર કરવાનો આરંભ કર્યો. આમ, આ દેશના વેપારને લક્ષમાં લઇને આવેલી પરદેશી કંપનીઓએ પોતાના વેપારને મજબૂત કરવા તથા હરીફોને દૂર કરી એકહથ્થુ વેપાર હાંસલ કરવા માટે ભારતમાં રાજકીય સત્તા હાથ ધરવાનું મુનાસિબ માન્યું. એમાં જે જોરદાર હતા, યુરોપની ધરતી પર જેનું સારું વર્ચસ હતું તેઓ ભારતમાં પણ પોતાનું બળ વધારતા ગયા, અને છેવટે બીજી પરદેશી સનાઓને પરાસ્ત કરીને અંગ્રેજી કંપનીએ પોતાનાં થાણાં મજબૂત કરવા માંડ્યાં, અને સને ૧૭૫૭ના પલાશીના યુદ્ધથી ભારતમાં બ્રિટિશ હકૂમતનાં રીતસરનાં મંડાણ થયાં.

૧૭૫૭માં બ્રિટિશ સત્તાએ ભારતની ધરતીમાં મૂળ નાખ્યા પછી સો વર્ષે એ મૂળ ઉપર પહેલી વાર સંગઠિત રીતે ઘા થયો. ૧૮૫૭માં અંગ્રેજોની સામે સિપાહીઓએ બંડ પોકાર્યું. અંગ્રેજ અફસરોની, સૈનિકોની અને કુટુંબોની સેંકડોની સંખ્યામાં કતલ થઈ. અંગ્રેજ સલ્તનતને ખતમ કરવા માટે રાજા રજવાડાં અને અમીર ઉમરાવોએ મરણિયા પ્રયાસો આદર્યા, પણ અંગ્રેજોએ કડક હાથે એ પ્રયાસો દાબી દીધા. અને જે જોરથી બળવો જાગ્યો હતો એથી ભૂરી રીતે એને દબાવી દીધો.

૧૮૫૭ના એ સંઘર્ષને ભારતના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ તરીકે ગણીને દેશભરમાં આજે એની શતાબ્દી ઊજવાઈ રહી છે, ત્યારે સ્વાભાવિક રીતે જ વિચાર થાય છે કે એ સંઘર્ષ ખરેખર ભારતની પ્રજાનો એક વિદેશી પ્રજાની હકૂમતમાંથી મુક્તિ મેળવવા માટે દેશવ્યાપી સ્વાતંત્ર્યસંગ્રામ હતો?—કે માત્ર શાસનની પદ્ધતિ સામેના અસંતોષમાંથી પ્રગટેલું લશ્કરી બંડ જ હતું?

૧૮૫૭નો એ સંઘર્ષ માત્ર બંડ તો નહોતો જ; બંડ કરતાં યે કંઈક



વિપ્લવની શરૂઆત : મેરઠના લશ્કરી 'પરેડ ગ્રાઉન્ડ' ઉપર કૅપ્ટન ફિન્નિસને ગોળીથી ઠાર કરવામાં આવ્યો તે દૃશ્ય
(૧૮૫૮માં પ્રકટ થએલા 'નૅરેટિવ ઑાવ ધી ઈંડિયન રિવોલ્ટ' નામક ગ્રંથમાં તત્કાલીન સ્કેચો પરથી પ્રકટ થએલું ચિત્ર)

વિશેષ વ્યાપક તત્ત્વો એમાં હતાં, કારણ કે એ લડતના સૂત્રધારો તરીકે નામાંકિત થએલા તાત્યા ટોપે, ઝાંસીની રાણી, ખાન બહાદુરખાન તથા બીજા નેતાઓ લશ્કરની બહારથી એમાં ભાગ લેવા આવ્યા હતા. પરંતુ એટલા જ કારણે તેને મહાન રાષ્ટ્રીય આંદોલન તરીકે ઓળખાવવું તે પણ ઇતિહાસના નિયમો સાથે સુસંગત નથી. અવધ જેવા કેટલાક સ્વતંત્ર પ્રદેશોને ડેલહાઉસીએ ખાલસા કરી નાખ્યા હોવાથી એ પ્રદેશોની આમ પ્રજાની લાગણી કંપની સરકાર સામે ઉશ્કેરાઈ હતી એ સાચું. પરંતુ તે સિવાય આખા યે વિપ્લવ પર વિચાર કરીએ તો જણાશે કે લશ્કરના વિદ્રોહી સિપાહીઓને બાદ કરતાં મોટે ભાગે પોતાના અંગત સ્વાર્થથી અકળાએલા આગેવાનો જ એમાં જોડાયા હતા. વસ્તુતઃ જે રાજા-મહારાજાઓના મુલકો કંપની સરકારે ખાલસા કર્યાં હતા, જે અમીર ઉમરાવો અને શ્રીમંત વર્ગની આપખુદી અને પ્રતિષ્ઠાને હાનિ પહોંચી હતી અને ગતકાલીન વૈભવનાં સ્વપ્નાંમાં રાચતાં જે કુટુંબોના મરતબાને ધોકો પહોંચ્યો હતો, અને જેમનાથી નવી આવેલી પદ્ધતિનું રાજતંત્ર, નવી દુનિયાનો પ્રકાશ જીરવી શકાય એમ નહોતાં એ બધાંએ એકત્ર થઈને પોતાની સરી જતી સમૃદ્ધિને ટકાવી રાખવાની છેલ્લી તક સિપાહીઓના બળવામાં જોઈ, અને ઝુકાવ્યું.


એ બળવો એકાએક કેમ ફાટી નીકળ્યો એનાં અસલ કારણો હજી સ્પષ્ટપણે મળી શકતાં નથી, પરંતુ એક વાત સાચી છે કે કંપની સરકારના હિંદી લશ્કરમાં વ્યાપક રીતે અસંતોષની જ્વાળા ધૂંધવાઈ રહી હતી, અને તેમાં વળી ચરબી લગાડેલી કારતૂસો આવી તે પરથી એમને એમ લાગ્યું કે સરકાર આ રીતે સૌને ખ્રિસ્તી બનાવવા માગે છે. એની સામે પ્રગટી ઊઠેલો રોષ પણ એ બળવાનું કારણ છે એમાં શંકા નથી. પરંતુ જેદાવાનળમાં પાછળથી દિલ્હીના બાદશાહ, તથા પેશવાઈ ગુમાવી બેઠેલા નાનાસાહેબ અને અવધના તાલુકદારો શામેલ થયા એ સંઘર્ષ કેવળ લશ્કરના અસંતોષનું જ પરિણામ હોય એમ માની શકાય નહિ.

ત્યારે એ લડતમાં સૌ એકત્રિત થયા કેવી રીતે? સરકાર સામે રોષે ભરાએલા ને ગઈ કાલ સુધી માણેલાં સત્તા અને વૈભવ ગુમાવી બેસનાર એ વર્ગોને સંગઠિત કરી, પરસ્પરને એકબીજાના સંપર્કમાં રાખનાર તથા સારી યે લડતને ખરીખોટી પણ એક સુરેખ વ્યૂહરચના પૂરી પાડનાર ખરા સૂત્રધારો કોણ હતા તેની આજ સુધી કોઇને ખબર પડી નથી.

બળવાખોરોના નેતા તરીકે સામાન્ય રીતે નાનાસાહેબનું નામ આગળ મુકાય છે, અને પેશવાઈના વારસદાર તરીકેની એમની પ્રતિષ્ઠાથી લડતને વેગ મળ્યો એમાં પણ શંકા નથી, પરંતુ નાનાસાહેબ વિષેની આપણી ઉપલબ્ધ માહિતી પરથી આ લડતના મુખ્ય સૂત્રધાર તેઓ હતા, એમ માની શકાય એમ નથી.

મુઘલ બાદશાહ બહાદુરશાહ પોતે ગણનાપાત્ર શાયર અને હોશિયાર રાજપુરુષ પણ હતા એમ પ્રો૰ સ્પીઅરના તાજેતરના સંશોધન પરથી જણાય છે. તેમ છતાં એના પોતાના રાજમહેલમાં યે એનું કંઈ ચાલતું નહોતું, અને ખુદ બળવા દરમ્યાન પણ એનું સ્થાન માત્ર 'ઓઠા' જેવું જ હતું. તો પછી વિપ્લવના સાચા સૂત્રધારો કોણ? આજે પણ એ બિના અણજાણી જ રહી છે.

તે વખતની લડતની વ્યૂહરચનાનું આજે કંઈ ખાસ મહત્ત્વ રહ્યું નથી. મોરચો એટલો બધો ત્રુટક અને અસંગઠિત હતો, તથા એનું સંચાલન પણ એટલું બધું નબળું હતું કે ભારતમાં મૂળ નાખીને પડેલી બ્રિટિશ સરકારને એનાથી ખાસ વાંધો આવે એમ નહોતું. વિપ્લવવાદીઓએ



દિલ્હી પાસેનું યુદ્ધ ('નૅરૅટિવ ઑાવ ઇંડિયન રિવોલ્ટ'માંથી)

દિલ્હી કબજે કરવામાં ભારે સફળતા મેળવી, અને એને લીધે લડતને પણ વેગ મળ્યો, પરંતુ દિલ્હીમાં જ લડતનું જે રીતે સંચાલન થતું ચાલ્યું તે પરથી જણાઈ આવ્યું કે આ વિપ્લવની પાછળ કોઈ પણ રચનાત્મક ભૂમિકા જ નથી.


વિપ્લવનો આરંભ એવી અણધારી રીતે થયો કે શરૂઆતના ચાર મહિના સુધી બ્રિટિશ સરકાર ।કકર્તવ્યમૂઢ બની ગઈ. શું કરવું તેની સૂઝ ન પડી. એ ગાળા દરમ્યાન વિપ્લવના આગેવાનોએ હોશિયારી વાપરીને દેશમાં એક મધ્યસ્થ સરકારની સ્થાપના કરી દીધી હોત તથા વિપ્લવવાદી પ્રવૃત્તિઓને વ્યવસ્થિત કરી હોત, તો બ્રિટિશોને માટે ખરેખર ભયંકર પરિસ્થિતિ ઊભી થાત. પરંતુ હિંદીઓને પક્ષે કોઈનામાં યે એવી દૂરઅંદેશી આવી નહિ. બળવાના આગેવાનોને લડતમાં જોડાતી વખતે એટલો જ ખયાલ હતો કે અંગ્રેજોને કાઢ્યા પછી પૂર્વવત્ દિલ્હીની ગાદીએ નામના બાદશાહને બેસાડી શકાશે અને રાજાઓ તથા અમીર ઉમરાવો અસલી ઢબે પોતાની સત્તા અને આપખુદી સ્થાપી શકશે. પણ એમની એ ગણતરીમાં ભારોભાર ભૂલ હતી. એમને ખબર નહોતી કે ભારતમાં ભારે પરિવર્તનો થઈ ચૂકેલાં હતાં અને ભૂતકાળને પુનઃસ્થાપિત કરવાની એમની મુરાદ કોઈ રીતે બર આવે એમ નહોતું. તેથી જ લડતનું સ્વરૂપ સમગ્ર રાષ્ટ્રવ્યાપી બનવાને બદલે છૂટાંછવાયાં છમકલાં જેવું બની ગયું અને તેને દબાવી દેવામાં બ્રિટિશરોના કેંદ્રિત પ્રતિકારને ઝાઝી મુશ્કેલી નડી નહિ.

ભારતને પક્ષે આ મહાન વિપ્લવને નિષ્ફળ બનાવવામાં હિંદીઓનાં કેટલાંક અમાનુષી અને ઘાતકી કૃત્યો પણ જવાબદાર છે. કાનપુર અને ઝાંસીમાં નિર્દોષ અંગ્રેજોની જે કતલ કરવામાં આવી તે જગજાહેર છે. પરંતુ બળવો દબાવી દીધા પછી અંગ્રેજ લશ્કરે જે વ્યવસ્થિત રીતે ત્રાસનું સામ્રાજ્ય બધે ફેલાવ્યું તેની ઘણાને જાણ નથી. એડ્વર્ડ ટૉમસનના જાણીતા પુસ્તક 'ધી અધર સાઈડ ઑવ ધ મેડલ' પરથી જણાય છે કે બંને પક્ષે શરમજનક કૃત્યો કરવામાં બાકી રાખી નહોતી.

૧૮૫૭-૫૮ના બનાવોનું મૂલ્યાંકન કરવામાં ભારતવાસીઓમાં પરસ્પર વિરોધી મત પ્રવર્તે છે. રૂઢિચુસ્ત વિચારસરણી ધરાવતા હિંદી રાષ્ટ્રવાદીઓને એ વિપ્લવ પાછળ ભારતની આઝાદી પાછી મેળવવા માટે દેશભક્તોએ ઉપાડેલી મહાન રાષ્ટ્રીય ચળવળનાં દર્શન થાય છે, એટલે તેમણે એ લડતને ૫રદેશી સત્તાઓના પંજામાંથી છૂટવા મથતી ગુલામ પ્રજાની વીરતાભરી લડત તરીકે બિરદાવી છે. શ્રી વિનાયક સાવરકરે 'ધી ઇંડિયન વૉર ઑવ ઇન્ડિપેન્ડેન્સ'માં આ મુદ્દાનું જુસ્સાપૂર્વક સમર્થન કર્યું છે. પરંતુ સાચી હકીકતો સાથે એ રૂપાળા ચિત્રનો મેળ ખાતો નથી. જે લડત પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરી શકી નહિ ને ઓચિંતી ફાટી નીકળવાથી વિરોધ પક્ષને જે એકદમ પરાજિત કરી શકી હોત તેને બદલે તેમાં એવાં નાનાંનાનાં જૂથ પડી ગયાં, કે સફળ થઈ હોત તો એ જૂથો દેશભરમાં અરાજકતા ફેલાવ્યા સિવાય ન રહેત એનો પ્રજાને ખયાલ આવી ગયો હતો, એવી લડતની બિરદાવલી ગાઈ શકાય ખરી?

૧૮૫૭ના ઇતિહાસને નવેસરથી લખવા પાછળનો એક ઉદ્દેશ સ્પષ્ટ છે. બ્રિટિશ ઇતિહાસકારોએ આ ઘટનાનું ચિત્ર એવી રીતે દોર્યું છે કે જાણે પોતાના ભલા માલિકોની અસાવધ દશામાં કૃતઘ્ની ભારતવાસીઓએ બંડ પોકાર્યું, પરંતુ અંગ્રેજોએ વીરતાપૂર્વક તેનો સામનો કરીને પોતાની સત્તા પુનઃસ્થાપિત કરી. આવા ચિત્રનો વિરોધ કરવા માટે ભારતીય ઇતિહાસકારોએ '૫૭નો ઇતિહાસ નવી દૃષ્ટિથી આલેખ્યો. ભારતના જુવાનોમાં કર્તવ્યનું ભાન કરાવવાનો તથા આઝાદી મેળવવાનું અધૂરું રહેલું કાર્ય ઉપાડી લેવાનો સંદેશ આપવાનો પણ એનો ઉદ્દેશ છે. જોકે ભારતના રાષ્ટ્રીય નેતાઓ આવી આત્યંતિક (extreme) વિચારસરણી સાથે સંમત થતા નથી. તેઓ માને છે કે ૧૮૫૭નો વિપ્લવ એ માત્ર વીરતાભર્યો પણ નિષ્ફળ વિરોધનું નિદર્શન છે.

આ વિપ્લવનું એક મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે ત્યાર પછી



અલ્લાહાબાદમાં કર્નલ નીલને હાથે વિપ્લવવાદીઓનો પરાજય ('નૅરૅટિવ ઑાવ ઇંડિયન રિવોલ્ટ'માંથી)

અંગ્રેજોના મનમાં ભારતવાસીઓ વિષે એક પ્રકારની દહેશત પેસી ગઈ. જે પ્રકારે બળવો ફાટી નીકળ્યો અને અંગ્રેજોની કતલ થઈ, તેની તેમણે કદી કલ્પના કરી નહોતી. હિંદીઓ આવી રીતે તેમના પર હુમલો કરી શકે એમ તેમણે માન્યું નહોતું. ને તેથી '૫૭ પહેલાં તેઓ હિંદી પ્રજાના જુદાજુદા વર્ગો તથા કોમો સાથે જે છૂટથી હરતાફરતા હતા તે તેમણે એકદમ બંધ કરી દીધું, એટલું જ નહિ, પણ ભારતવાસીઓથી સતત ચેતતા રહેવાની નીતિ તેમણે નક્કી કરી, જેને છેવટ સુધી તેઓ વળગી રહ્યા. ઈ. ૧૯૦૭માં વિપ્લવની અર્ધશતાબ્દી પ્રસંગે જૂની ઘટનાનું કદાચ પુનરાવર્તન થાય એ ભયે સરકારે સાવચેતીનાં તમામ પગલાં લીધાં હતાં; અને છેક ભારતમાંથી અંગ્રેજો વિદાય થયા ત્યાં સુધી, ઘડીના છઠ્ઠા ભાગમાં અમલમાં મૂકી શકાય એટલી વિગતવાર સાવચેતી અને પ્રાથમિક તૈયારીઓ તેઓએ રાખી હતી,—સ્ત્રીઓ તથા બાળકોને ક્યાં સલામત સ્થળે ખસેડવાં તેની યે યાદીઓ સાથે.

આવી ભયની લાગણીને લીધે જ પછી અંગ્રેજો ભારતીય પ્રજાથી કાયમ અતડા રહ્યા—નજીક ન આવી શક્યા, ને તેથી એમને સમજી પણ ન શક્યા. એ દૃષ્ટિએ હિંદી–અંગ્રેજી પ્રજાઓ વચ્ચેના અતડા સંબંધો નિશ્ચિત કરવામાં ૧૮૫૭નો વિપ્લવ જ કારણભૂત ગણી શકાય.

ભારત અંગેના બ્રિટિશ ઇતિહાસોમાં ૧૮૫૭ના વિપ્લવને સૌથી વધુ સ્થાન આપ્યું છે તેનું મુખ્ય કારણ ઉપર જણાવ્યું તેમ ભારતવાસીઓની બીક, અને ગમે ત્યારે બળવો ફાટી નીકળવાનો ભય કાયમને માટે તેમના દિલમાં ઘર કરી ગયો હતો એ છે. અંગ્રેજ શાસકો સમજી ગયા કે આવડી મોટી પ્રજા ઉપર તેમનાથી અતડા તથા અળગા રહીને રાજ કરવું હોય તો તેમને સત્તાના પ્રભાવથી આંજી નાખવા જોઇએ, પોતે સતત જાગૃત અને સાવધાન રહેવું જોઇએ અને શાસિત પ્રજા પાસે પોતાના નૈતિક મહત્ત્વનો સ્વીકાર કરાવવો જોઇએ. આ ઉપરાંત અંગ્રેજોએ પોતે એક જાતિતરીકે સંગઠિત થઇને આ દેશમાં રહેવું જોઇએ.

આ માટે તેમણે કાનપુરનો કૂવો અને લખનૌની રેસિડેન્સી જેવાં સ્થળોને જાત્રાનાં ધામ બનાવ્યાં, દરેક મુખ્ય સ્થાને બળવાનાં સ્મારકો ઊભાં કર્યાં; તથા બળવામાં માર્યા ગએલા અંગ્રેજોને શહીદો તરીકે ઓળખવામાં આવ્યા. બીજી બાજુ ભારતને પક્ષે પણ અંગ્રેજોના જુલમોની કડવાશ પ્રજાના દિલમાં ઊંડી ઊતરી ગઈ, ને વર્ષો સુધી ચાલુ રહી.

આ સમગ્ર ઘટનાને સાચા ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી નિહાળીએ તો માત્ર બે જ મુદ્દા મહત્ત્વના લાગે છે:

એક તો ગયા જમાનાના ઉપલા વર્ગોએ પોતાની સ્વતંત્રતા ને પ્રતિષ્ઠા પાછી મેળવવા માટે આદરેલો એ છેવટનો પ્રયાસ હતો, ને નિર્દયતાનો ડાઘ લાગેલો હોવા છતાં એક પ્રજા તરીકેનું પોતાનું ગૌરવ પુનઃસ્થાપિત કરવાનો એક ઘસાઇ ગએલી પ્રજાનો વીરત્વભર્યો પ્રયાસ હતો.

બીજું, વિપ્લવના સમયથી જ અંગ્રેજ સરકારની ભારત ઉપરના વહીવટની નીતિ બદલાઈ ગઈ. જે કંપની સરકાર પાસેથી પછીના સરકારે સત્તા લઈ લીધી તેણે રાજવહીવટ માટેની નીતિ, પદ્ધતિ તથા ધ્યેયમાં બિલકુલ ફેરફાર કરી નાખ્યા. ૧૮૫૮માં રાજાએ સત્તા હાથમાં લેતાં કંપની સરકાર અદૃશ્ય થઈ ગઈ, અને જેમના મુલકો ખાલસા કરવાની નીતિ કંપની સરકારે અપનાવી હતી તે દેશી રજવાડાંને નવી સરકારે થાબડવા માંડ્યાં, ને અવધ સિવાયના જે અમીર ઉમરાવોએ વફાદારી બતાવી હતી તે સૌને ટેકો આપવા માંડ્યો.

ભારતને લાગેવળગે છે ત્યાં સુધી વિપ્લવ પછી જૂના જાગીરદારો અને જમીનદાર વર્ગો માટે પ્રજાકીય નેતાગીરીનાં દ્વાર સદાને માટે બંધ થયાં. પછીના જમાનામાં ભારતીય રાષ્ટ્રવાદ જે સ્વરૂપે પ્રગટ થયો ત્યારે એની નેતાગીરી ઘસાઈ ગએલા અમીર ઉમરાવોના હાથમાં નહિ પણ ધારાશાસ્ત્રીઓ, અધ્યાપકો, શિક્ષકો તથા પત્રકારોના હાથમાં ગઈ હતી—જેમની નજર વહી ગએલા ભૂતકાળની પુનઃપ્રતિષ્ઠા કરવા તરફ નહિ, પણ ઉજ્જ્વળ ભાવિ તરફ મંડાએલી હતી.

['ન્યૂ સ્ટેટ્સમન ઍન્ડ નેશન'માં પ્રસિદ્ધ થએલા સરદાર કે. એમ. પણિક્કરના લેખ પરથી]



કાનપુરમાં જ્યાં અંગ્રેજ સ્ત્રી-બાળકોની કતલ કરવામાં આવેલી તે મકાન ('નૅરેટિવ ઑવ ઇંડિયન રિવોલ્ટ'માંથી)

વિદ્રોહની તવારીખ

૧૮૫૭

મે ૯ : ચરબીવાળી કારતૂસોનો ઉપયોગ કરવાના ના પાડવા માટે મેરઠની ટુકડીના ૮૫ સિપાઈઓ પર લશ્કરી ખટલો, અને દસ વર્ષની સખ્ત કેદ.

૧૦ : મેરઠની ત્રણ ટુકડીઓનો બળવો. ઉપર્યુક્ત સિપાઈઓને કેદમાંથી છોડાવીને દિલ્હી ભણી કૂચ.

૧૧ : તેમણે દિલ્હી જીતી બહાદુરશાહને બાદશાહ જાહેર કર્યો.

૧૩થી ૩૧: બળવો ફિરોઝપુર, મુઝફ્ફરનગર, અલીગઢ, નૌશેરા, ઇટાવા, મૈનપુરી, રૂરકી, ઇટા, નશીરાબાદ, મથુરા, લખનૌ, બરેલી અને શાહજહાંપુરમાં ફેલાયો.

જૂન ૧થી૫: મુરાદાબાદ, બદાઉં, આઝમગઢ, સીતાપુર, નીમચ, બનારસ અને ઝાંસીમાં બળવો.

૬ : નાનાસાહેબે કાનપુરને ઘેરો ઘાલ્યો.

૭થી૮: ઝાંસીનો કિલ્લો કબજે કરી રાણી લક્ષ્મીબાઇને રાજગાદી ઉપર પુનઃસ્થાપિત કરવામાં આવ્યાં. બાદલીસરાઇની લડાઈ અને દિલ્હી નજીકના પ્રદેશનો બ્રિટિશ દ્વારા કબજો.

૯થી૧૮: દરિયાબાદ, ફતેપુર, નવગાંવ, ગ્વાલિયર ને ફતેગઢમાં બળવો.

૨૬થી૨૭: નાનાસાહેબે કાનપુર જીત્યું.

જુલાઈ ૧ : હાથરસ અને ઇંદોરમાં બળવો.

૧૨ : ફતેહગઢ ખાતે જ્વાલાપ્રસાદ અને ટીકાસિંગ હેઠળની નાનાસાહેબની સેનાનો પરાજય.

૧૬ : કાનપુરની લડાઇ. નાનાસાહેબની સેનાની બિઠૂર તરફ પીછેહઠ.

૨૭: કુંવરસિંહે આરા જીતી લીધું.

ઑગસ્ટ ૩: બ્રિટિશે આરા પાછું મેળવ્યું.

૧૩ : જગદીશપુર આગળ કુંવરસિંહની હાર.

૧૬ : બિઠૂરમાં તાત્યા ટોપેની હાર.

સપ્ટેંબર ૧૪: દિલ્હીનો કાશ્મીરી દરવાજો અંગ્રેજોએ તોપને ગોળે ઉડાવ્યો.

૧૯ : બ્રિટિશોએ દિલ્હીના લાહોરી દરવાજાનો બુરજ કબજે કર્યો.

૨૦ : બ્રિટિશે દિલ્હી પાછું જીતી લીધું.

૨૧ : હુમાયૂંની કબર આગળ બહાદુરશાહ બ્રિટિશને શરણે થયો.

૨૨ : બહાદુરશાહના શાહજાદાઓની ધરપકડ કરી ગોળીએ દીધા.

ઑક્ટોબર૨૩: સિકંદરબાગ મારફતે મસારો કરી બ્રિટિશે લખનૌ કબજે કર્યું.

૨૬ : પાંડુ નદીના કિનારા ઉપર તાત્યા ટોપેની હાર.

૨૭ : તાત્યા ટોપેએ બ્રિટિશોને કાનપુરમાંથી હાંકી કાઢયા.

ડિસેમ્બર ૬ : કૅમ્પબેલે તાત્યા ટોપેને કાનપુરમાંથી મારી હઠાવ્યો. તાત્યા ટોપે લક્ષ્મીબાઈને જઇ મળ્યો.

૯ : કાલપીની લડાઇ; તાત્યા ટોપેની પીછેહઠ.

૧૮૫૮

માર્ચ ૫ : મેહદીહુસેન વગેરેએ ચંદાની બ્રિટિશ છાવણી પર હલ્લો કર્યો.

૨૧ : લખનૌ ઉપર બ્રિટિશોએ પૂરેપૂરો કબજો જમાવ્યો.

૨૨ : કુંવરસિંહે આઝમગઢ જીતી લીધું.

એપ્રિલ ૧ : ૨૨,૦૦૦ની સેના સહિત લક્ષ્મીબાઇની કુમકે આવતા તાત્યા ટોપેને બ્રિટિશે બેટવા નદીને કિનારે મારી હઠાવ્યો.

૫ : ઝાંસી પર બ્રિટિશનો હલ્લો. ઝાંસીનું પતન. લક્ષ્મીબાઈ કિલ્લામાંથી નાસી છૂટયા. કુંવરસિંહે આઝમગઢ આગળ બ્રિટિશને બીજી હાર આપી.

૨૩ : જગદીશપુર આગળ કુંવરસિંહે બ્રિટિશ ઉપર ત્રીજી જીત મેળવી.

૨૬ : કુંવરસિંહનું મરણ.

મે ૬ : બ્રિટિશે બહાદુરખાનના હાથમાંથી બરેલી જીતી લીધું.

૧૧ : બ્રિટિશે શાહજહાંપુરને ઘેરો ઘાલ્યો.

૨૨ : કાલપીની બીજી લડાઇ; લક્ષ્મીબાઈ, બાન્દાના નવાબ અને રાવસાહેબ (નાનાસાહેબના ભત્રીજા) હુમલો કરવામાં મોખરે.

૨૪ : કાલપીનું બ્રિટિશોના હાથમાં પતન.

જૂન ૧: રાણી લક્ષ્મીબાઇ, રાવસાહેબ અને બાન્દાના નવાબે સિંધિયાને હરાવી ગ્વાલિયર કબજે કર્યું અને નાનાસાહેબને પેશ્વા જાહેર કર્યા.

૧૭ : બ્રિટિશે ગ્વાલિયરને ઘેરો ઘાલ્યો. ગ્વાલિયરની લડાઈમાં લક્ષ્મીબાઈનું મરણ. તાત્યા ટોપે નાસી છૂટયો.

૨૦ : બ્રિટિશે ગ્વાલિયર પાછું જીતી લીધું.

ઑગસ્ટ ૧૪ : કોટડા(ઉદેપુર)ની લડાઈ અને તાત્યા ટોપેનો પરાજય.

ઑક્ટોબર ૧૯ : કુંવરસિંહના ભાઇ અમરસિંહની નેનાદી ખાતે હાર.

૧૮૫૯

જાન્યુઆરી ૨૧ : શિખરની લડાઈ, તાત્યા ટોપેનો પરાજય.

એપ્રિલ ૭ : વિશ્વાસઘાતથી તાત્યા ટોપે કેદ પકડાયો.

૧૮ : તાત્યા ટોપેને ફાંસી.



જીવન-સંદેશ

શ્રી બૃહસ્પતિના મૂળ હિંદી પરથી
અનુવાદક
ગુણવંત છો. શાહ

'દ્વૈત બુદ્ધિ જનસમાજમાં સ્વાર્થ ઉત્પન્ન કરે છે. અન્ય જીવોથી પોતાને અલગ સમજીને એ વ્યક્તિ માત્ર પોતાના જ કલ્યાણનો વિચાર કરે છે; પોતાના માટે જ લૌકિક સંપત્તિ ઇચ્છે છે. આ દૃષ્ટિ સામાજિકતાની વિરોધી છે.'

'જનગણમાં ફેલાએલી આવી અવસ્થાઓ દૂર કરવા માટે જેમના જીવનની પ્રત્યેક ક્ષણ લોકકલ્યાણ માટે સમર્પિત હોય એવા વીતરાગોની આજે જરૂર છે.'

શંકરાચાર્ય–મંડનમિશ્રના સમયની આ નાટિકામાં
ચર્ચાતો દ્વૈત-અદ્વૈતનો આ તત્ત્વબોધ આજના યુગને પણ અનુરૂપ નથી ?

(૧)

[માહિષ્મતી અને નર્મદાના સંગમ-તટ ઉપર શંકરાચાર્ય, પદ્મપાદ અને તરલિકાનો પ્રવેશ]

શંકરાચાર્ય: દેવી, અમને આચાર્ય મંડનના ઘરનો માર્ગ બતાવી શકશો?

તરલિકા: અરે! આપ મંડનમિશ્રનું ઘર નથી જાણતા! સમગ્ર ભારતમાં જેમના પાંડિત્યનું...

શંકરાચાર્ય: આચાર્ય મંડનના માહાત્મ્યથી આકૃષ્ટ થઇને જ અમે અહીં આવ્યા છીએ.

તરલિકા: તો... આપ પરદેશી છો! આપનો પરિચય આપવાની કૃપા કરશો?

શંકરાચાર્ય: લોકો મને શંકર કહે છે. આચાર્ય મંડનના દર્શનની ઉત્કંઠાથી હું...

તરલિકા: સંગમ પર હું પાણી ભરવા આવી હતી. ચાલો, હું હવે ત્યાં જ જાઉં છું.

શંકરાચાર્ય: અહીંથી કેટલેક દૂર છે?

તરલિકા: આ... સામે જ છે. આચાર્ય મંડનના માહાત્મ્યથી આ માહિષ્મતી ધન્ય થઈ છે. પિંજરમાંની મેનાઓ પણ આચાર્યશ્રીના પ્રભાવથી સંસારની નિત્યતા અને અનિત્યતા ઉપર વિચાર કર્યા કરે છે...

પદ્મપાદ: (હસે છે.)

શંકરાચાર્ય: કેમ હસ્યો, પદ્મપાદ?

પદ્મપાદ: મંડનની મેનાઓના પાંડિત્ય પર...

તરલિકા: (વ્યંગપૂર્વક) આપના આ સાથી એ મેનાઓનું પાંડિત્ય જાતે જ જોઈ શકશે.

પદ્મપાદ: રાતદિવસ કર્મકાંડીઓના મુખમાંથી સતત **'जगद् ध्रुवं स्यात्'**, સાંભળીસાંભળી એ મેનાઓ પણ એ જ વાક્યો રટવા લાગી હશે એનો મને વિશ્વાસ છે. માહિષ્મતીમાં આ રીતે રટવાને જો પાંડિત્ય કહેતા હોય...

શંકરાચાર્ય: શાન્તમ્ પાપમ્, પદ્મપાદ! સંન્યાસીને વ્યંગ ન શોભે.

તરલિકા: જ્યાં સુધી લોકો આચાર્ય મંડનને નથી મળતા ત્યાં સુધી તેમને આ જ પ્રકારનો મતિભ્રમ સતાવ્યા કરે છે.

શંકરાચાર્ય: આચાર્ય મંડનનું અપમાન કરવાનો એનો ઉદ્દેશ ન હતો. આપ શાંત થાઓ.

તરલિકા: (ક્રોધમાં) બ્રહ્મના સાક્ષાત્ અવતાર સમાન આચાર્ય મંડનનું અપમાન કરવાનું સાહસ કોનામાં છે?

પદ્મપાદ: ક્ષમા માગું છું, દેવી!

તરલિકા: અધીર ન થાઓ, મતિશ્રેષ્ઠ; અનેક અદ્વૈતવાદી સંન્યાસીઓએ અને બૌદ્ધ ભિક્ષુઓએ મિશ્રદંપતીની સન્મુખ મસ્તક નમાવીને પોતાનાં ગૈરિક વસ્ત્ર અને દંડ, તથા ચીવર અને પાત્રને તિલાંજલિ આપી છે.

શંકરાચાર્ય: આચાર્ય મિશ્રની સહધર્મિણી આર્યા ભારતી જેવી દેવીઓ સમક્ષ શ્રદ્ધાપૂર્વક મસ્તક નમાવનાર મસ્તકને ધન્ય છે. મા ભારતી અમારા માટે પ્રણમ્ય છે.

તરલિકા: એ જ આર્યા ભારતીની સખી અને સેવિકા હું છું. લ્યો, આચાર્યના પ્રાસાદનું દ્વાર આવી ગયું. થોભો જરા; અંદર જઇને હું આપના આગમનની સૂચના આપી આવું.

[થોડા સમયના વિરામ પછી ભારતી પ્રવેશે છે]

ભારતી: ભારતી અભિવાદન કરે છે.

શંકરાચાર્ય: પરબ્રહ્મ સર્વનું કલ્યાણ કરે. આર્યા ભારતીના દર્શનથી અમે ધન્ય થયા.

ભારતી: આ જ છે આપના શિષ્ય પદ્મપાદ?

શંકરાચાર્ય: તરલિકાએ ચર્ચા કરી હશે! આ વાતોથી એમને થોડોક ભ્રમ પેદા થયો છે.

ભારતી: (હસીને) તરલિકાને જ શા માટે? આપના મત પ્રમાણે તો જીવમાત્ર માયામાં જ પડેલો છે!

શંકરાચાર્ય: (હસીને) આર્યાને વાગ્વિલાસ શોભા આપે છે. આચાર્યને મારી ઉપસ્થિતિની સૂચના મળી ગઈ છે?

ભારતી: આર્યપુત્ર આપના શુભાગમનથી પરિચિત છે. તેઓ શ્રાદ્ધકૃત્યમાં વ્યસ્ત છે.

શંકરાચાર્ય: (હસીને) શ્રાદ્ધસ્થાન ઉપર સંન્યાસીનો પ્રવેશ તો...

ભારતી: (હસીને) એ વાત જવા દો. અમે તો ગૃહસ્થ છીએ. આપના સ્વાગત માટે આર્યપુત્ર તરફથી તેમની આ સેવિકા ઉપસ્થિત છે.

શંકરાચાર્ય: આચાર્ય મંડનની આદર્શ અર્ધાંગિનીનો આશ્રય એ તો અમારે સંન્યાસીઓ માટે માતાના વાત્સલ્યપૂર્ણ ખોળા જેવો છે.

ભારતી: લોકકલ્યાણ અર્થે કર્મ કરનાર સંન્યાસીઓ સમક્ષ ભારતી નતમસ્તક છે. આતિથ્યનો સ્વીકાર કરો.

(૨)

[ભારતી અને તરલિકાનો પ્રવેશ]

તરલિકા: આ પદ્મપાદ બહુ અભિમાની જણાય છે; અને શંકર તો એના યે 'ગુરુ' છે!

ભારતી: એવું નથી, ભારતી. શંકરાચાર્ય તો આ યુગની મહાન વિભૂતિ છે. માત્ર સોળ વર્ષની અવસ્થામાં જ જે વ્યક્તિ આવી જ્ઞાની અને યોગી હોય એનો જન્મ તો કોઈ મોટા કાર્ય માટે જ થયો હોવો જોઇએ.

તરલિકા: આ તે શું મોટું કામ કરવાના?

ભારતી: ભારતના સિંધુ-પ્રદેશ ઉપર વિધર્મીઓનો અધિકાર થઈ ગયો છે. સમાજનાં વિભિન્ન અંગોમાં આજે અવિશ્વાસ, અશ્રદ્ધા ને સ્વાર્થ વ્યાપી ગયો છે. દેવમંદિરોનો નાશ થવાથી જનસાધારણ હતબુદ્ધિ થઈ ગયો છે. બર્બર આક્રાંતાઓએ કાન્યકુબ્જ સુધીનો ભાગ પ્રલયના દૃશ્ય જેવો બનાવી દીધો છે. લાગે છે કે આપણે કૈંક માર્ગ ભૂલી ગયા છીએ. આપણા જીવનનો કોઈ મુખ્ય ભાગ નષ્ટ થઈ ગયો છે ને ફક્ત ખાલી ભાગને તત્ત્વ સમજી...

તરલિકા: આજે દેવીના વિચાર કૈંક....

ભારતી: આજે જ નહિ, પણ આવા વિચાર તો મારા મનમાં વર્ષોથી ઊઠે છે. જે જાતિએ જગતને દૃષ્ટિ આપી, જેના વિચારસાગરમાં અનેક મતમતાંતરોની નદીઓ વિલીન થઈ

ગઈ, જેણે અનેક વિદેશીઓને પચાવી આત્મસાત્ કરી નાખ્યા, એ જાતિ દલિત કેમ થઈ ગઈ? નક્કી આપણે કંઈક ગુમાવ્યું છે. આપણી દુર્બળતાનું એ કારણ આપણે શોધવું જ જોઈશે.

તરલિકા : તો શું શંકર આનું નિદાન કરશે?

ભારતી : સંભવિત છે.

તરલિકા : આચાર્ય મંડનમિશ્ર જે રોગનું નિદાન ન કરી શક્યા ..

ભારતી : આર્યપુત્રની વિદ્વત્તા ઉપર કોણ સંદેહ કરી શકે એમ છે? પરંતુ માત્ર શાસ્ત્રોનું જ્ઞાન ઉપયોગી નથી થતું; શાસ્ત્રોને અનુકૂળ આચરણનું જ્ઞાન પણ...

તરલિકા : તો શું આચાર્ય અને દેવી પણ શાસ્ત્રોનું વાસ્તવિક તાત્પર્ય નથી સમજતાં?

ભારતી : અમે જે કંઈ કરીએ છીએ એ શાસ્ત્રાનુકૂળ સમજીને જ કરીએ છીએ; પણ જે દૃષ્ટિથી અમે સમજીએ છીએ એ યથાર્થ છે કે નહિ? પ્રશ્ન એ છે કે શાસ્ત્રોનું તાત્પર્ય સમજવામાં અમે કંઈ ભૂલ તો નથી કરતાં ને?

તરલિકા : આ તો વિલક્ષણ વાત છે!

ભારતી : (હસીને) એમાં વિલક્ષણ શું છે? એક એક કરીને વીતતી આ શતાબ્દીઓ હમેશાં મનુષ્યનો વિકાસ તો કરે જ છે; પરંતુ ક્યારેક એ મનુષ્યને મૂંઝવી પણ દે છે.

તરલિકા : એ કેવી રીતે?

ભારતી : ગીતાનું પેલું વાક્ય ભૂલી ગઈ? કૃષ્ણ અર્જુનને કહે છે કે આ જ્ઞાન મેં વિવસ્વાનને આપ્યું; તેણે મનુને શીખવ્યું; ઇક્ષ્વાકુએ મનુ પાસેથી લીધું; એ રીતે પરંપરાપ્રાપ્ત આ જ્ઞાન રાજર્ષિઓએ જાણ્યું; પરંતુ આ જ્ઞાન ઘણા સમયથી પૃથ્વી ઉપરથી લુપ્ત થઈ ગયું છે.

તરલિકા : તો શું?

ભારતી : લાગે છે કે આ યુગમાં પણ એ જીવનદૃષ્ટિ ફરી પાછી નષ્ટ થઈ ગઈ છે. બ્રહ્મસૂત્ર, ગીતા અને ઉપનિષદો ઉપર શંકરે ભાષ્ય લખ્યું છે. આર્યપુત્રના ગુરુ આચાર્ય કુમારિલ ભટ્ટ પણ આચાર્ય શંકરની પ્રશંસા કરી ચૂક્યા છે. મને થાય છે કે વેદનું વાસ્તવિક તાત્પર્ય શું આપણા દ્વૈતવાદમાં નહિ હોય?

તરલિકા : આચાર્યની સમક્ષ મોટામોટા અદ્વૈતવાદી તો ચૂપ થઈ ગયા છે.

ભારતી : શાસ્ત્રાર્થમાં માત્ર હાર-જીતનો પ્રશ્ન નથી. પ્રશ્ન તો સત્યની વાસ્તવિક શોધનો છે. તત્ત્વબોધને સન્મુખ રાખીને જ 'વાદ' થવો જોઈએ; કારણ કે 'શાસ્ત્રાર્થ'માં તો વ્યક્તિની પ્રતિભા જીતે છે. આર્યપુત્રે સહસ્રો શાસ્ત્રાર્થોમાં વિજય પ્રાપ્ત કર્યો છે એ તો એમની વિલક્ષણ પ્રતિભાનું પરિચાયક છે, વાસ્તવિક સત્યના જ્ઞાનનું નહિ. એમનો કોઈ પ્રતિપક્ષી એમના કરતાં પણ વધુ પ્રતિભાશાળી હશે તો એ પોતાની વાત મનાવી લેશે. તર્કનો તો અંત જ નથી.

તરલિકા : શંકર સાથે શાસ્ત્રાર્થ તો થશે ને?

ભારતી : એ તો અવશ્ય થશે. પરંતુ આર્યપુત્ર દુરાગ્રહી નથી જ; અને શંકરાચાર્ય પણ હઠાગ્રહી નથી લાગતા. પરિચયના સમયે જ મેં વ્યંગ કરીને એ જોઈ લીધેલું. ભારતની આ બે મહાન વિભૂતિ જો એક નિર્ણય પર આવે તો જગતનું કલ્યાણ નિઃસંદેહ થશે જ.

(૩)

[શંકરાચાર્ય, મંડનમિશ્ર અને ભારતી]

મંડન : આપને કંઈ કષ્ટ તો નથી પડ્યું ને?

શંકરાચાર્ય : મંડનમિશ્ર જેવા સદ્‌ગૃહસ્થનું આતિથ્ય હોય પછી કષ્ટ શાનું? વળી જ્યાં દેવી ભારતીના રૂપમાં સાક્ષાત્ સરસ્વતી વિરાજમાન હોય, ત્યાં પછી...

ભારતી : (હસીને) એ તો આપની શાલીનતા છે. આપે આપની ચરણરજથી આ કુટી પવિત્ર કરી છે. અતિથિમાં સઘળા દેવતાઓનો નિવાસ હોય છે. એમાં આપના જેવા અતિથિ તો ભાગ્યશાળીને જ મળે છે. કહો, અહીં સુધી આવવાનું કષ્ટ કેમ કર્યું?

શંકરાચાર્ય : સંન્યાસીના ભ્રમણનું કારણ ભિક્ષા છે. એ માટે જ અહીં આવ્યો છું.

મંડનમિશ્ર: આજ્ઞા આપો, શી સેવા કરીએ?

શંકરાચાર્ય: એ રીતે આપને વચનથી બાંધી લેવાનું મારું તાત્પર્ય નથી. બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય રચ્યું છે મેં; એની ઉપર આપ વાર્તિક લખો એવી ઇચ્છા છે. આચાર્ય કુમારિલની અનુમતિ પછી જ હું અહીં આવ્યો છું.

મંડનમિશ્ર: ગુરુદેવની આજ્ઞા શિરોધાર્ય છે. પણ જે અદ્વૈતવાદ પર મારી આસ્થા નથી...

શંકરાચાર્ય: અદ્વૈતવાદ ઉપર આપની અનાસ્થા ન રહે એ માટે હું પ્રયત્ન કરીશ; એ પછી જ આપ વાર્તિક લખજો.

ભારતી : વેદબાહ્ય અદ્વૈતવાદ ઉપર આર્યપુત્રની આસ્થા થાય એ અસંભવિત છે.

શંકરાચાર્ય: પણ અદ્વૈતવાદ વેદબાહ્ય નથી જ.

મંડનમિશ્ર : એવું જ જો હશે તો હું સંન્યાસ ગ્રહણ કરી લઈશ!

શંકરાચાર્ય : પ્રસન્ન થવા જેવી વાત છે. જેમના જીવનની પ્રત્યેક ક્ષણ લોકકલ્યાણ માટે હોય એવા વીતરાગ સંન્યાસીઓની તો જનગણમાં ફેલાએલી અનેક અવ્યવસ્થાઓ દૂર કરવા માટે આજે આવશ્યકતા પણ છે. તો તો જેઓ માત્ર વ્યક્તિગત લૌકિક કલ્યાણ અથવા સ્વર્ગપ્રાપ્તિ અર્થે યજ્ઞાદિ કર્મ કરે છે એવા બ્રાહ્મણો માટે આપનું જીવન આદર્શ બની રહેશે.

મંડનમિશ્ર : સહેજ સ્પષ્ટ કરશો?

શંકરાચાર્ય : કેમ બુદ્ધિ સાધારણ જનસમાજમાં સ્વાર્થ ઉત્પન્ન કરે છે. અન્ય જીવોથી પોતાને અલગ સમજીને એ વ્યક્તિ માત્ર પોતાના જ કલ્યાણનો વિચાર કરે છે. પોતાના માટે જ લૌકિક સંપત્તિ ઇચ્છે છે. આ દૃષ્ટિકોણ સામાજિકતાનો વિરોધી છે.

મંડનમિશ્ર : અને અદ્વૈતવાદી?

શંકરાચાર્ય: અદ્વૈતવાદીને મન સમગ્ર જગત એ અવ્યક્ત બ્રહ્મનું વ્યક્ત સ્વરૂપ છે. એટલે તેની દૃષ્ટિમાં જગતના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ સમાએલું છે; કેમકે તે પોતે પણ બ્રહ્મથી ભિન્ન છે જ નહિ. આ મનુષ્યને એવી જીવનદૃષ્ટિ આપે છે કે પરિણામે તે લોકસંગ્રહમાં પ્રવૃત્ત થાય છે. બ્રહ્મના વ્યક્ત રૂપ એવા જગતની સેવા એ પણ બ્રહ્મની જ ઉપાસના છે.

મંડનમિશ્ર : જીવ અને બ્રહ્મની એકતાની વાત તો આપણા પ્રત્યક્ષ જ્ઞાનની વિરુદ્ધમાં પડે છે. હું પ્રત્યક્ષ રીતે અનુભવ કરું છું કે 'હું મંડનમિશ્ર છું, આપ શંકરાચાર્ય છો; આપણા બંનેમાંથી કોઈ પણ બ્રહ્મ નથી.' આમાં જીવ અને બ્રહ્મની એકતાની વાત ક્યાં...

શંકરાચાર્ય: જેને આપ 'હું' અને 'તું' કહીને બ્રહ્મથી અલગ કરો છો એ અહંભાવ વાસ્તવિક નથી, એ તો માત્ર દૃષ્ટિભ્રમ છે.

મંડન : આ તર્ક વાસ્તવિક નથી લાગતો.

શંકરાચાર્ય : વધુ સ્પષ્ટ કહું. જીવ અને બ્રહ્મના ભેદની આપ જે વાત કરો છો એનું જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા અનુભવાય છે? બ્રહ્મની અનુભૂતિ ઇન્દ્રિયોથી થઈ શકે છે? સ્પષ્ટ છે કે ઇન્દ્રિયો દ્વારા આપણે નથી 'બ્રહ્મ'ને જાણી શકતા કે નથી એની સાથેના જીવના ભેદને જાણી શકતા. બ્રહ્મ અને એની સાથેના અભેદત્વની અનુભૂતિ તો સાધના અને યોગ દ્વારા થાય છે. એટલે જ દાર્શનિકે યોગી બનવું અનિવાર્ય છે.

મંડનમિશ્ર: પ્રત્યેક વ્યક્તિ દાર્શનિક અથવા યોગી નથી થઈ શકતી; એટલે જનસાધારણ માટે શ્રુતિઓને પ્રમાણ તરીકે માનવામાં આવી છે. શ્રુતિઓ એવા પૂતાત્મા ઋષિઓના અનુભવનું તત્ત્વ છે, જેમણે યોગ દ્વારા બ્રહ્મનો સાક્ષાત્ અનુભવ કર્યો છે. આપ જીવન ને બ્રહ્મની અભિન્નતાને વેદાનુકૂળ સિદ્ધ કરી શકશો?


શંકરાચાર્ય : અવશ્ય! વેદ જીવ અને બ્રહ્મનો અભેદ જ પ્રતિપાદિત કરે છે. 'तत्त्वमसि' એ બ્રહ્મ તું છો' વગેરે વાક્ય જીવ અને બ્રહ્મની એકતા બતાવે છે.

મંડનમિશ્ર : જીવ તો અલ્પજ્ઞ છે અને બ્રહ્મ સર્વજ્ઞ. જે મહાવાક્ય આપ બોલ્યા એ વાક્ય જીવ ને બ્રહ્મની એકતા પ્રતિપાદિત નથી કરતું. આપના અર્થ પ્રમાણે તો (અનુ. પૃ. ૪૧૭મે)

લોહીનું દબાણ

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરને ફેરવે લોહી પહોંચાડતી રુધિરવાહિનીઓની કુલ લંબાઇ ૧૨,૦૦૦ માઈલ છે; જેના દ્વારા અરધી મિનિટમાં તો લોહીનું એક ટીપું હૃદયમાંથી નીકળી પગની આંગળીઓના ટેરવા સુધી ફરી આવે છે. રુધિરાભિસરણની આ ગજબની કામગીરી માટે હૃદય દિવસમાં ૧,૦૪,૦૦૦ ધબકારા મારી લોહીને આગળ ધકેલે છે. આનું નામ લોહીનું દબાણ. આનો વધારે પડતો બોજો એટલે લોહીના દબાણની બીમારી. એ બીમારી કેવી રીતે આવે છે તે આ લેખ સમજાવે છે.



હૃદયમાંથી નીકળતી મહાધમનીમાંથી શાખાઓ, પ્રશાખાઓ અને ઉપશાખાઓ ફંટાઇને બનેલી લોહીની નળીઓ આખા શરીરમાં પથરાઈ વળી છે, જ્યાં છેવટના ભાગમાં તો તે પાતળી બનતાં બનતાં માથાના વાળ કરતાં પણ સૂક્ષ્મ બને છે. એવી છેલ્લી બારીક નળીઓ સુધી લોહી ફરતું રાખવા માટે હૃદય ને મોટી ધમનીઓમાં લોહી દબાણપૂર્વક વહે છે. લોહી ચીકણું પ્રવાહી છે અને બારીક નળીઓમાં તેને ઘર્ષણના અવરોધનો મોટો સામનો કરવો પડે છે. એ અવરોધને ઓળંગવા કાજે મોટી ધમનીઓમાં લોહી ખૂબ દબાણથી વહે છે. આ છે "લોહીનું દબાણ" (બ્લડ પ્રેશર). બીજી રીતે કહીએ તો હૃદયમાંથી શરીરના બીજા ભાગોમાં લોહી લઈ જતી મોટી ધમનીઓમાં રહેતું દબાણ એ લોહીનું દબાણ છે. એ દબાણ વગર લોહી ધમનીઓના અંતિમ છેડા રૂપ કેશવાહિનીઓ સુધી પહોંચી ન શકે અને કરોડો કોષોને પોષણ ન મળે. હૃદય, મગજ, ગુરદા ને બીજા અવયવોમાં લોહીનો પ્રવાહ ચાલુ રાખવા આ દબાણનું જોર આવશ્યક છે.

આમ લોહીનું દબાણ એ જિંદગીનો થડકો છે, જે હાથના અંગૂઠાના મૂળ આગળ નાડી રૂપે જોવામાં આવે છે. એ આખી જિંદગી પર્યંત ટકે છે અને મૃત્યુ સમયે જ બંધ પડે છે. શરીરની જરૂરિયાતોને પહોંચી વળવા માટે દિવસભરમાં ડઝનેક વખત એ દબાણમાં મોટી વધ-ઘટ થાય છે. ક્રોધ અને ભય વખતે દબાણ વધે છે જે શાંતિ થતાં પાછું સમધારણ બને છે. ખાધા બાદ વધે છે તો ઊંઘમાં ઘટે છે; પણ ખલેલ પહોંચાડનારાં સ્વપ્નો વખતે વધે છે. કામધંધો શરૂ કરતાં પહેલાં સવારમાં તે ઓછું હોય છે તો ચિંતા-ફિકર વખતે વધે છે. ગરમ પાણીએ સ્નાન બાદ તે ઊતરે છે તો વ્યાયામ કે સખત કામ બાદ વધે છે. દારૂના વ્યસનીમાં તે ઓછું હોય છે તો તમાકુના વ્યસનીમાં વધારે. આનંદ, ભય, ક્રોધ ને ઉશ્કેરાટ વખતે દબાણ વધે છે. આ સંવેદનાઓની માત્રાને વધારે વધવા સાથે સંબંધ નથી.

લોહીના દબાણને અંકુશમાં રાખવા માટે કેટલીક કરામતો છે. ભય કે ક્રોધ વખતે ગુરદા ઉપર આવેલી ઍડ્રેનલ ગ્રંથિઓમાંથી ઍડ્રેનલીનનો સ્રાવ થાય છે. આનાથી ધમનીઓ સંકોચાય છે ને લોહીનું દબાણ વધે છે. ગળાની બંને બાજુએ કૅરોટિડ સાયનસ નામે બે ખાનાં, માથામાં જતી મુખ્ય ધમની પહોળી બનીને, બનેલાં છે. આ ખાનાં જ્યારે લોહીથી ભરાએલાં હોય ત્યારે જ્ઞાનતંતુઓના સંદેશા મગજમાં જતાં મગજની ધમનીઓની દીવાલો પહોળી થાય છે અને હૃદયની ગતિ ધીમી પડે છે. પરિણામે દબાણ ઘટે છે. ખાનાં જ્યારે લોહી વિનાનાં બને છે ત્યારે હૃદયની ગતિ ઝડપી બને છે, ધમનીઓની દીવાલો સંકોચાય છે ને દબાણ વધે છે.



સ્ફિગ્મોમેનોમીટર

આમ શરીરના વ્યવહાર પ્રમાણે લોહીના દબાણની વધ-ઘટ થવી એ સ્વાભાવિક છે. આરામ મળતાં દબાણ પાછું સમધારણ બને છે. દબાણનો આ જોસ 'લોહીના દબાણ'ના નામે આંકડાઓમાં માપવામાં આવે છે.

દબાણને અને શરીરના કદને કંઈ સંબંધ નથી. જાડા ને પાતળા શરીરમાં તે એકસરખું રહે છે. શરીરમાં લોહીના ભ્રમણ માટે હૃદયને કેટલું સખત કામ ઉપાડવું પડે છે એ લોહીના દબાણના માપથી જાણવા મળે છે. આરામ સમયે પણ હૃદય અને લોહીની નળીઓ ઉપર પડતા બોજાનો એનાથી ક્યાસ નીકળે છે.

હૃદયને કામ કરતાં ઉપાડવા પડતા બળનું માપ શી રીતે જાણવા મળે? આ જાણવા દાક્તર રોગીના બાવડા પર કાપડનો પટ્ટો બાંધે છે. પછી એમાં હવા પૂરે છે જેથી હાડકાં સાથે દબાતી હાથની મુખ્ય ધમનીમાં લોહી આવતું બંધ થાય છે. આ જાણવા દાક્તર કાંડાની નાડી તપાસે છે. લોહી આવતું બંધ થવાથી નાડી પણ અદૃશ્ય થાય છે. પછી દાક્તર પટ્ટાની હવા ધીમેથી ઓછી કરે છે. પરિણામે, ધમની ઉપરનું દબાણ ઘટતાં એમાં લોહી આવવા માંડે છે. કોણીના આગલા ભાગ પર સ્ટેથોસ્કૉપ મૂકી દાક્તર ધમનીમાં આવતા લોહીનો પહેલો ધબકાર સાંભળે છે. આનું નામ 'સિસ્ટોલિક પ્રેશર' (systolic pressure) –હૃદય સંકોચાય તે વખતનું ધમનીઓમાંનું વધારેમાં વધારે દબાણ. પુખ્ત વયના માનવીમાં તે ૧૨૦, ૧૩૦ કે ૧૪૦ મિલિમીટર હોય છે.

પછી દાક્તર પટ્ટાની હવા વધારે છૂટી કરે છે, ને જ્યારે ધમનીમાં ધબકારા સંભળાવા બંધ પડે છે તે વખતના દબાણની નોંધ લે છે. આ ડાયાસ્ટોલિક પ્રેશર (diastolic pressure). આ વખતે હૃદય બીજી વખત સંકોચાતાં અગાઉ સેકન્ડના થોડા ભાગનો આરામ લે છે. હૃદયના બે ધબકારા વચ્ચેનું ધમનીનું આ ઓછામાં ઓછું દબાણ છે. તંદુરસ્તીમાં આ આંકડો ૮૦થી ૯૦ મિલિમીટરનો છે. લોહીના દબાણમાં આ આંકડો મહત્ત્વનો છે. હૃદય આરામ કરતું હોય ત્યારે પણ પોતા ઉપર પડતા બોજાને એ પ્રદર્શિત કરે છે. ખરી રીતે ડાયાસ્ટોલિક દબાણ એ હૃદયને મળતા આરામના પ્રકારનું માપ છે. બંને દબાણના આંકડા ૧૩૦/૯૦ આ રીતે લખાય અને બોલાય છે. પહેલો આંકડો સિસ્ટોલિક દબાણનો ને પછીનો ડાયાસ્ટોલિકનો.

લોહીના દબાણનું આ માપ દર્શાવતા યંત્રનું નામ સ્ફિગ્મોમેનોમીટર(Sphygmomanometer)છે.લોહીના ભ્રમણની બીના અંગ્રેજ દાક્તર વિલિયમ હાર્વેએ ઈ. સ. ૧૬૨૮માં શોધી; પણ લોહીના દબાણની હકીકત ઈ. ૧૭૩૨માં શોધાઈ. એ વરસમાં Stephen Hales (સ્ટિફેન હેઇલ્સે)કતલખાના માટે નિર્માએલા એક ઘોડાની ધમની કાપી એમાં પિત્તળની નાની નળી મૂકી એની સાથે કાચની નળી જોડી. ઘોડાની ધમનીનું લોહી કાચની નળીમાં ૮ ફૂટ ને ૩ ઈંચ ઊંચું ચડયું. આ લોહીનું દબાણ દર્શાવનારી બીના હતી. આ પછી બીજા વિજ્ઞાનીઓએ લોહીના દબાણના માપ માટે થોડા માણસોને ધમની ખોલી પ્રયોગ માટે તૈયાર કર્યા. જર્મન અને ફ્રેન્ચ શોધકોએ બહારથી દબાણ માપતાં સાધનો શોધવા માંડ્યાં. પણ આ માટેનું પહેલવહેલું યંત્ર ઈ. સ. ૧૮૯૬માં ઇટાલીના ડૉ. રિવા રૉક્કી(Riva Rocci)એ શોધ્યું.

આ સાધન વતી નવજાત શિશુનું લોહીનું દબાણ માપતાં સિસ્ટોલિક દબાણનો આંક ૨૦થી ૬૦ પણ સરાસરી ૪૦ મિલિમીટર છે. જે પહેલા મહિને વધીને ૮૦ મિ. મી. થાય છે, છ મહિને ૮૯/૬૦ અને ચાર વર્ષે ૧૦૦/૬૭ હોય છે. યૌવનારંભ સુધી આ આંક થોડોથોડો વધે છે. પુખ્ત યૌવનાવસ્થા અને સ્ત્રીઓમાં ઋતુસમાપ્તિ વખતે તે વધારે વધે છે ને ૮૫ની વય બાદ ઘટે છે. પુરુષ કરતાં સ્ત્રીમાં દબાણનો આંક ચાર કે પાંચ મિ. મી. ઓછો રહે છે, પણ ઋતુસમાપ્તિ વખતે પુરુષની સરાસરી જેટલો થાય છે. બન્ને અડકાવ વચ્ચે દબાણ નીચું હોય છે પણ અડકાવ દરમિયાન વધે છે. પ્રસુતિ પછી ઘટે છે તો સ્તન્યપાન શરૂ કરતાં પાછું વધે છે. વળી પુરુષ કરતાં સ્ત્રીઓ લોહીનું ઊંચું દબાણ સારી રીતે જીરવી શકે છે, અને એના કારણે થતાં મરણોમાં પુરુષો કરતાં એમનું પ્રમાણ થોડું રહે છે. જે વ્યક્તિને દબાણનો આંક ૧૨૦/૭૦થી ઓછો હોય છે તેમને કદી લોહીના ઊંચા દબાણનો રોગ થતો નથી, જ્યારે જેમના ડાયાસ્ટોલિક દબાણનો આંક ૮૫ મિ. મી. ઉપર હોય છે તેમને ચોક્કસ લોહીનું ઊંચું દબાણ કાયમ થાય છે.

પ્રચલિત માન્યતા હતી કે વ્યક્તિની ઉમર વધતાં સિસ્ટોલિક દબાણ વધે છે અને વ્યક્તિની ઉમરમાં સો ઉમેરતાં આવતો આંક એ સિસ્ટોલિક દબાણનો ઇષ્ટ અંક ગણવો. પણ આ ગણતરી વજુદ વિનાની ઠરી છે. સાઠ ઉપરના ઘણા માણસોનું સિસ્ટોલિક દબાણ ૧૨૦ મિ. મી. હોય છે. પચાસ-પંચાવનની આસપાસ વાળ ધોળા ન થાય કે માથે તાલ ન પડે એવી આ ખુશનસીબી છે. પુખ્ત વયે પ્રાપ્ત થએલું દબાણ ઉમર વધતાં ન વધે એ આરોગ્યની નિશાની છે. ઇષ્ટ દબાણનો આંક જાણવા માન્ય ગણતરી આ પ્રમાણે છે: પુરુષ માટે: ૧૦૮ના આંકમાં વ્યક્તિની (૨૦થી ૬૦ વર્ષની ઉમરની) અરધી ઉમર ઉમેરતાં આવતો આંકડો એ સિસ્ટોલિક દબાણનો ઇષ્ટ અંક છે. ડાયાસ્ટોલિક દબાણ માટે ૭૬ના આંકડામાં વ્યક્તિની ¼ ઉમરનો આંક ઉમેરવો.

સ્ત્રી માટે: ૧૦૨ના આંકમાં સ્ત્રીની ઉમરનો અરધો આંકડો ઉમેરતાં સિસ્ટોલિક દબાણનો આંક નીકળે છે. ૭૨ના આંકમાં સ્ત્રીની ઉમરનો ¼ આંકડો ઉમેરતાં ડાયાસ્ટોલિક દબાણનું માપ આવે છે. વ્યક્તિની વય અનુસાર લોહીના દબાણના નક્કી થયેલા ઇષ્ટ અંકોનો કોઠો આ સાથે રજૂ કર્યો છે.

ઉમર વર્ષ	સિસ્ટોલિક દબાણ	ડાયાસ્ટોલિક દબાણ
૧૦	૧૦૦	૬૦
૧૩	૧૦૪	૬૪
૧૪	૧૦૬	૬૮
૨૦	૧૧૮	૭૮
૨૫	૧૨૦	૮૦
૩૦	૧૨૨	૮૨
૩૬	૧૨૪	૮૪
૪૦	૧૨૭	૮૬
૪૫	૧૩૦	૮૮
૫૦	૧૩૩	૯૦
૫૫	૧૩૮	૯૨
૫૫થી ૬૪	૧૫૦	૯૬ થી ૧૦૦
૬૫ થી ઉપર	૧૫૪	૧૦૦ થી ૧૦૫

નોંધ: પુખ્ત વયના પુરુષ માટે ૧૧૦થી ૧૫૦ સિસ્ટોલિક અને ૭૦થી ૧૦૫ ડાયાસ્ટોલિક દબાણ તંદુરસ્ત લેખવામાં આવે છે. આનાથી ઉપરનો આંકડો રોગાવસ્થા દર્શાવે છે.

વ્યક્તિની વય અનુસાર આ આંકડામાં વધઘટ એ લોહીના દબાણની રોગાવસ્થા સૂચવે છે. સામાન્ય રીતે માણસો સિસ્ટોલિક દબાણના ઊંચા આંકને લોહીના ઊંચા દબાણ તરીકે ઓળખાવે છે. પણ ખરી રીતે તો ડાયાસ્ટોલિક દબાણનો આંકડો રોગાવસ્થા દર્શાવનારો છે. હૃદય જ્યારે સેકંડના અંશોનો આરામ ભોગવવાનું હોય ત્યારે પણ એના પર પડતા બોજાથી ડાયાસ્ટોલિક દબાણનો આંક ઊંચો રહે છે.

લોહીનું ઊંચું દબાણ

ઇષ્ટ પ્રમાણ કરતાં લોહીના દબાણનો વધારે આંક એ 'હાઈ બ્લડ પ્રેશર' કે 'હાઇપરટેન્શન'(Hypertension)ની રોગાવસ્થા છે. લોહીનું ઊંચું દબાણ એ તો માત્ર ચિહ્ન છે. એના કારણ રૂપ તો બીજી રોગાવસ્થાઓ છે. એક કારણ તો ગુરદા ઉપરની ઍડ્રિનલ ગ્રંથિનું ગડ (ગૂમડું) છે. શસ્ત્રક્રિયા વડે એ દૂર કરવાથી દબાણ સ્થિર થાય છે.

બીજાં કારણોમાં ગુરદાના રોગો અને સગર્ભાવસ્થાની વિષરિક્તતા (toxœmia of pregnancy) છે.

આવાં કારણોસર થતું લોહીનું ઊંચું દબાણ ફક્ત દસ ટકા રોગીઓમાં માલૂમ પડે છે. બાકીના નેવું ટકા રોગીઓમાં કોઈ દેખીતા કારણ વિના લોહીના દબાણનો આંક ઊંચો રહે છે. આને ઈસેન્શિયલ હાઈપરટેન્શન (essential hypertension) કહેવામાં આવે છે. રોગનો બીજો તીવ્ર પ્રકાર મૅલિગ્નન્ટ હાઈપરટેન્શન(malignant hypertension)નો છે. આમાં ચિહ્નો ઉગ્ર અને રોગનો હુમલો ઝડપી હોય છે, ઇસેન્શિયલ હાઇપરટેન્શન કરતાં દબાણનો આંક ઊંચો રહે છે ને જીવનનો અંત વહેલો આવે છે. રોગ થયા પછી રોગી ભાગ્યે જ બે વર્ષ જીવી શકે છે.

ઇસેન્શિયલ હાઈપરટેન્શન થવાનાં નૈમિત્તિક કારણો છે. એક તો કૌટુંબિક કારણ. આ વ્યાધિ કાંઈ વારસામાં ઊતરતો નથી, પણ કુટુંબના વંશજોમાં આ રોગ ચાલ્યો આવતો જોવામાં આવે છે. બીજું કારણ શારીરિક છે. પહોળી છાતી, ઠીંગણું શરીર, આખલા જેવી ટૂંકી ગરદન ને જાડા બાંધાના માણસો આ રોગથી પીડાવાનો સંભવ છે. જોકે પાતળા બાંધાનાં સ્ત્રીપુરુષો પણ આ રોગથી પીડાય છે તો ખરાં.

શરીરના વધારે પડતા વજન સાથે લોહીનું ઊંચું દબાણ જોડાએલું છે. કેટલાક લોકોમાં તો રોગના ભોગ થઈ પડાય એવું શરીર કારણરૂપ

છે. માનસિક કે બીજી ઉત્તેજનાના પરિણામે પણ લોહીનું દબાણ કામચલાઉ ઊંચું જવા સંભવ રહે છે, જે, ઉત્તેજના શમતાં પાછું સમધારણ થવું જોઇએ. પણ આવી વ્યક્તિઓમાંથી મોટા ભાગનીને વીસ પચ્ચીસ વર્ષ બાદ લોહીનું દબાણ કાયમી બની રહે છે. ત્રીજું મહત્ત્વનું કારણ જીવનને અનુરૂપ થવાની બિનઆવડત છે.

ઉત્તેજના કે આવેશના પરિણામે કામચલાઉ વધેલું લોહીનું દબાણ સ્થિર કરનાર આપણું જ્ઞાનતંત્ર છે. આ તંત્રમાં ખટકો આવી પડતાં લોહીનું ઊંચું દબાણ દેખા દે છે. જ્ઞાનતંત્રમાં ખટકો આણનાર માનસિક બોજો (stress) કે વિષાદ છે. ચિંતા, ભય, કામનો બોજો, ધંધાની ફિકર, ઉદ્વેગ, ઉશ્કેરાટ વગેરે આવેશો વિષાદ ઉપજાવનાર છે. એ વિષાદથી મન પર માઠી અસરો થઇને ઍડ્રિનલ ગ્રંથિઓનો સ્રાવ વધે છે, જેથી ધમનીની દીવાલો સંકોચાઇને લોહીનું દબાણ વધે છે. અત્યારના જમાનામાં જીવનનું હીર ચૂસી લેતી જીવન જીવવા અંગેની ચિંતાઓ અદના ખેડૂથી માંડી સાધારણ કારકુન–અમલદાર અને દરેક જણને ક્યાં નથી સતાવતી હોતી? જ્યાં સંસ્કૃતિનું ધોરણ ઊંચું ત્યાં જીવનવિગ્રહ એટલો જ કપરો હોય છે. આ સનાતન સત્યને જે પ્રમાણમાં જીરવતાં ન આવડે એટલી જીવનને અનુરૂપ થવાની બિનઆવડત છે.

વિષાદ કાયમ રહે તો લોહીનું દબાણ ઊંચું રહ્યા કરે છે. આથી હૃદય ને ધમનીઓ પર વધારાનો બોજો આવી પડે છે. એ બોજાને પહોંચી વળવા હૃદયની માંસપેશીઓ કદમાં વધે છે, એટલેકે હૃદય મોટું (enlargement of heart) બને છે. વધારે ભાર ઊંચકવા માટે ગાડાને બળદની બીજી જોડ જોડવામાં આવે એવું આ છે. ધમનીઓની રબર જેવી સ્થિતિસ્થાપકતા આથી નાશ પામે છે, તે જરઠ અને અસ્થિતિસ્થાપક બને છે, તેમાં ચૂનાના થર જામે છે. કોઈ જૂનાપુરાણા ઘરમાંની લોઢાની નળીઓમાં ચડેલા કાટને લીધે ગમે તે ઘડીએ પાણી વહેતું બંધ થાય એના જેવી દશા રુધિરાભિસરણના અવયવોની બને છે.

ચિહ્નો

વારુ; તો લોહીના આ વધેલા દબાણનાં બાહ્ય ચિહ્નો શાં શાં? એ ચિહ્નો ધીમેધીમે દેખા દે છે. ૧૮૦ થી ૨૦૦ મિલિમીટર સિસ્ટૉલિક સુધી વધેલું દબાણ હોવા છતાં ય કોઈ પણ દેખીતાં ચિહ્ન કે બેચેની વિના વ્યક્તિ વરસો સુધી જીવન ગુજારે છે. એના આરોગ્ય કે કામગરા જીવન માટે અગવડ ઊભી થતી નથી. આ કેમ બનતું હશે? જવાબ આટલો જ, કે વધેલા દબાણને અનુકૂળ રહીને લોહીની નળીઓ કામ કરતી હોવાથી કોઈ બાહ્ય ચિહ્ન કે બેચેની ઊભાં થતાં નથી.

લોહીના ઊંચા દબાણનાં બાહ્ય ચિહ્નોમાં મુખ્ય માથાનો દુખાવો છે. સવારમાં તે શરૂ થઈ બપોરના મટી જાય છે. માથાના કોઈ પણ ભાગમાં તે હોઈ શકે; પણ પાછલા ભાગમાં ખસૂસ થાય છે. આ દુખાવો રોજનો પણ હોય યા અવારનવાર પણ થઈ આવે. બીજાં ચિહ્નોમાં થાક, ચીડિયો સ્વભાવ, કાનમાં તમરાં બોલવાં, છાતીમાં પીડા થવી, શ્રમભર્યાં કામ કે દોટ પછી હાંફ, અપચો વગેરે છે. આ ઉપરાંત છાતીમાં દુખાવો ને હૃદયના વધેલા ધબકારા ભયભરેલાં ચિહ્નો છે. જોવાની શક્તિનો હ્રાસ કે આંખ આગળ તમરાં ઊડતાં દેખાવાનાં ચિહ્નો પણ હોય છે. ચિહ્નોના પ્રકાર ને ઉગ્રતાનો આધાર રોગની મર્યાદા અને ઉગ્રતા ઉપર છે.

પણ બને છે એવું કે આવાં મામૂલી ચિહ્નો માટે કોઈ દાક્તરી તપાસ માટે જતું નથી અને લોહીનું વધેલું દબાણ સારવાર વિના કાયમ રહે છે. પરિણામે સતત દબાણ રાખવાના પ્રયત્નોમાં હૃદય ભાંગી પડે છે; અગર તો 'કટાએલી' ધમની મગજમાં તૂટવાથી એપોપ્લેક્સી આવી જાય છે. આંખમાં જો આવું થાય તો અંધાપો આવે છે! ગુરદાની લોહીની નળીઓમાં બગાડો થાય તો ગુરદાનો વ્યાધિ થઈ આવે છે, અને જો હૃદયની ધમનીમાં લોહી જામી જાય તો લોહી વહેતું બંધ થઇને કૉરૉનરી થ્રૉમ્બોસિસની સ્થિતિ આવી પડે છે. આમ,લોહીનું સતત ઊંચું દબાણ શરીરમાં આ ત્રણ મુખ્ય અવયવો–મગજ, હૃદય ને ગુરદામાં–વિકૃતિ (કૉમ્પ્લીકેશન્સ) ઉપજાવે છે. એ વિકૃતિ વધતાં છેવટે હૃદયનો હુમલો (૬૦ ટકા), એપોપ્લેક્સી (૨૦ ટકા) ને ગુરદાની નિષ્ક્રિયતા થતાં યુરેમિયાની મૂર્છાવસ્થામાં પરિણમે છે. આ ત્રણે વિકૃતિઓ મોટા ભાગે પ્રાણહર કે અપંગ બનાવનાર નીવડે છે.

આજથી પચાસ વરસ અગાઉ લોહીના ઊંચા દબાણનું **મહત્ત્વ** સમજાયુંનહતું.પણએના અંતિમ પરિણામરૂપ પેદા થએલાં એપોપ્લેક્સી, હાર્ટફેઈલ્યોર અને ગુરદાની નિષ્ક્રિયતા વિષે સારી જાણકારી હતી. પછી લોહીનું દબાણ માપવાની રીત અખત્યાર થવાથી માલૂમ પડયું કે વર્ષો સુધી લોહીના ઊંચા દબાણની સ્થિતિ કાયમ રહેવાના પરિણામે જ ઉપર દર્શાવેલી ભયાનક માઠી અસરો થઈ આવે છે. એમાં નાની ધમનીઓ અને તેની શાખાઓમાં જે લોહીની નળીઓની કઠણાઈ ઉત્પન્ન થાય છે તેને 'આર્ટેરિયો-સ્ક્લેરૉસિસ' (Arterio-sclerosis) કહે છે. આમાં નળીઓનો માર્ગ સાંકડો બને છે. કોક નાની ધમનીનું કાણું એવું તો પુરાઈ જાય છે કે તે દોરડી જેવી નક્કર બની જાય છે. પરિણામે લોહીના દબાણમાં વધારો થતો જ રહે છે. લોહીની નળીઓનો આ બગાડો આંખની ધમનીઓમાં તો સ્પષ્ટ જોઈ શકાય છે. હૃદયની લોહીની નળીઓમાંનો બગાડો હૃદયશૂળના રૂપમાં રોગી અનુભવે છે. આ બગાડો રોકવાનાં ઔષધો હવે શોધાયાં છે, જે વડે હૃદય અને ધમનીઓ પરનો બોજો હળવો કરી લોહીના ઊંચા દબાણના વ્યાધિને ધીમો પાડી કે પલટી શકાય છે.

લોહીનું ઊંચું દબાણ એ પોતે 'રોગ' નથી પણ શરીરમાં છુપાએલાં કારણોનું એ ચિહ્ન માત્ર છે. આ કારણોની દેખીતી કોઈ જાણ થતી નથી તેથી સામાન્યતઃ લોહીના દબાણની સ્થિતિ જાણવા રોગી દાક્તર પાસે આવતો પણ નથી. માત્ર વીમાની શારીરિક તપાસ વખતે આ સ્થિતિની આકસ્મિક જાણ થાય છે, અગર તો માથાનો સતત દુખાવો અનિદ્રા, થાક કે હાંફની ફરિયાદ વખતે શારીરિક તપાસમાં દાક્તર આ ફરિયાદોના કારણરૂપ લોહીના ઊંચા દબાણની સ્થિતિ જાહેર કરે છે.

લોહીનું દબાણ એક જ વાર માપવાથી એનો યથાર્થ ખયાલ આવતો નથી. ચિંતા, ભય, ઉદ્વેગ, ઉશ્કેરાટ ને એવી મનની લાગણીઓ હેઠળ એનાં ખોટાં માપ આવે છે. આથી દિવસના જુદાજુદા સમયે એનાં એકથી વધારે વખત માપ લીધા બાદ તેમાં આવતો ઓછામાં ઓછો આંક જ લોહીના દબાણના માપ તરીકે સ્વીકારવાનો છે. સામાન્યરીતે સિસ્ટૉલિક દબાણનો આંક ૯૦ થી ૧૨૫ મિ.મી નો છે. જુવાન આદમીમાં જો આ આંક ૧૪૦ મિ.મી.નો હોય તો ભવિષ્યમાં તે હાઇપરટેન્શનના વ્યાધિની (લોહીનુ ઊંચું દબાણ થવાની) આગાહી રૂપ છે. ડાયાસ્ટૉલિક દબાણનો આંક વધીને ૧૪૦ કે ૧૬૦ મિ.મી. થાય ત્યારે રોગીને મટવાની કોઈ આશા રહેતી નથી. સિસ્ટૉલિક અને ડાયાસ્ટૉલિક આંક વચ્ચેનો તફાવત 'પલ્સ પ્રેશર (pulse pressure) કહેવાય છે. સામાન્યરીતે આ આંકડો ૫૦ મિ. મી.નો છે. ડાયાસ્ટૉલિક દબાણ વધતાં આ આંકડામાં થતી ઘટ એ રોગની ઉગ્રતા દર્શાવે છે.

કારણો અને ઉપચાર

લોહીના ઊંચા દબાણની પાછળ રહેલાં કારણો સાવ અછતાં રહ્યાં છે એવું પણ નથી. એક જાણીતું છતાં અગમ્ય રહેતું કારણ જ્ઞાનતંત્ર છે. જ્ઞાનતંત્રનો ઉશ્કેરાટ લોહીનું દબાણ ઊંચું આણનાર છે. આધુનિક જમાનાનો ઘસારો ને બોજો (stress and strain of life) અને જીવનના

દરેક ક્ષેત્રમાં ઝડપ એ લોહીનું દબાણ વધારનાર બાબત છે. પણ આજના સરખા બોજા નીચે જીવનારા દરેકને લોહીનું દબાણ વધતું નથી. વધે છે માત્ર એ વ્યાધિ પ્રત્યે વલણ ધરાવનારને. એવા લોકોએ સંજોગો અનુસાર જીવન જીવતાં શીખવાનું છે કે જેથી ઘસારાનો બોજો નુકસાન ન ઉપજાવે, અને જીવન સુખકર તથા સરળ થઈ પડે.

આ માટે જરૂર છે વિશિષ્ટ પ્રકારની જીવનદૃષ્ટિ કેળવવાની. મનને શાંત અને સ્વસ્થ રાખતાં શીખવું. વૃત્તિઓની ચંચળતા ઓછી કરવી. વાસનાઓ ઉપર સંયમ કેળવવો. મહાત્વાકાંક્ષાઓને મર્યાદિત કરવી. લોલુપતા, લોભ અને ક્રોધ ઉપર કાબૂ આણવો. ટૂંકામાં ગીતાભાખ્યા ઉપદેશોને જીવનની દરેક પળે વર્તનમાં ઉતારતાં શીખવું.

दु:खेष्वनुद्विग्नमना: सुखेषु विगतस्पृह: ।
वीतरागभयक्रोध: स्थितधीर्मुनिरुच्यते ॥
विहाय कामान्य: सर्वान्पुमाँश्चरति नि:स्पृह: ।
निर्ममो निरहङ्कार: स शान्तिमधिगच्छति ॥

(દુ:ખમાં બેચેન ન થવું, સુખ વખતે સ્પૃહા વિહોણા બની રહેવું, રાગ ભય ને ક્રોધથી રહિત થવું; જે પુરુષ સર્વ કામનાઓનો ત્યાગ કરી સ્પૃહા, મમતા અને અહંકાર રહિત થઇને વિચરે છે તે શાંતિ પામે છે.) આ મન:શાંતિ પ્રાપ્ત કરનારને ચિંતા, આવેશ આદિ કદી પીડતાં નથી.

લોહીનું ઊંચું દબાણ રહેવા છતાં ય કેટલાક રોગીમાં વર્ષો સુધી લોહીની નળીઓમાં બગાડો થતો નથી. પણ લોહીની નળીઓમાં એ નુકસાન પહોંચ્યું હોય ત્યારે ખોરાકમાં જાળવવાનું છે. પહેલાં તો ખોરાકમાંથી મીઠું બંધ કરવું. મીઠું બંધ કરવાથી સેંકડે વીસથી ત્રીસ ટકા માણસોને લોહીનું દબાણ ઘટવાની સાથેસાથે લોહીની નળીઓમાં પણ સુધારો થાય છે. મીઠું સદંતર બંધ કરવાની જરૂર નથી, પણ ૫૦૦ મિલિગ્રામ (એક ચમચીના દસમા ભાગ) જેટલું આખા દિવસમાં લઈ શકાય. પણ મીઠા વગર લાંબો વખત નભવું મુશ્કેલ છે. ભૂખમરો લાગવાનો સંભવ છે. આ વખતે ખારાંખાટાં ફળો ને શાક ખાવાથી મીઠાની ભૂખ ભાગે છે. છ અઠવાડિયાં સુધી મીઠા વગરનો ખોરાક ખાધાથી એનાથી થતા ફાયદાની જાણ થાય છે.

મીઠાની જેમ મસાલા ને ચરબી પણ તાજ્ય છે. મસાલા-ભરપૂર તીખી અને તમતમતી રસોઈ ન ખાવી. મિષ્ટાન્નથી પણ વેગળા જ રહેવું. જેટલી બને તેટલી ચરબી ઓછી કરવી. મલાઈ કાઢી લીધેલું દૂધ જ ખાવાનો આગ્રહ રાખવો. અકરાંતિયાપણે કદી ન ખાવું. અઠવાડિયામાં બે એકટાણાં ને પખવાડિયે એક નકોરડો ઉપવાસ કરવો. વજન ન વધે તેની તકેદારી રાખવી. ચાલીસની વય બાદ પેટની ફાંદ વધવા માંડીને વજન વધે છે. પેટ ભરીને ખોરાક ને શ્રમવિહીન જીવન આ બે કારણોથી આમ બને છે. માટે અકરાંતિયાપણે ખાવાની ટેવ તો ખોટી જ છે.

હવે દારૂ અને તમાકુના વ્યસન વિષે. દારૂથી જોકે જ્ઞાનતંત્રની ખેંચ ઢીલી પડે છે અને પીધા બાદ એકબે કલાક દબાણ થોડું નીચું ઊતરે છે. પણ તેથી આ માટે કંઈ દારૂ પીવાની ટેવ પાડવાની જરૂર નથી. વસ્તુત: આ વિધાન તો વ્યસનીને ઉદ્દેશીને લખાએલું છે. તેણે વ્યસનમાં ખાસ મિતાહારી થવાનું છે. તમાકુની માઠી અસરો ધમનીઓ પર થાય છે. થોડી મિનિટોના ધૂમ્રપાન બાદ હાથની નાની ધમનીઓ સંકોચાવાથી હાથ ઠંડા પડવા સાથે લોહીનું દબાણ ઊંચું વધે છે. માટે રોગીએ તમાકુનું વ્યસન તો છોડવું જ સલાહભરેલું છે.

આહારની જેમ આરામની બાબતમાં જાળવવું. બપોરના ભોજન બાદ થોડો આરામ જરૂરી જ છે. એ જ રીતે ચારપાંચ કલાકના કામ-ધંધા બાદ પણ એકાદ કલાકનો આરામ લેવો. આરામ એટલે લાંબા થઇને સૂઈ રહેવું તે. સૂતી વખતે અંગો અને સાંધાઓને ઢીલાં બનાવી દેવાં. કૂતરાં અને બિલાડાંને કદી સૂતેલાં જોયાં છે ખરાં? આ વખતે એમનાં અંગો કેવાં ઢીલાં અને ઢળેલાં હોય છે? મન શાંત હોય તો જ શરીરનાં ગાત્રો ઢીલાં બને છે, નહિ તો તંગ રહે છે. માટે અંગોને શિથિલ (relax) બનાવીને સૂવાની ટેવ પાડવા જેવી છે. આ રોગ માટે શારીરિક અને માનસિક આરામ તો અતિઘણો ઉપયોગી છે. અવારનવાર પથારીમાં આખો દિવસ પડી રહેવું એ ઉપચારનું મહત્ત્વનું અંગ છે. અઠવાડિયામાં એક વાર ને વરસમાં એકાદ માસ ધંધાને પડતો મૂકી મનને શાંતિ અને શરીરને તાજગી આપે એવા સ્થળે જઈ આરામ લેવો હિતાવહ છે. દિવસના આરામની જેમ રાતની સ્વસ્થ ને શાંત નિદ્રાની પણ ખાસ જરૂર છે. આ રોગીને જોકે અનિદ્રા સતાવે છે. એ માટે ઉન્મત્ત જ્ઞાનતંત્રને શાંત પાડવા માટેની શામક દવાઓ લેવી.

આ રોગમાં આરામ સાથે કસરતનું પણ મહત્ત્વ છે. એ કસરતની જોકે મર્યાદા છે. થકવી નાખે કે હૃદયને શ્રમ આપે એવી કસરતો ન જ કરવી; પણ બિલાડી રમતમાં જે શરીરશ્રમ ઉપજાવે છે એવો વ્યાયામ લેવાની છૂટ છે. રબ્બરના દડા, દોરનું પિલ્લું કે ચીંથરા સાથે બિલાડીને ખેલતાંકૂદતાં જોઈ હોય તો એના વ્યાયામનો ખયાલ આવે. પિસ્તાલીસ-ની વયે ચાલવાનો વ્યાયામ શ્રેષ્ઠ છે. એ વય પછી રોજ ત્રણચાર માઈલ ફરવા જવાનું સલાહભરેલું છે. રોગીએ ચિંતાફિકર ફગાવી દેવાં. ચિંતા વધતાં લોહીનું દબાણ વધે જ છે. ઠંડો મિજાજ ને શાંત પ્રકૃતિ રાખવા પ્રયાસ કરવો. મિજાજ કાબૂમાં રાખવો. ક્રોધ ન ચડે એ તો ખાસ સંભા-ળવું. રોગના લીધે રોગી ચીડિયો ને અધીરાઈભર્યો બને છે, જલદી ક્રોધે ભરાય છે. માટે જેમ બને તેમ ક્રોધે ભરાવાના પ્રસંગો ટાળવા અને ક્રોધે ભરાવા જેવું લાગે તો તરત ગમ ખાઈ ક્રોધાવેશને રોકવા પ્રયત્નો કરવા. વળી કામધંધાને પહોંચી વળવાની દોડધામ ન કરવી, પરંતુ શાંત ચિત્ત સાથે સ્વસ્થરીતે કામધંધામાં પડવું.

ઔષધો

થોડાં વર્ષ અગાઉ લોહીના ઊંચા દબાણને સમધારણ બનાવવા કોઈ ખાસ ઔષધો ન હતાં. માત્ર આરામ અને મીઠા વિનાના આહાર ઉપર ભાર દેવામાં આવતો. ઉગ્ર લોહી-દબાણ માટે નળીઓનું સંકોચન કરતા જ્ઞાનતંતુઓના છેડાઓ કાપી નાખવાના જોખમી ઑપરેશન માટે સૂચન કરવામાં આવતું હતું, પણ એનાં પરિણામો સંતોષકારક ન હતાં.

એકદમ વધેલા લોહીના દબાણ માટે વેરાટ્રમ ઔષધો ઉપયોગી છે. પણ લોહીના દબાણનું નિયંત્રણ કરનાર જ્ઞાનતંત્રની રચના ઉપર અસર કરનારું આ ઔષધ લાંબા વખત સુધી વાપરવાથી મુશ્કેલી થાય છે.

બીજું ઔષધ હેક્ઝામેથોનિયમ છે. આની બનાવટો જુદાંજુદાં નામે વેચાય છે. એનો ગુણ હૃદય અને લોહીની નળીઓ ઉપર આવતા જ્ઞાનતંત્રના આવેગોને રોકવાનો છે. બીજા અવયવો પરના જ્ઞાનતંત્રના આવેગો પણ એનાથી રોકાય છે. આથી ઊભા રહેલી સ્થિતિમાં લોહીનું દબાણ વધારે ઘટી જવાથી ચક્કર આવે છે. માટે ખરી જરૂરિયાતની વેળાએ જ, અને પૂરતી સંભાળપૂર્વક જ, આ ઔષધ વાપરવાનું છે.

ત્રીજું છે હાઈડ્રાલેઝાઈન, જે સોમાંથી પચાસને ગુણકારી નીવડે છે; પણ લાંબા વપરાશથી તાવ, સાંધાના દુખાવા વગેરે થઈ આવે છે!

ચોથી ભારતીય વનૌષધિ સર્પગંધા છે. એના સત્ત્વ 'રિસર્પાઈન'-માંથી બનાવેલી જાણીતી બનાવટ 'સર્પાસિલ' ગોળી છે. એનો ગુણ મગજના તળ ભાગમાં આવેલાં જ્ઞાનકેન્દ્રોને શાંત પાડવાનો છે. આને અંગ્રેજીમાં 'ટ્રાન્ક્વીલાઇઝિંગ' અસર કહે છે. લોહીના ઊંચા દબાણથી ખળભળી ઊઠેલા રોગી ઉપર આ દવાની શાંત અસરો જાદુભરેલી નીવડે છે. આ દવા તથા હેક્ઝામેથોનિયમનું મિશ્રણ ભયજનક ઊંચા દબાણને હળવું બનાવે છે. (અનુસંધાન પૃષ્ઠ ૪૧૬)

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા

સાગરસાવજ દેવો ધાધલ

લેખક 'સુકાની'

ભાગ પાંચમો

ખંડ ૬: પરાભૂત તલૈંગ

લંકાશુક દ્વીપ પાસેથી 'અલખનાથે' ઉત્તર તરફ વધવા માંડ્યું ને 'રાવળનાથે' જરા ઈશાન તરફ મોરો ફેરવ્યો. 'રાવળનાથ'-ને મોલમીન જવું હતું. આ કાળે રંગૂન હજુ બંદર નહોતું બન્યું. રંગૂન ગામની સ્થાપનાને પણ હજુ માંડ દસેક વર્ષ થયાં હતાં.

મહાનદ ઈરાવતીના એક મુખ પાસે તે કાળે કૌસ્મિન બંદર ગાજતું હતું. કૌસ્મિનનું પાછળથી 'પોસીન' નામ પડ્યું, જેને અંગ્રેજોએ 'બસીન' બનાવી દીધું. 'અલખનાથ' પોસીન (કૌસ્મિન) તરફ ચાલ્યું. પોસીનથી ધાન ઉપાડવાનું હતું; દરમ્યાન નેમચંદ શેઠ પેગુ જવાના હતા.

દસેક વર્ષ પહેલાં, ક્ષુદ્ર વ્યાધમાંથી ચક્રવર્તી બનેલા વીર બ્રહ્મી અલોમ્પ્રાએ દક્ષિણ દેશને તલૈંગોના હાથમાંથી હમેશ માટે ઝૂંટવી લીધો હતો. તલૈંગ રજવાડાં અને રાવરઈસ છિન્નભિન્ન થઈ ગયાં હતાં; એમના ખાનગી ખજાનાઓ લૂંટાઈ રહ્યા હતા. હીરા, માણેક, પાનાં, મરકત, પુષ્પરાગ અને બીજાં જરઝવેરાત તથા કીમતી દાગીનાઓ પાણીને મૂલે વેચાવા લાગ્યાં હતાં. પેગુના બજારમાં ચીની, ચેટ્ટી અને ગુજરાતી ઝવેરીઓની આજે ગિરદી જામી ગઈ હતી. આ પ્રસંગ નેમચંદ શેઠ જતો ન જ કરે. 'અલખનાથ'ને 'કૌસ્મિન'માં મૂકી એ પેગુ પધાર્યા.

આજ સુધી બ્રહ્મદેશનો ઉત્તર ખંડ બ્રહ્મીઓના તાબામાં હતો, પણ



શ્વે દાગોન પેગોડા

દક્ષિણ ખંડ ઉપર તલૈંગો બારસો વર્ષ થયાં રાજ્ય કરતા હતા. આ 'તલૈંગ' તે તિલંગ, કલિંગ દેશના વાસી, આજના આન્ધ્રો, જે 'તેલુગુ' કહેવાય છે. એમાં ભારતીઓની કેટલીક આદિ પ્રજાઓ પણ ભળી છે, પણ સહુ આજે તો બ્રહ્મીઓ જ બની ગયા છે. એમની અસલ રાજધાની તે પેગુ. કૌસ્મિન અને રામપુર એ બે તલૈંગ બંદર હતાં. રામપુર તે આજનું મોલમીન. પેગુથી ત્રીસેક કોસ ઉપર પેગુ નદી અને સિત્તાં (સુવર્ણા) નદીના મુખ પાસે, એક બૌદ્ધ તીર્થ હતું. તે શ્વે દાગોન!

અહીં ભગવાન ગૌતમ બુદ્ધ અને એમની પહેલાંના બે બુદ્ધોના અવશેષ હોવાની માન્યતા છે. ત્રણ ત્રણ બુદ્ધોનાં સ્મારક–શ્વે ઉપર જે જબરદસ્ત ફ્યા (મન્દિર) બંધાયું, તે શ્વે દાગોન ફ્યા (પેગોડા)! પેગુ-ચેમા(ટેકરી)ની ઉપત્યકા ઉપર દરિયાની સપાટીથી એકસો ને દસ હાથની ઊંચાઇએ એ ફ્યાનો મૂલાધાર ઊભો છે. એનું પ્રાંગણ જ સાડા સત્તાવીસ હજાર ચોરસ હાથના વિસ્તારમાં છે, અને એના ઉપર એકસો ને એંશી હાથ ઊંચું સુવર્ણશિખર આકાશને ભેદી રહ્યું છે. શિખર ઉપર સૈંકડો વર્ષ થયાં સોનાનો વરખ ચડયા કર્યો છે. એની ઉપર જ્યારે સૂર્યકિરણો ચમકે છે, ત્યારે જોનારને મન્ત્રમુગ્ધ બનાવી દે છે. અહીં દુનિયામાં પ્રખ્યાત એવો એક જબ્બર ઘંટ છે. એ ઘંટ ઉપર જે કોઈ ડંકો વગાડે તેને ફરી વાર બ્રહ્મદેશનાં દર્શન કરવાં પડે છે, એવી માન્યતા છે.

સંવત્ ૧૮૧૧ સુધી આ તીર્થમાં કેવળ આ શ્વે દાગોન ફ્યા, અન્ય નાનાં દાગબા(પેગોડાઓ), કુંગી ચાંઉ (મઠો) અને ઝાયાત(ધર્મશાળાઓ) જ હતાં. અહીં બંદર ન હતું; ગામ હતું જરા દૂર. એનું નામ હતું 'સાન લૈંગ્' (થાનલેન્ગ) જે આજે ભ્રષ્ટમુખ પરદેશીઓને મોઢે સીરિયમ કહેવાય છે. સંવત્ ૧૮૧૧માં શ્વે દાગોન પાસે, ઉત્તર બ્રહ્મી અને દક્ષિણ તલૈંગ વચ્ચે તુમુલ યુદ્ધ થયું, અને તલૈંગ રાજ્યનો બાર સૈકા પછી સદાને માટે અસ્ત થયો. વિજયી ચક્રવર્તી અલોમ્પ્રાએ અહીં નવું શહેર સ્થાપ્યું. માછીમારનું ગામડું શ્વે દાગોન, 'યેન ગુન' બન્યું. 'યેન' એટલે 'વિજય', 'ગુન' એટલે 'સિદ્ધ'. 'યેનગુન' તે આજનું 'રંગૂન'. બ્રહ્મીઓ 'ર', 'સ', 'ત' વગેરે નથી બોલી શકતા; માટે 'રંન્ગુન' ને 'યેન્ ગુન', 'પોસીન્' ને 'પોથીન', 'સારાવતી' ને 'થારાવદી', 'હંસાવતી' ને 'હાથાવદી' અને 'ઐરાવતી' ને 'ઈયાવદી' કહે છે.

આ જુદ્ધમાં તલૈંગ જોદ્ધો 'તલૈવન્' (બ્રહ્મી: દા લ બાન) અતિ પરાક્રમ કરી ગયો. આનું નામ બ્રહ્મી ઇતિહાસમાં અમર થયું છે. પરંતુ મહારથી અલોમ્પ્રાએ એને આખરે મહાત કર્યો. દા લ બાન દસ વર્ષ થયાં કોઈ અગોચર કારાવાસમાં સડતો હતો, એવી લોકવાયકા હતી.

નેમચંદ શેઠ, અને એવા અનેક ચેટ્ટી ('શ્રેષ્ઠિ'નું તમિળ) અને જીબૂકે (ઝવેરી: ચીની) દ લા બાનની યશોભૂમિ ઉપરથી ખરી રહેલા ખજાના પડાવતા હતા, અને દસેક વર્ષથી પેગુ અને યેનગુનમાં આવી વસ્યા હતા. ત્યારથી અહીં ગુજરાતીઓનાં થાણાં પડયાં. વિ.સં. ૧૮૧૪ એ બ્રહ્મદેશમાં ગુજરાતી વસાહતનો આરંભકાળ હતો; ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર, મદ્રાસ અને બંગાળ, ચાવલ, ધાન, ઝવેરાત, સાગ અને

અફીણના વેપારમાં બે સૈકા સુધી અઢળક કમાયાં. ન તો એમણે બ્રહ્મીઓ સાથે જીવ જોડ્યા, ન તો એમણે બ્રહ્મીઓને ઊંચા આવવા દીધા, ન તો એમણે બ્રહ્મી ઇતિહાસ કે સંસ્કૃતિ, યા સાહિત્ય કે કળાનો અક્ષર પણ ઘૂંટ્યો. જેવા ગુજરાતી તેવા ચેટ્ટિયાર, તેવા બંગાળી. સંવત્ ૧૯૯૮ સુધી આ વેપારી સૂર્ય તપ્યો. તે વર્ષે બ્રહ્મીઓ પર આકાશમાંથી જાપાની આગના ગોળા વર્ષ્યા; અને એકસો ચોર્યાશી વર્ષના એકલપાળી સંબંધને ઝટ પડતો મૂકી આ વસાહતો કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, બંગાળ અને મદ્રાસ તરફ નાઠી! આખરે બ્રહ્મીઓએ સદા ય આ લોકોને 'કલા' કહ્યા છે તે સાચું પડ્યું. 'કલા' એટલે 'પશ્ચિમમાંથી આવેલા પરદેશી'. એ શબ્દ તિરસ્કારસૂચક બની ગયો છે!

'અલખનાથે' કૌસ્મિનમાં લંગર નાખ્યું ત્યારે તમિળ કપ્પલો, કચ્છી સૌરાષ્ટ્રી અને ગુજરાતી જુંગ, બગલા અને કોટિયાઓ, અને સતગાંવ-(ચિત્તાગોંગ)નાં જહાજ, એ બધાંની ત્યાં ગિરદી થઈ રહી હતી. એ બધાં વચ્ચે કૅપ્ટન આલ્વીસ અંગ્રેજી બરછો લઈ પડ્યો હતો. એ પણ બ્રહ્મદેશને લૂટવા જ આવ્યો હતો, અને એ પ્રજાની કાતિલ કૂટનીતિએ એને આખા બ્રહ્મદેશનું-પેગુનું અને આવાનું-રાજ્ય અપાવ્યું.

—અને એ જ રીતે, 'રાવળનાથ'ને પડખે પણ દેશદેશની જહાજાત સાલવીન નદી ઉપર પડી હતી. બાજુમાં જ, ગંગાના ઘાટ ઉપર શોભતી વારાણસી જેવું મોલમીન શહેર શોભી રહ્યું હતું.

ખંડ ૭: 'યુદ્ધસ્ય વાર્તા રમ્યા'

ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણીસંગમ પેઠે મોલમીનની અડખેપડખે ત્રણ નદીઓ વહે છે: અત્તરન્, ગીયાંક અને સાલવીન. આજે પણ ઊંડાં પઠાણની જહાજાતને આઠે પ્રહર તરતી રાખે એટલાં ઊંડાણ સાલવીનમાં ભર્યાં છે.

'રાવળનાથ' એક બિટની ઓથમાં નાંગર્યું હતું. સામે ચાર કોસની લંબાઈમાં, જરા ચડાણવાળી જમીન ઉપર, હરિયાળીમાંના ઘૂંઘટમાં અર્ધ છુપાએલા મુખડા જેવું રળિયામણું, અનેક ફયાનાં શિખરોથી શોભતું શહેર પાથર્યું પડ્યું હતું. તલૈંગોની સદ્યોનષ્ટ સમૃદ્ધિનું એ સાક્ષી બની રહ્યું હતું. અહીંની વસતિ તલૈંગોની જ હતી, પરંતુ કાંગરેકાંગરે ચક્રવર્તી અલોમ્પ્રાના ત્રીજા ભાઈ અને આવાના રાજા સિન્ બ્યૂશીનનો વિજયી ઝંડો ફરકતો હતો. શહેરમાં હલચલ મચી રહી હતી: મહારાજા સિન્ બ્યૂશીન મુઆંગથાઈની રાજધાની અયોધ્યા ઉપર આક્રમણ માટે લશ્કર ભેગું કરી રહ્યા હતા. આ અયોધ્યાની નિકટતાને લીધે જ, તલૈંગોએ મોલમીન સ્થાપ્યું. ત્યારે, એનું નામ રામપુર પાડ્યું હતું.

મુઆંગ થાઈના રાજાઓ 'સફેદ હાથી'ના ઉપાસક હતા. આ હાથીઓ સફેદ તો નહિ, પરંતુ ઘેરા કાળા હાથીઓ કરતાં કંઈક ઊજળા રંગના કદાચ કાને કે સૂંઢે વધારે હળવા રંગનાં ધાબાં દેખાડે છે. એવા હાથી થાઈમાં ને બ્રહ્મદેશમાં દૈવી મનાય છે. એને રહેવા માટે મહેલ અપાય છે; એનાં ખાનપાન માટે સોનારૂપાનાં વાસણો વપરાય છે; એના ઉપર સોનેરી રાજછત્ર ચાલે છે; અને એની તહેનાતમાં દાસદાસીઓ મુકાય છે. બ્રહ્મી મહારાજાએ 'સિન્ બ્યૂશીન' નામ ધારણ કર્યું હતું, તેનો અર્થ હતો 'સફેદ હાથીનો સ્વામી'. એ અયોધ્યામાંના શ્વેત હસ્તીનો પણ સ્વામી થવા તૈયારી કરી રહ્યો હતો.

જે શહેરમાં યુદ્ધના ડંકા વાગતા હોય ત્યાં દેવરાજ ધાબલની નસો ધડકવા લાગતી હતી. અહીં 'રાવળનાથ' કેવળ સાગ ઉપાડવા આવ્યું હતું. અહીંના સાગ અનેક જાતના અને કીમતી છે. વજ્ર જેવા કઠણ અને માખણ જેવા નરમ એવા જાતજાતના સાગમાં ચાર જાત બહુ વખણાય છે. દેવરાજે સાગ લાદવાનું કામ કાકુલ અને અજયપાળ ઉપર નાખ્યું, અને જાતે શહેરમાં એક સુરતી ભાઠેલાને ત્યાં રહેવા ગયો. એક દિવસમાં તો ગળા સુધી યુદ્ધની 'વાર્તા'માં ડૂબી ગયો.

કહે છે કે 'યુદ્ધસ્ય વાર્તા રમ્યા'! પણ દેવો ધાબલ કેવળ વાર્તાની રમ્યતામાં રાચે એવો ન હતો. એને બ્રહ્મીઓની તૈયારીમાં જરા ય રસ ન હતો, પણ તલૈંગ વીર દલા બાનની વીરગાથાઓ સાંભળી એ આફરીન બની ગયો. એને લાગ્યું કે એવા વીર પુરુષ દસદસ વર્ષ કારાવાસમાં સડે, એમાં દુનિયાભરના વીરત્વને લાંછન લાગે છે. આ આખા તલૈંગ દેશમાં એને છોડાવનાર દસદસ વર્ષ સુધી હજુ કોઈ પાક્યો ન હતો, એ એના મનથી બહુ ધોખાની વાત બની ગઈ. દલા બાનના કોઈ મિત્ર રહ્યા હોય, તો તેને શોધી કાઢવાના એણે તાબડતોબ પ્રયત્ન જારી કરી દીધા.

ખંડ ૮: સોનલની બાતમી

જેમ લોહચુંબકનો કાંટો ઉત્તર ધ્રુવને ખોળી કાઢે છે, તેમ સાહસિક સાહસને શોધી કાઢે છે. એક સાંજે દેવરાજ ફરતોફરતો એક ચાંઉ પાસેથી જતો હતો. એ ચાંઉમાં ભિખ્ખુણીઓ રહેતી હતી. ચાંઉની ખુલ્લી પરસાળમાં એણે સોનલ અને ચમ્પકમને જોયાં. બે ય જણ એક યુવાન ભિખ્ખુણી સાથે વાર્તાલાપ કરતાં હતાં. ધાબલની નજર ક્ષણભર ભિખ્ખુણી ઉપર પડી અને પળભર ઠરી રહી. કેશવપન કરેલું માથું છતાં ભિખ્ખુણીનો ચહેરો આંખ ખેંચી લે એવો હતો. ધાબલે સહજ હાથ જોડ્યા. ભિખ્ખુણીએ આશિષ આપવાને બદલે ધાબલ ઉપર મીટ માંડી. સોનલ ને ચમ્પકમ ઊભાં થયાં અને ધાબલ પાસે આવ્યાં. સોનલે કહ્યું: 'અપ્પા, અમારે તમને બહુ જરૂરી વાત કરવી છે!' અને ત્રણે જણ નદીકાંઠે, એકાન્તમાં એક શિલા ઉપર જઈ બેઠાં. સોનલે વાતનો આરંભ કર્યો. ધાબલ ચકિત થઈ ગયો. ધાબલ જે જાણવાની કોશિશ કરી રહ્યો હતો, તે સોનલે શોધી કાઢ્યું હતું. સોનલ સાહસપ્રિય હતી અને સાહસ એને શોધતું આવ્યું હતું.

'તમે અમને કંઈ પણ કહ્યા વગર શહેરમાં રહો છો એનો ભેદ અમે ક્યારનો ય ઉકેલી લીધો છે.' સોનલે આંખો હસાવીને કહ્યું: 'તમારે અહીં એકલેએકલે પરાક્રમ કરવાં છે ને અમને એમાંથી બાતલ રાખવાં છે?'

'સોનારાણી, તમે આજ સુધી બહુ સાહસો ખેડ્યાં: કન્યાકુમારીમાં યુદ્ધ કર્યાં; જાવાસાગરમાં ભુસકા માર્યા; ફુંગ તાઉમાં કારાવાસ જોયો—અને—અને પચ્છમધરા જેવી અગોચર ભોમના માનવી જોડે લગ્ન કર્યાં!' ધાબલે મશ્કરી કરતાં કહ્યું, 'હવે તમે સત્તાણી કુળનાં રાણી છો; તમારે રાજમહોલાતમાં રહેવાનું છે; તમારે સત્તાણીની ગાદીનો વંશવેલો વધારવાનો છે; હવે તમારે પોતાની જાતને સંભાળવાની છે!'

ચમ્પકમે ધાબલના જવાબનું સમર્થન કર્યું. સોનલે ભમર ચડાવી કહ્યું: 'સારું, બાપા! તો પછી તમે જે શોધો છો તે પોતાની મેળે જ શોધી લેજો; અમે જાતે જ અમારું ધાર્યું પાર પાડશું.'

'હું શું શોધું છું, સોનલ?' ધાબલે વિસ્મયથી પૂછ્યું.

'તમે? તમે, અપ્પા, તલૈંગ વીર દલા બાનને શોધો છો; અને અમે એ વીરને શોધી કાઢ્યો છે!' સોનલે જવાબ આપ્યો.

'શાબાશ, બેટા! પણ અમે ય એનો વાસ પોતમાળો શોધી કાઢ્યો છે, અને જો તમારી સખી સંઘમિત્તા વચન નાખે તો ત્યાં પહોંચી જાશું!'

'સંઘમિત્તા શું વચન નાખે? એમાં સંઘમિત્તા ક્યાં આવી?'

'તો ભલે કંઈ નહિ; પણ સંઘમિત્તા કોણ છે ઈ પણ અમને ખબર છે.'

'અપ્પા, સંઘમિત્તા કોણ છે એ તમને કદી ય ખબર ન પડે!' સોનલે ભાર મૂકીને કહ્યું. 'જોઇશું, બેટા!' કહી ધાબલ રસ્તે પડ્યો.

ખંડ ૯: પદ્માવતી—સંઘમિત્તા

તલૈંગ રાજ્યના પલટા સાથે તલૈંગ પ્રજાનું વ્યક્તિત્વ પણ જોતજોતામાં નષ્ટ થયું હતું. આજે બ્રહ્મદેશમાં અનેક કુટુંબો પોતાના નામ પછવાડે 'લાઇન્'શબ્દ ઉમેરે છે એ બધા તલૈંગના વંશજ છે, પણ આમ હવે બ્રહ્મી

જ છે. તલૅંગ રાજ્યનો છેલ્લો જ્યોતિર્ધર તે દ લા બાન—તલૈંગન નાયક.

બ્રહ્મી વિજેતાએ એનો વધ કરવાનો નિશ્ચય કર્યો હતો, પરંતુ કોઈ જયે તિષીનું ભવિષ્ય આડે આવતું હતું. ચક્રવર્તી મહારાજા અલોમ્પાને કોઈ નજૂમીએ ભરમાવ્યો હતો કે દ લા બાનના મૃત્યુ પછી બરાબર છ મહિને એનું પોતાનું મૃત્યુ થશે. એ અટકાવવાને અલોમ્પાએ તાંગૂ-(કેતુમતી)ના લક્કડકોટમાં દ લા બાનને પરહેજ કર્યો હતો અને એને ચિરંજીવી રાખવા માટે એની તહેનાતમાં વૈદ્યો મૂકયા હતા, જેથી પોતે પણ ચિરંજીવી રહે!

સંવત્ ૧૮૧૫માં એક દહાડો અલોમ્પાને મણિપુરની યુદ્ધભૂમિ ઉપર સમાચાર મળ્યા કે દ લા બાનનું મૃત્યુ થયું છે! અલોમ્પા ઉતાવળો ઉતાવળો આવા નગરીમાં આવી પહોંચ્યો અને કારાવાસમાં દ લા બાન માટે રાખેલા બધા વૈદ્યોને એણે જીવતા દટાવી દીધા! અલોમ્પા ૧૮૧૬ માં મૃત્યુ પામ્યો. એની પછી એનો નાનો ભાઈ ગાદીએ આવ્યો. એનું નામ નાં દૌ જી (નન્દજી). એ પણ મૃત્યુ પામ્યો. હવે ત્રીજો ભાઈ સિન બ્યૂશેન રાજ્ય કરતો હતો. એને ખબર મળ્યા હતા કે દ લા બાન ખરેખર તો આવામાંથી જીવતો નાસી છૂટયો હતો. એણે દ લા બાન માનીને અનેક જણનો વધ કર્યો હતો. દ લા બાનના કુટુંબમાં એની એક પુત્રી બ દા મૉ (પદ્માવતી) હવે યુવાન થઈ હતી. સિન બ્યૂશેને એને પોતાની રાણી બનાવવા ધારી. રાજકુમારી બ દા મૉ દુશ્મનના અંતઃપુરમાં જવા કબૂલ ન થઈ. સિન બ્યૂશેન જીદ ઉપર ચડયો.

બ્રહ્મી મહારાજાઓમાં પરણેતર સાથે અસંખ્ય રખાતોનો રિવાજ હતો. મુખ્ય રાણીને 'ના મ દાઉ ફ્યા' કહેતા. એનો અર્થ 'દિવ્યાંશી રાજમાતા'; પછી 'આશે', એટલે પૂરવ મહાલની રાણી; 'અલાઇ' એટલે મધ્ય મહાલની રાણી;'મી ચૌક',ઉત્તર મહાલની રાણી;ને 'અનૌક' એટલે પચ્છમ મહાલની રાણી. સિન બ્યૂશેનનો પચ્છમ મહાલ ખાલી હતો!

એણે બ દા મૉને પરાણે આવા લઈ આવવા સૈન્ય મોકલ્યું. બ દા મૉએ સ્થવિરા બુદ્ધઘોષાના મોલમીનમાંના ચાંઉ(મઠ)માં જઈ ભિખ્ખુણીવ્રત લઈ લીધું. ગમે તેવો ઉન્મત્ત અને ઉદ્દંડ બ્રહ્મી, રાજા કે રંક, ભગવાં વસ્ત્ર સામે નમી પડે છે. એ ભિખ્ખુણીનું નામ સંઘમિત્તા રખાયું હતું. સોનલ અને ચમ્પકમે એના હૈયાની વાત કઢાવી.

દેવરાજ ધાધલ દ લા બાનના મિત્રોને શોધે છે એ વાત ઊડતી ઊડતી ચાંઉ(મઠ)માં આવી ત્યારથી એ સંઘમિત્તા ધાધલનો સંપર્ક સાધવા અધીરી બની ગઈ હતી. એણે યુક્તિથી સોનલ અને ચમ્પકમને ચાંઉમાં બોલાવ્યાં. પોતાના પિતાને, ફરી બારસો વર્ષે સાંભરેલી માતૃભૂમિ કલિંગ દેશમાં પહોંચાડવા એમની મદદ માગી!

સોનલની વાત પૂરી થઈ એટલે ધાધલ ઊઠયો. દ લા બાનને મળ્યા વગર હવે એને જંપ નહોતો વળતો. સોનલે એ મિલન વાતવાતમાં શક્ય બનાવ્યું હતું.

ખંડ ૧૦: 'ના મા લે બૂ'

સાલ્વીનના મુખની બહાર બ્રહ્મદેશનો દક્ષિણ કાંઠો નાનામોટા ટેકરાઓથી લાધો પડયો છે, અને એ ટેકરાઓ વચ્ચેથી દરિયામાં નદી અને ખાડીઓ વહી રહી છે. કિનારાથી દસવીસ કોસ દૂર નાનામોટા ટાપુઓ છે. ઘણાખરા ટાપુઓ ઉપર પણ ટેકરીઓ છે. આવા એક ટાપુ તરફ એક નાનું સંપાન સઢ ચડાવી વધી રહ્યું હતું. સંપાનના સુકાન ઉપર દેવરાજ બેઠો હતો. બીજો માણસ બ્રહ્મી લાગતો હતો, પણ એ સુરતનો ભાઠેલો હતો. એનું નામ મોરારી. એનુ બ્રહ્મી નામ માઉ સ્યાટ. આજે એને મોલમાનમાં ચાલીસ વર્ષ થઈ ગયાં હતાં. એની ચૌદ વર્ષની ઉંમરે એને એક ખંભાતી વહાણ અહીં વેચી ગયું હતું! આજે એ ગુલામ ન હતો. એ અફીણનો વેપારી હતો અને એણે બ્રહ્મી સ્ત્રી સાથે ઘરસંસાર માંડયો હતો. બ્રહ્મી સ્ત્રીઓ અતિશય સ્વતંત્ર તબિયતની હોય છે. દુનિયાદારીના વ્યવહારમાં પુરુષ કરતાં એ વધારે ચતુર હોય છે. બ્રહ્મી પુરુષો સહેજમાં ઠગાઈ જાય છે; બ્રહ્મી સ્ત્રીઓને આજ સુધી કોઈ બ્રહ્મીએ કે 'કલા' (પરદેશી) એ પહોંચી વળ્યાનો દાખલો નથી. મોરારીની સ્ત્રી મા નૂ લાએ એને પોતાની ટચલી આંગળીએ રાખ્યો હતો. બદલામાં એને ચાર સંતાન પણ આપ્યાં હતાં. મોરારીનો ધંધો અફીણ વેચવાનો હતો. પરદેશી વહાણોમાંથી ચોરીછૂપીથી મેળવેલા અફીણનું વેચાણ, જકાતી અમલદારોની આંખમાં ધૂળ નાખીને, મા નૂ લા પોતે જ કરતી હતી: અફીણની ચોરીમાં મોરારીના હમશરીક, દરિયાપરસ્ત સૅલોક્ લોક હતા. સૅલોક્ એ બ્રહ્મદેશના 'ઓરાંગ લાઉત' છે.

વહેલી સવારથી સંપાને સફર શરૂ કરી હતી. લગભગ સાંજના એક ટેકરી ઉપર ફ્યા દેખાયો. 'સેત્સે યે લે ફ્યા!' મોરારીએ કહ્યું. જમણી બાજુમાં એક ટાપુ હતો. વચમાં ટેકરી, અને વચલી ટેકરીની આગળ દરિયામાં બે નાની ટેકરીઓ. અજબ જેવું તો એ હતું કે આ બે આગલી ટેકરીઓ દરિયાને મૂલાધાર બનાવી આબેહૂબ ફ્યાના શિખર જેવી દોઢસોએક હાથ ઊંચી ઊભી હતી. આ ટાપુ સૅલોક લોકોનો હતો. મોરારીએ છેવટની વાર ધાધલને ચેતાવી દીધો કે સૅલોક લોકો ગમે તે કહે કે કરે, પણ ધાધલે માત્ર 'ના મા લે બૂ' કહેવાનું હતું. ના મા લે બૂ એટલે 'મને કંઈ સમજાતું નથી! મને ખબર નથી.'

સંપાન બે ફ્યા જેવી ટેકરી વચ્ચેના ગાળામાં દાખલ થયું કે તુરત જ દસવીસ સંપાનોએ એને ઘેરી લીધું. મોરારીએ ખૂબ જીભાજોડ કરી. ધાધલે 'ના મા લે બૂ' કહ્યા કર્યું. આખરે બેયને લઈ, સૅલોંગો અટપટી નાળો વટાવતા કિનારે આવ્યા. ધાધલને અને મોરારીને ઘેરી પચ્ચાસેક જવાનો બેસી ગયા. એમના હાથમાં માછલાંઓને વીંધવાનાં તીખાં તીર હતા. બે ય કલાઓ કેદી જેવા બની ગયા હતા. ધાધલે મોરારીને આનું કારણ પૂછ્યું. મોરારીએ ધીરજ રાખવા કહ્યું.

એણે આસ્તેથી કમરે બાંધેલી પોટલી ખોલી. એમાં શેર બશેર અફીણ હતું. ચોકીદારોની આંખો ચમકી ઊઠી. અધઘડીમાં દાયરો જામી પડયો. રાત પડતાં દાયરામાં સોએક જણ જામી પડયા. મોરારીએ ધાધલને પણ અંજલિ લેવા કહ્યું. ધાધલે જવાબમાં 'ના મા લે બૂ' કહી સંભળાવ્યું. મોરારીએ કહ્યું કે એના આ જીવલગ મિત્રો સવારે બેયને દ લા બાનના ગુપ્ત વાસ ઉપર લઈ જશે; મેં એમને ખાતરી કરી આપી છે કે આપણે તલૈંગના મિત્રો છીએ એ કહે છે કે મિત્ર નહિ હો

બ્રહ્મદેશમાં સંસ્કૃત શબ્દો

તાંગુ (કેતુમતી); મોલમીન (રામપુર); નાં દૌ જી (નન્દજી); બ દા મૉ (પદ્મા–પદ્માવતી);ચિન્થે(સિંહ); સારાવતી, થારાવદી (સરસ્વતી); હાથાવદી (હંસાવતી) વગેરે શબ્દો સંસ્કૃત હોવા છતાં, બ્રહ્મદેશ એ એક જ એવો પડોશી દેશ છે કે જ્યાં સંસ્કૃત ભાષાએ ખાસ અસર નથી કરી. જેમ બલીમાં આજે પણ 'અમાત્ય', 'પંચક', 'ત્રિશ્વરત' શબ્દો મળે છે, તેમ એવા શબ્દો બ્રહ્મદેશ સિવાય ચીન સુધીના આખા 'ફાર ઈસ્ટ'માં મળે છે. તેનું કારણ એમ અનુમાની શકાય છે કે બ્રહ્મદેશ, ચીન, જાપાન અને ફૉરમોસામાં ભારતીય બૌદ્ધ ધર્મનું સગઠન થયા પછી જ ગયા હતા, અને એ દેશની ભાષાઓમાં જે સંસ્કૃતજન્ય શબ્દો છે તે પાલિ દ્વારા જ પ્રવેશ્યા છે. આમાં માત્ર ચીનની પશ્ચિમનો કંઠારી પ્રદેશ 'હાઈનાન' અપવાદ રૂપે છે અને એ પ્રદેશમાં સંસ્કૃત શબ્દોનું બાહુલ્ય દેખાય છે. —'સુકાની'

તો વાંચો નથી, અહીંથી જીવતા નીકળવું જ અસંભવ છે. આ ખુશ ખબર આપી, મોરારીએ લંબાવી દીધું. મોરારી પૂરો પ્રક્ષી બની ગયો હતો. પ્રક્ષીઓ સવારની ચિંતા કરી રાતની નીંદર નથી બગાડતા.

ખંડ ૧૧ : સેત્સે પેલે કૃયા

અંધારામાં બે ય 'કલા'ઓને ઉઠાડવામાં આવ્યા. એમની આંખે પાટા બાંધવામાં આવ્યા અને એમને બાવડે ઝાલી સૅલોંગો રસ્તો કાપવા લાગ્યા. ખાડાખબચા, રેતી, પથ્થર, ખડક, ચડાવ, ઉતાર, એમ દોઢેક પ્રહર સુધી 'કલા'ઓ ઘસડાયા. સૂર્યોદય પછી ધાબલને સૂરજના તડકાથી દિશા સમજાવા લાગી. મોરારી નચિંત હતો. એણે ધાબલને કહ્યું કે આ લોકો કહે એમ જ્યાં સુધી કર્યાં કરીશું ત્યાં સુધી એમના તરફથી કોઈ ભય નથી. ઓચિંતો સૂર્યનો તાપ બંધ થયો ને જરા ઠંડક લાગી. બંનેની આંખના પાટા છોડવામાં આવ્યા. ઘટાદાર વૃક્ષોનો કુંજ હતો. સામે ચારચાર મથોડાં ઊંચા, ઇંટપથ્થરના બે પ્રક્ષી સિંહ, બે પડખે ઊભા હતા. કૃયાનું મુખદ્વાર આવી પહોંચ્યું હતું.

પ્રક્ષદેશમાં દરેક મોટા ઠાકુરદ્વાર અને રાજદ્વાર પાસે આવા સિંહો હોય છે. પ્રક્ષીમાં સિંહને, જરા અપભ્રષ્ટ સ્વરૂપે 'ચિન્થે' કહે છે. એ સિંહો વિષે એક સુંદર પ્રાચીન વાયકા છે. કહે છે કે એક વાર પ્રતિપક્ષી કારસ્તાનીઓ કોઈ એક નવજાત રાજપુત્રને ગાઢ જંગલમાં છોડી ગયા અને એ બાળક કોઈ નવપ્રસૂતા સિંહણને મળ્યું. સિંહણે બાળકને ઉછેર્યું, અને બાળક જ્યારે મોટો થયો, અને એક વાર પોતા જેવા માણસોને જોઈ જંગલ છોડી ચાલ્યો ગયો, ત્યારે સિંહણને પુત્રવિયોગ એવો તો વસમો લાગ્યો કે એણે પ્રાણત્યાગ કર્યો! સિંહણના એ માતૃ-સ્નેહનું સ્મારક, તે આ ઠાકુરદ્વાર કે રાજદ્વારના સિંહો. માતૃસ્નેહ પ્રક્ષીઓના માનસમાં બહુ આદરણીય ભાવના લેખાય છે. પ્રક્ષીઓ સ્ત્રીને માતા રૂપે જ જુએ છે. સ્ત્રી માટે 'પરણવું, અને માતા બનવું' એ ઉત્તમ ધર્મ છે એમ એ પ્રાચીન કાળથી માને છે. પ્રક્ષી ભાષામાં 'સ્ત્રી' માટે જે શબ્દ છે–'મીચ મા' એનો અર્થ થાય છે 'પત્ની–માતા'!

ધાબલની આંખેથી પાટો ઊઘડ્યો એટલે એણે આસપાસ નજર કરી. ચોપાસ ટેકરીઓએ ઘેરેલી ખીણ હતી. દરિયાની દિશા નહોતી દેખાતી. બેયને આગળ કરી સિંહદ્વારને રસ્તે વીસેક સૅલોંગ ઊપડ્યા. થોડી વારે ગઢ જેવો મજબૂત, પણ નાનો, એવો દાગબ (પેગોડા) આવ્યો. કૃયાના મધ્યભાગમાં અંધારો મંડપ હતો. અહીં બેયને બેસાડ-વામાં આવ્યા. સામે વિશાળકાય બુદ્ધપ્રતિમા ધ્યાનસ્થ બેઠી હતી. એના શરીર ઉપર સોનાનો વરખ ચડાવ્યો હતો, પરંતુ ઠેકઠેકાણે વરખ ઊખડી ગયો હતો. પ્રતિમા અપૂજ લાગતી હતી. આખી જીવસૃષ્ટિને અભય આપનાર આ દૈવત સામે, ભયનું વાતાવરણ પ્રસરી રહ્યું હતું!

ઓચિંતા સૅલોંગો મંડપની બહાર નીકળી ગયા. ધાબલ અને મોરારી મંડપ વચ્ચે એકલા બેસી રહ્યા. મોરારીએ ધીમેથી કહ્યું : 'દેવરાજ! જરા પણ હાલ્યાચાલ્યા છો તો મૂઆ જાણજો; ઉપરની પરસાળમાંથી તીરો તાકચાં પડ્યાં છે.' ધાબલે જવાબ ન આપ્યો. ભયની સમક્ષ એને અંદરથી સાહસના જુવાળ ચડતા હતા. હવે શું થવાનું છે એની એ કુતૂહલથી વાટ જોતો, સાવધાન બેઠો. ઓચિંતાં ધીમે ગંભીર સ્વરે કોઇએ પ્રક્ષીમાં સવાલ પૂછ્યો. અવાજ જાણે બુદ્ધમૂર્તિના મુખમાંથી આવતો હતો. મોરારીએ ધ્રૂજતેધ્રૂજતે જવાબ આપ્યો.


અનેક સવાલજવાબ થયા, અને પછી પ્રતિમાના ડાબા ખભા પાસે થોડી સળવળ થઈ એક પ્રચંડ માનવઆકાર હળવે હળવે છૂટો પડ્યો!

સફેદ વાળ દાઢી અને મૂછવાળો, પ્રચંડકાય દ લા બાન સામેની પડથાર ઉપર ઊભો હતો. એની જૈફ ઉમરની સાક્ષી માત્ર એના વાળની સફેદી જ આપતી હતી. એનું બદન ગંઠાદાર ટટ્ટાર હતું. એની આંખો તીખી હતી. એ પ્રક્ષી ન હતો; એ તો કલિંગ–તલૅંગ હતો! (ચાલુ)

આ યુગની નવી કહેવતો

પાનદાન ત્યાં પિકદાન!
ભાવતું'તું ને વહુએ કર્યું!
સૂર્યના તાપે પાપડ ન શેકાય.
પડછાયાના ચાળા ન પડાય.
ટૂંકી લંગોટી પર લાંબી પછેડી!
કૂદી લપટાવતાં ફૂમતેદાર ખોઈ!
લગ્નની કંકોતરીનું વી. પી. ન થાય.
વાયલના પોત પર સૂતળીના ટાંકા!
કડછો થવા કરતાં કમંડળ થવું સારું.
પાપડ ઊંચકવા ઊંટિયો વસાવ્યો!
ઘરની પંચાત અને ઓટલે ઇન્સાફ!
કરુણાની અતિશયતા ક્રૉસ પર ચડાવે.
પા ગજની પંક્તિ ને સવા ગજનો પ્રાસ.
પતરાળીનું પીરસણ ખોતરીને ન ખવાય.
ગરજે નુગરાને પણ માનપત્ર આપવું પડે.
નવો જોડો ને નવો હવાલદાર—ડંખે જ.
રેતીની ટેકરી વંટાળિયો ન આવે ત્યાં સુધી.
ઘંટને તો હાથીનું ગળું અને પૂછડું—બંને સરખાં.
મોરમને ખોદનારો વખાણે ને ઉપાડનારો વખોડે.
ગાંધીમાર્ગ હોય તો રાજઘાટ પણ હોય જ.
શ્રીમંત પોતાના ઘરમાં પૂજાય, સંત ઘર બહાર.
વાંઝણી દીકરાના સોગંદ ન ખાય તો શું ધણીના સોગંદ ખાય?
આપણાં પાપ આપણે ન જોઇએ તો બીજા જોયા વિના રહેતા નથી.
ટોપીમાં પૂસેલો માંકડ ને જોડામાં પૂસેલો કાંકરો–એ બેની ઉપેક્ષા ન થાય
તપખીર સૂંઘનારનો રૂમાલ ને વર્ષાઋતુનું આકાશ—ચોખ્ખાં ન હોય.
જમાના કરતાં આગળ(નું) જોઇએ તો જીવતાં અળખામણા થઇએ.
ગરીબનો દીકરો માંદો ન પડત તો મોસંબી ક્યારે ખાત?
ગદ્ધો મસ્તાન થાય તો ધૂળમાં જ આળોટે.
દળાય ચણાની 'દાળ', ને લોટ કહેવાય 'ચણા'નો!
આયનો ખરાબ હોય તો અપ્સરા યે બૂડી લાગે.
ઊગતો લેખક ચર્ચાપત્ર લખવામાંથી ન જાય.
બૂઢી પરોણીને તો બળદ પણ ન ગણકારે.
હોટલનું જમણ ને સેનેટોરિયમનું મરણ.
સોયમાં દોરો પરોવવા દૂરબીન ખરીદ્યું!
કામ કરે કર્તા ને જરા ખાટે ક્રિયાપદ!
ભૂળે ડાબોડી, તેમાં ઉદ્ધે લખવા માંડ્યું!
ક્રિયાપદ પોતે તો નિષ્ક્રિય હોય છે.
આંગળી આપી તો વીંટીને વળગી!
ચાખડી પહેરીને ચોરપગલે ચાલવું.
ઘાસનો વરઘોડો ને શેરીનું સાજન!
ગંડાને શિંગડે ઘૂઘરી કોણ બાંધે?
ચોર કંઈ વિઝિટિંગ કાર્ડ છપાવે!
ઘરમાં હજૂર ને બહાર મજૂર.
પાછું વાળે તે પાટોશી નહિ.
નાટકના દેવને પૂઠાનો મુગટ!
નીચી નજરે હવેલી ન દેખાય.
પારકે કોડિયે મોટી દિવેટ!
કેડો બાંગી ન થઈ શકે.

રતિલાલ 'અનિલ'



સ્વાતંત્ર્યપ્રાપ્તિ જેવા જ એક નવા ઇતિહાસનું સર્જન કરવાનો ભગીરથ પ્રયત્ન

લેખક: પ્રો. હૃષીકેશ નાનુભાઈ પાઠક

સ્વરાજ્ય મળ્યા પછી સરકારે આપણા દેશના આર્થિક વિકાસ માટે, પાંચપાંચ વર્ષના ગાળામાં પૂરા કરી શકાય એવા તબક્કાઓ પાડીને 'પંચવર્ષીય યોજનાઓ' અમલમાં મૂકી છે તેની તો સૌને ખબર હશે. એવી પહેલી યોજના (ઈ. ૧૯૫૧ થી ૧૯૫૬ની) તા. ૩૧મી માર્ચ ૧૯૫૬ને દિવસે પૂરી થઈ, અને આ વર્ષે(૧૯૫૭)ની પહેલી એપ્રિલે બીજી યોજનાએ પણ એક વર્ષ પૂરું કરીને પોતાના બીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આપણા આ વિશાળ દેશના આર્થિક વિકાસનો પ્રશ્ન પણ એટલો જ વિશાળ, અત્યંત ગંભીર અને વળી તાકીદનો છે. તેથી તે આપણે સૌએ સમજવો જોઈએ.

સ્વરાજ મળ્યા પહેલાં આપણા સામાજિક, આર્થિક, રાજકીય કે સાંસ્કારિક ક્ષેત્રના કોઈ પણ પ્રશ્નની ચર્ચાને અંતે આપણે એવા નિર્ણય ઉપર આવતા કે રાજકીય સ્વાતંત્ર્ય ન મળે ત્યાં સુધી આ પ્રશ્નોનું નિરાકરણ ન લાવી શકાય. પરંતુ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી દેશના જુદાજુદા નાનામોટા પ્રશ્નોની ચર્ચા-વિચારણામાંથી આપણને મુખ્ય સત્ય એ મળ્યું કે દેશના સામાજિક, કેળવણી વિષયક કે એવા પ્રશ્નના ઉકેલથી પણ વધુ અગત્યનો અને અનિવાર્ય પ્રશ્ન દેશની ગરીબાઈનો છે. આપણે ત્યાં પ્રથમ કોટિના સાહિત્યકારો, સંગીતકારો, કલાકારો કે વૈજ્ઞાનિકો કેમ ઓછા જણાય છે? આ સવાલનો જવાબ છે આપણી ગરીબાઈ.


બેવડી ગરીબાઈ

ગરીબાઈ શબ્દના બે અર્થ ગણાવી શકાય: એક તો નાણાકીય, જે માણસની આવક અને જીવનધોરણમાં જોઈ શકાય છે. બીજી ગરીબાઈ સૂક્ષ્મ રૂપે છે, જે સાહિત્ય, સંગીત, કલા, સાંસ્કારિક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રોમાંની સત્ત્વહીનતા. આ બંને ગરીબાઈ રૂપે દેખાઈ આવે છે. પરસ્પર સંકળાએલી છે. એક દાખલો લઈએ. આજકાલ એમ કહેવામાં આવે છે કે શિક્ષણનું ધોરણ નીચુ જતું જાય છે. એનું પૃથક્કરણ કરતાં શું જણાય છે? શિક્ષણના બે મુખ્ય પક્ષો: શિક્ષકો ને વિદ્યાર્થીઓ. ત્રીજો અદૃશ્ય પક્ષ તે આખા સમાજ. આ બધાંના આ ગરીબાઈમાં શો ફાળો છે? શિક્ષકો અને શિક્ષણની વ્યવસ્થા (નિશાળો, શિક્ષણના સાધનો વગેરે) ખામી ભરેલાં હોય તો શિક્ષણનું ધોરણ ઊંચું ન આવે. હવે સાધનો અને ઉચ્ચ કોટિના શિક્ષકો માટે વધારે પૈસાનો ખર્ચ કરવો જોઈએ. રાષ્ટ્રના પૈસા રાષ્ટ્રની જે વિવિધ પ્રવૃત્તિઓમાં ખર્ચાય છે તેની પાછળ એક મુકરર ક્રમ હોય છે જ. તે પ્રમાણે શિક્ષણનો વારો આવે ત્યારે તેમાં અમુક પૈસા ખર્ચાય. બીજા દેશોની સરખામણીએ આપણી પ્રજા બુદ્ધિમાં ઊતરતી છે એવું નથી. પણ આપણો દેશ ગરીબ હોવાથી બીજા પૈસાદાર દેશો જેટલો ખર્ચ શિક્ષણ ઉપર આપણે કરી શકતા નથી. પરિણામે, જોઈએ તે કક્ષાનું, જોઈએ તેટલા પ્રમાણમાં શિક્ષણ આપી શકાતું નથી. આ જ રીતે સંસ્કારનાં બીજાં ક્ષેત્રોમાં પણ પ્રમાણમાં ઓછા પૈસા ખર્ચી શકાય છે. દેશમાં જોઈએ તેટલા દાક્તરો નથી, દવાખાનાં નથી, શાળાઓ નથી, આ બધું દેશની ગરીબાઈ સૂચવે છે.

જીવનધોરણ

વળી, લોકોને પણ શિક્ષણ આરોગ્ય અને સાંસ્કારિક જીવન માટે આગ્રહ હોવો જોઈએ. આ માટે પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવું જોઈએ. જીવનધોરણમાં રોટી, કપડાં અને વસવાટની રોજની જરૂરિયાતો તથા સુખાકારી અને સંસ્કાર માટે દાક્તરો, શિક્ષકો, સરકારી નોકરો તથા કલાકારોની સેવાઓનો સમાવેશ થાય, અને થોડી મોજશોખની વસ્તુઓ તથા કોઈ વાર એકાદ મોટી મુસાફરી. પરંતુ આપણા દેશના લોકોનું જીવનધોરણ એટલું નીચું છે કે ઉપર ગણાવેલી વસ્તુઓ ગરીબ માણસના જીવનમાં તો શું, પણ એની કલ્પનામાં યે ન આવે!

નીચું જીવનધોરણ એ ઓછી અથવા ટૂંકી આવકનું પરિણામ છે. એટલે જીવનધોરણ ઊંચું લાવવા માટે આવક વધારવી જોઈએ. પણ આવક વધે કઈ રીતે? અને વધારે પૈસા કાઢવા ક્યાંથી? આમ એક વિષચક્ર નજરે પડે છે. આ ચક્ર કઈ જગ્યાએથી તોડવું, કઈ જગ્યાએથી વિકાસયોજના શરૂ કરવી, કેવી પ્રવૃત્તિને વેગ આપવો, કેટલો વેગ આપવો, અને સમગ્ર સમાજમાં આ વેગ આણવા માટે નાણાની જરૂર છે કે બીજા કશાની પણ જરૂર છે?—આ બધા પ્રશ્નો પણ (વિકાસનો વિચાર કરતાં) એક પછી એક ખડા થાય છે. માત્ર નાણાની કે બીજી કોઈ





જડ દૃષ્ટિએ આર્થિક વિકાસનો વિચાર કરવો એ અધૂરું પદ્ધતિ છે; કારણ કે અંતે તો વિકાસ એ એક પ્રકારની સર્જનની પ્રક્રિયા છે. આ વિકાસને માટે સરકારે ઉપર કહી તેવી પાંચપાંચ વર્ષના ગાળાની યોજનાઓ અમલમાં મૂકી છે, જેમાંની બીજી હમણાં ચાલે છે.

બીજી યોજના

એ બીજી યોજના બીજા બધા વિકાસની સાથે એક બીજી મહત્ત્વની દિશામાં પણ પગલું ભરે છે. આ દિશા તે ઉદ્યોગીકરણ. આમાં પણ અમુક પ્રકારના ઉદ્યોગોના વિકાસ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. એ બીજી યોજનાનાં મુખ્ય ધ્યેયો આ પ્રમાણે છે:

૧. દેશના લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે રાષ્ટ્રીય આવક સવાઈ કરવી;—પાંચ વર્ષને અંતે તેમાં ૨૫ ટકા જેટલો વધારો કરવો; એટલે કે, દર વર્ષે રાષ્ટ્રીય આવકમાં પાંચ ટકાનો વધારો કરવો;

૨. ઉદ્યોગીકરણની દિશામાં ઝડપી પ્રગતિ કરવી; અને એમાં પણ ખાસ કરીને ભારે ઉદ્યોગો (જેવા કે વીજળીક શક્તિ, રસાયણો, કાચો માલ વગેરે પૂરો પાડે તેવા ઉદ્યોગો) ઉપર ખાસ ભાર મૂકવો;

૩. બીજા ધંધા–રોજગારમાં પણ નોંધપાત્ર વિકાસ કરવો; અને

૪. પ્રજાની આવકમાં આજે જે અસમાનતાઓ રહેલી છે તે દૂર કરવી.


આ ધ્યેયો એકલાં આર્થિક જ નથી. તેમાં સામાજિક સુખાકારીનાં તત્ત્વોનો પણ સમાવેશ થયો છે. દાખલા તરીકે, ધંધા–રોજગારમાં વધારો કરવાનું ધ્યેય જેટલું આર્થિક તેટલું સામાજિક તથા સાંસ્કારિક દૃષ્ટિએ પણ છે. માણસ 'બેકાર' હોય તેનો અર્થ એટલો જ નથી કે તેને માત્ર 'ધંધાનો અભાવ' છે. બેકારીને લીધે અંતે તો સર્જનશક્તિનો પણ ધ્વંસ થાય છે. આવી જ રીતે આવકની અસમાનતા પણ એક મહાન સામાજિક અનિષ્ટ છે. હિંદુસ્તાન એક જ એવો દેશ છે જ્યાં મહેલો અને ઝૂંપડીઓ એક જ ગામમાં પાસેપાસે જોવા મળે છે. આપણા જીવનનો આ વિરોધ આજ સુધી તો પરદેશી સત્તાની સ્વાર્થી નીતિને લીધે નભ્યો. પરંતુ રાષ્ટ્રીય સરકારના આગમન પછી એને ચાલવા દેવો તે તો સ્વતંત્રતાના મૂળમાં ઘા કરવા બરાબર છે.

જીવનની સમાનતા

સ્વતંત્રતાનો સાચો અર્થ એ કે દરેક વ્યક્તિને તેની જરૂરિયાત પૂરી પડવા સાથે તે અમુક મર્યાદામાં રહીને પોતાના જીવન વિષેના નિર્ણયો લઇ શકે, પોતાનું જીવન શી રીતે જીવવું, પોતે કેવા શોખ કેળવવા વગેરે એ પોતે નક્કી કરી શકે. એવું સ્વાતંત્ર્ય સમાજના કોઇ એક જ ભાગને માટે મર્યાદિત રહે તો તે સાચું સ્વાતંત્ર્ય ન કહેવાય. એ બધાને ઉપભોગ્ય હોવું જોઇએ. એટલે 'સ્વતંત્રતા' પછી 'સમાનતા'ની માગણી પણ અનિવાર્ય ગણાય. આમ, સમાન ધોરણે સ્વતંત્રતાનો અનુભવ લાવવા માટે બે વસ્તુની જરૂર રહે છે. એક તો સમાન આવક,—અથવા તો વધુપડતી અસમાનતાનું નિવારણ, અને બીજી શિક્ષણ ને સંસ્કારનું સમાન ધોરણ. એકલી આવક વધશે ને શિક્ષણ તથા સંસ્કાર નહિ હોય તો આજ ઘણાં કુટુંબોમાં બને છે તેમ એ આવકનો ઉપયોગ સારી રીતે નહિ થાય. એ જ પ્રમાણે એકલો શિક્ષણ-સંસ્કારનો ફેલાવો કરીશું તો પ્રજા શું 'ઉચ્ચ' કે 'ઉત્તમ' છે તે સમજશે તો ખરી, પણ તે સિદ્ધ કરવા માટે તેની પાસે સાધનો નહિ હોય. આમ, સુઘડ સંસ્કારી જીવન માટે આવક અને શિક્ષણ-સંસ્કાર બંનેની જરૂર છે. બીજી પંચવર્ષીય યોજનામાં આ બંને ધ્યેયો સિદ્ધ કરવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. એક બાજુ ઉદ્યોગીકરણથી ધંધારોજગાર વધારીને આવક વધારાય અને બીજી બાજુ શિક્ષણ-સંસ્કાર તથા સામાજિક કલ્યાણની યોજનાઓ દ્વારા લોકોનું માનસ ઘડાય તથા તેમના જીવનમાં નવા વિકાસ સધાય, એ બંને, જીવનધોરણની દૃષ્ટિએ આવશ્યક છે.

આમાં પણ ઉદ્યોગીકરણ એ એવો મહાન પ્રવાહ છે કે જેને પરિણામે સમાજમાં અનેક ફેરફારો થાય છે. આ ફેરફારો જેમ ઉદ્યોગીકરણની ઝડપ વધે છે તેમ વધુ ને વધુ ઝડપી બને છે. ઉપર જે કેળવણી અને સંસ્કારની વાત કરી તે કરતાં પણ કદાચ આ ઉદ્યોગીકરણને લીધે જે વાતાવરણ સર્જાશે તેને લીધે આખો સમાજ વધુ ઝડપથી પ્રગતિ કરશે.

ઉદ્યોગીકરણ એટલે ઉત્પાદનનાં જુદાંજુદાં ક્ષેત્રોમાં યંત્રો અથવા મૂડીનો વધારે ને વધારે ઉપયોગ. આ મૂડી અનેક સ્વરૂપે નજરે પડે. નદી ઉપર બાંધેલો 'પુલ' કે 'બંધ' એ મૂડીનો પ્રકાર છે. કારખાનાનાં મકાનો, યંત્રો, એન્જિનો, ડબ્બા, ભારખાનાં વગેરેનો પણ મૂડીમાં જ સમાવેશ થાય. વળી ઉદ્યોગો પણ અનેક જાતના હોય છે. મુખ્યત્વે એના બે ભાગ પાડી શકાય: એક પ્રકારના ઉદ્યોગો વપરાશની ચીજોનું ઉત્પાદન કરે,—જેમકે કાપડ, ચા, ખાંડ, કાગળ, દિવાસળી, ચામડાંનો સામાન વગેરે. આવી ચીજો પેદા કરતા ઉદ્યોગોને 'વપરાશના ઉદ્યોગો' કહેવામાં આવે છે. બીજા પ્રકારના ઉદ્યોગોમાંથી પેદા થતો માલ સીધો વપરાશમાં નથી લઇ શકાતો, પણ એ માલની મદદથી વપરાશનો માલ પેદા થઈ શકે છે. આવા ઉદ્યોગોને 'મૂળભૂત ઉદ્યોગો' કહેવામાં આવે છે. આનો સૌથી સારો દાખલો પોલાદનો ઉદ્યોગ છે. આજે પોલાદની મદદથી જ બીજા બધા ઉદ્યોગો ચાલી શકે છે. સિમેન્ટ પણ આવો જ એક ઉદ્યોગ છે. એના વિના પ્રજાસમસ્તના વસવાટ કે





ગામડામાં બે બાજુથી થતી વિકાસની પ્રક્રિયા : મૂળભૂત ઉદ્યોગોનું ઉત્પાદન વધવાની સાથોસાથ વાહનવ્યવહારનો વિકાસ પણ અનિવાર્ય બને. જ્યાં આજ સુધી રેલવે લાઈન ન પેસી શકી હોય એવા વિસ્તારોમાં સ્ટેશનો વગેરે થવાથી ગામડાંનાં જીવનમાં નવાં પરિણામોનો પ્રવેશ થાય. મોટરબસ, તારટપાલ વગેરે સાધનોને લીધે ગામડાંના લોકોના માનસમાં ચોક્કસ ફેરફારો થાય. શહેર-ગામમાંથી બીજો વપરાશનો માલ આવે, છાપાં અને ખબરો પહોંચતાં રહે અને ધીરેધીરે લોકમાનસ નવા વિચારો ભણી અભિમુખ બને. સાથોસાથ બીજી બાજુ રાષ્ટ્રીય વિકાસ યોજના અને ગ્રામવિકાસ યોજનાઓથી નિશાળો, ગ્રામકેન્દ્રો, પંચાયતો, ખેતીસુધારણાની મંડળીઓ વગેરેની પ્રવૃત્તિ પણ ચાલુ થાય. આમ, બંને બાજુથી વિકાસની પ્રક્રિયાનો વેગ વધે.

બીજા ઉદ્યોગો માટેનાં મકાનો, બંધો, પુલ, રસ્તા વગેરે કશું ન થઈ શકે. એ જ રીતે રાસાયણિક ઉદ્યોગો પણ મૂળભૂત ઉદ્યોગનો દાખલો પૂરો પાડે છે. આવા ઉદ્યોગો બીજા ઉદ્યોગોને કાચો માલ કે કોઈક પ્રકારની શક્તિ (વીજળીક શક્તિ, રાસાયણિક શક્તિ કે અણુશક્તિ) પૂરી પાડતા હોઈ ઉદ્યોગીકરણના પાયારૂપ છે. પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવું હોય તો આ ઉદ્યોગોનો ઝડપી વિકાસ થવો જોઇએ. તમને થશે કે એ કેવી રીતે?


ઊંચું જીવનધોરણ

ઊંચું જીવનધોરણ એટલે વાપરવાયોગ્ય ચીજોની ખેંચ કે અછત નહિ, પણ વિપુલતા. હવે એવી ચીજોનું ઉત્પાદન વધારવું હોય, તો તે ઉદ્યોગોમાં વપરાતો કાચો માલ વધારે ને વધારે મળવો જોઇએ. આપણે ત્યાં જો માત્ર અમુક જ ટન સિમેન્ટ પેદા કરી શકે તેટલા ઉદ્યોગો હોય તો તેમની ઉત્પાદનશક્તિ વધારીને દોઢી કે બમણી કરવી જોઇએ. તે માટે એક બાજુએ હયાત ઉદ્યોગોમાં નવાં યંત્રો, વધારે સરસામાન તથા મજૂરો પૂરાં પાડવાં જોઇએ; અને બીજી બાજુ તદ્દન નવાં કારખાનાં શરૂ કરવાં જોઇએ. અને આ નવાં કારખાનાં ઊભાં કરવા માટે તેમાં વપરાતાં યંત્રોનું પણ સાથે ઉત્પાદન વધારવું જોઇએ. આ જ રીતે દેશની વધતી જતી કાપડની વપરાશને પહોંચી વળવા માટે અગાઉથી ચેતીને મિલો તથા હાથશાળની ઉત્પાદનશક્તિ વધારવી જોઇએ અને આ નાનાંમોટાં કારખાનાંઓને પૂરો પાડવા માટે સારા પ્રકારનો અને પૂરતા પ્રમાણમાં કપાસ ઉગાડવો જોઇએ. આમ, ખેતી, વપરાશના ઉદ્યોગો અને મૂળભૂત ઉદ્યોગો, એ બધાં એકમેકની સાથે સંકળાએલાં છે. બીજી યોજનાની એવી ગણતરી છે કે મૂળભૂત ભારે ઉદ્યોગોના વિકાસને લીધે સમસ્ત દેશના અર્થકારણને એક એવો ધક્કો લાગશે કે જુદાંજુદાં ક્ષેત્રોના ઉત્પાદનમાં વધારો થશે, એટલું જ નહિ પણ અર્થકારણનાં બધાં ક્ષેત્રોના ઉત્પાદનમાં વેગ આવશે અને આ વેગ વધતો રહેશે. એક ઢાળ ઉપર લખોટો દડતો મૂકીએ અને દરેક ક્ષણે તેની ગતિ વધતી જ રહે, તેવો અનુભવ મોટા પાયા પરના ઉદ્યોગીકરણથી સમાજને થાય છે. આ પ્રશ્નને જરા વિસ્તારપૂર્વક તપાસીએ.


ઉદ્યોગીકરણની અસર

મૂળભૂત ઉદ્યોગોનું ઉત્પાદન વધવાની સાથોસાથ વાહનવ્યવહારનો વિકાસ કરવાનું પણ અનિવાર્ય બને છે. આ માટે પહેલાં કરતાં વધારે વજન ફેરવી શકે તેવા ડબ્બાઓ અને ખેંચી શકે તેવાં એંજિનો જોઇએ. વળી આવો માલ કોઈ એવાં સ્થાનોએ પણ લઈ જવાનો હોય જ્યાં આજસુધી રેલવે લાઈન ન પેસી શકી હોય. આવા વિસ્તારોમાં રેલવે લાઈન, સ્ટેશન વગેરે થવાથી ગામડાંના આર્થિક અને સામાજિક જીવનમાં નવાં પરિણામોનો પ્રવેશ થાય છે. મોટરબસ, તારટપાલ વગેરે સાધનોને લીધે ગામડાંના લોકોના માનસમાં ચોક્કસ ફેરફારો થાય છે. એક ગામમાં સ્ટેશન થાય એટલે શહેર-ગામમાંથી બીજો વપરાશનો માલ આવે છે, છાપાં અને ખબરો પહોંચતાં રહે છે અને ધીરેધીરે લોકમાનસ નવા વિચારો ભણી અભિમુખ બને છે. સાથોસાથ બીજી બાજુ રાષ્ટ્રીય વિકાસ-યોજના અને ગ્રામવિકાસ યોજનાઓને આધારે નિશાળો, ગ્રામકેન્દ્રો, પંચાયતો, ખેતીસુધારણાની મંડળીઓ વગેરેની પ્રવૃત્તિ પણ ચાલુ છે, એટલે ગામડાંમાં બે બાજુથી વિકાસની પ્રક્રિયાનો વેગ વધવાનો.

રાષ્ટ્રીય વિકાસની યોજના (નૅશનલ એક્સ્ટેન્શન સર્વિસ) અને ગ્રામવિકાસની યોજના (કૉમ્યુનિટી ડેવેલપમેન્ટ પ્રોગ્રામ) ઉપર તો પહેલી પંચવર્ષીય યોજના જેટલો જ બીજી યોજનામાં પણ ભાર મૂકવામાં આવ્યો છે; કારણ કે ઉદ્યોગીકરણની ઉપર કહેલી અસરો દેશના ગ્રામવિસ્તારો સુધી પહોંચે ત્યાં સુધીમાં આ બંને કાર્યક્રમોને લીધે ગામડાંઓમાં વિકાસને અનુકૂળ માનસ તૈયાર થઈ ગયું હશે. આ



નાણાં કેમ ઊભાં કરાશે ?



નાણાં કેમ ખર્ચાશે ?


દૃષ્ટિએ બીજી પંચવર્ષીય યોજનામાં તો આખા દેશના સમગ્ર ગ્રામ-વિસ્તારને રાષ્ટ્રીય વિકાસ યોજના હેઠળ લાવવાની ગણતરી છે. એના તંત્રના ચાર મુખ્ય ભાગ છે: ગ્રામસેવકો, વિકાસ ઘટકના અધિકારીઓ, વિકાસનો મુખ્ય અધિકારી અને દિલ્હીનું મધ્યસ્થ તંત્ર.

'ફેરફાર' નહિ પણ 'ક્રાન્તિ'

વળી ભારે અને પાયારૂપ ઉદ્યોગોના ઉત્પાદનના વધારાસાથે સમસ્ત દેશની દૃષ્ટિએ એક અત્યંત અગત્યની પ્રગતિ પણ સંકળાએલી છે. ઉત્પાદનનો જંગી વધારો ઘણી વાર ઉત્પાદનક્ષેત્રમાં થએલા અવનવા ફેરફારો અને શોધખોળોને આભારી હોય છે: દાખલા તરીકે કોઈ કાચા માલની શોધખોળ, કે કોઈ ઔદ્યોગિક શક્તિની શોધખોળ. અઢારમી સદીમાં ઇંગ્લંડમાં જે ઔદ્યોગિક ક્રાંતિ થઈ તે ઉત્પાદનક્ષેત્રની કેટલીક મૂળભૂત શોધખોળોને લીધે હતી. એટલે જ એને સાદો 'ફેરફાર' ન કહેતાં 'ક્રાંતિ' કહેવામાં આવે છે. વળી આ શોધખોળો એક દૃષ્ટિએ જોઇએ તો એક સર્જક શક્તિ છે. કોઈ ખૂણામાં કાર્ય કરી રહેલો શોધક વીજળીના ચમકારાની જેમ બહાર આવે છે અને ઉત્પાદનનાં ક્ષેત્રોમાં આમૂલ ફેરફારો સર્જે છે. શોધખોળો અંતે તો દેશના ઇતિહાસનો ભાગ છે. એ શોધખોળો અને ઉદ્યોગીકરણની પાછળ સમાજના અમુક વર્ગની બુદ્ધિશક્તિ, નિયોજનશક્તિ, સાહસ ખેડવાની શક્તિ, વિશેષ પ્રકારની તાલીમ, બચત, બચતનું રોકાણ (અનેઆ બધાં માટે એક શબ્દ વાપરીએ તો 'પ્રગતિની ઇચ્છા' અથવા 'વિકાસ-માનસ') રહેલાં છે. વળી જેમ શોધખોળોને લીધે આર્થિક વિકાસ સધાય છે, તેમ એકવાર અર્થકારણમાં વિકાસની શરૂઆત થાય એટલે નવી શોધખોળો પરંપરાની જેમ શરૂ થાય છે. પરિણામે આર્થિક વિકાસ વેગ પકડે છે, સમાજજીવનમાં ફેરફાર થાય છે, જીવનનાં મૂલ્યો ધીમેધીમે બદલાય છે અને સમાજ આગળ વધે છે.

મધ્યમ વર્ગની મુશ્કેલી

ઉપરની લંબાણપૂર્વકની ચર્ચાની સાથોસાથ આજકાલની એક દલીલનો વિચાર પણ કરવો જોઇએ. આર્થિક વિકાસ અને ઉદ્યોગીકરણની અસર આજે તો હજુ ઉપર વર્ણવેલી ઝડપે નથી દેખાતી. દરમિયાન, યુદ્ધકાળથી ચાલ્યા આવતા ઊંચા ભાવ ને મોંઘવારીને લીધે સમાજનો મધ્યમ વર્ગ અત્યંત મુશ્કેલીભરી આર્થિક સ્થિતિમાં આવી પડ્યો છે. મોંઘવારી હજુ ચાલુ છે, કદાચ વધે તેવી શક્યતા છે! આ સ્થિતિમાં ટૂંકી આવકવાળાં મધ્યમ વર્ગનાં સંસ્કારી કુટુંબોને આજે પોતાનું સામાજિક સ્થાન, મોભો વગેરે ટકાવી રાખવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. છોકરાંઓની કેળવણી માટે ઘણાંઓને દેવાં કરવાં પડે છે, ઘણાં કુટુંબોમાં છેલ્લાં સાતઆઠ વર્ષથી સ્ત્રીઓ નોકરીઓ કરવા લાગી છે, અને આ બધાની પાછળ ટૂંકી આવક અને મોંઘવારી જ રહેલાં છે. આ ઉપરથી એવી દલીલ કરવામાં આવે છે કે સમાજના સંસ્કારસ્તંભ જેવો મધ્યમવર્ગ આમ



વહેંચણી

બૂસાઈ જશે તો જીવનમાં મૂલ્યો વગેરેનું શું? આ દલીલ સમજવા જેવી છે. આજે દેવું કરીને કે વધારે કામ કરીને બાળકોને કેળવણી આપવામાં મધ્યમવર્ગ કે કોઈ પણ વર્ગના લોકો જીવનના એક મહત્ત્વના મૂલ્યનું રક્ષણ કરી રહ્યા છે, અને આ દષ્ટિએ આ આખી પ્રવૃત્તિ સમાજને સ્થિરતા અર્પનારી લાગે છે. મધ્યમ વર્ગનો આ પ્રતિકાર છે, જીવનમાં એમને જે શ્રેષ્ઠ લાગ્યું છે તેને સાચવી રાખવાનો તેમનો ભગીરથ પ્રયત્ન છે. પરંતુ એ પ્રયત્નને હવે આનાથી પણ વ્યાપક કરવો જોઈશે. હવે પછીનાં વર્ષોમાં બીજી પંચવર્ષીય યોજનાને સફળ બનાવવા એકલા મધ્યમ વર્ગ જ નહિ પણ પ્રજાના એકેએક વર્ગે પ્રયત્ન કરવો પડશે. સમગ્ર પ્રજાનું જીવનધોરણ એકસરખું ઊંચું આવે ને સર્વત્ર સમાનતા સ્થપાય તે પહેલાં આખા રાષ્ટ્રની પ્રજાએ એક લક્ષ્યાંક રાખીને કાર્ય કરવું પડશે. આવતાં પાંચ નહિ પણ દસથી પંદર વર્ષ એટલે કે ત્રીજી ને ચોથી યોજના પૂરી થાય ત્યાં સુધી અથાક પરિશ્રમનો ઇતિહાસ આપણે સર્જવો પડશે; સ્વાતંત્ર્યપ્રાપ્તિના ઇતિહાસ જેવો જ એક બીજો અમર ઇતિહાસ આપણે હજી સર્જવો પડશે.

૨ જી પંચવર્ષીય યોજનાનાં કેટલાંક લક્ષ્યો		પહેલી યોજનામાં	બીજી યોજના દરમિયાનમાં
ખાદ્ય સામગ્રી	(૧૦ લાખ ટનમાં)	૬૫	૭૫
શણ	(૧૦ લાખ ટનમાં)	૪	૫
સામુદાયિક વિકાસ	(સંખ્યા)	૬૨૨	૧૧૨૦
સિંચાઈનાં ક્ષેત્રો	(૧૦ લાખ એકર)	૬૭	૮૮
વીજળી	(૧૦ લાખ કીલોવૉટ)	૩·૪	૬·૮
નિર્મિત પોલાદ	(૧૦ લાખ ટન)	૧·૩	૪·૩
ઢાળેલું લોઢું	(૧૦ લાખ ટન)	૦·૩	૦·૭૫
એલ્યુમિનિયમ	(હજાર ટન)	૭·૫	૨૫·૦
યંત્ર-સામગ્રી	(લાખ રૂપિયા)	૭૫	૩૦૦
મોટરો	(સંખ્યા)	૨૩૦૦૦	૫૭૦૦૦
રેલ્વે એંજિન	(સંખ્યા)	૧૭૦	૩૦૦
સિમેન્ટ	(૧૦ લાખ ટન)	૪·૮	૧૦
ગંધકનો તેજાબ	(હજાર ટન)	૧૬૦	૪૫૦
કૉસ્ટિક સોડા	(હજાર ટન)	૩૫	૧૨૦
રેલવેયાત્રાના માઈલ	(૧૦ લાખ)	૧૦૮	૧૨૪
રેલ્વેરસ્તે માલ વહન	(૧૦ લાખ ટન)	૧૨૦	૧૬૨
સડકો - રાષ્ટ્રીય માર્ગ	(હજાર માઈલ)	૧૩	૧૩·૬
પાકી સડકો	(હજાર માઈલ)	૧૦૨	૧૧૧

ટિકિટ સંગ્રહ

એ સંસારવ્યાપી શોખનો વિભાગ



ટોકિયોથી ક્યોટો સુધીની ટોકાઈડો રેલવેનું વીજળીકરણ પૂરું થયાના સ્મરણમાં જપાને બહાર પાડેલી ખાસ ટિકિટ. (મોકલનાર: કીર્તિકુમાર દોશી, મુંબઈ)



પોતાને ત્યાં તાર દાખલ થયાની શતાબ્દી પ્રસંગે આ વર્ષે ઇન્ડોનેશિયાએ પ્રકટ કરેલી ટિકિટ, જે પર તારવહનના યંત્ર અને તારસંજ્ઞાઓ મંડિત કાગળની પટ્ટીની સંયોજના છે. (કીર્તિકુમાર દોશી)




રશિયાએ તાજેતરમાં બહાર પાડેલી બે ટિકિટો: ડાબી બાજુ—ભારતના મહાકવિ કાલિદાસના સ્મરણમાં પ્રકટ કરેલી ટિકિટ, જેના પર લખાણ છે: કાલિદાસ ભારતના મહાન કવિવર—૪ થી ૫મી સદી. નીચે રશિયન ભાષામાં બહાર પડેલા પુસ્તક 'શાકુંતલ'નું તથા પશ્ચાદ્ભૂમાં ભારતનું નિદર્શન છે. જમણી બાજુ: તા. ૨–૭–૫૭ થી ૧૨–૮–૫૭ સુધી ચાલેલા 'જગત-યુવક-મહોત્સવ' નિમિત્તે બહાર પાડેલી ટિકિટ.


(બંને મોકલનાર: કીર્તિકુમાર દોશી—મુંબઈ)



અગસ્ત્યને પગલે...


લેખક અને ફોટોગ્રાફર
નવનીત પારેખ





રાજમહેલમાં મિકાડો તથા તેમનું કુટુંબ રહેતાં હોઇ તે અંદરથી તો જોવા ન મળ્યો. પરંતુ બહારના બગીચામાં અમને ફેરવ્યા. યુરોપ-અમેરિકાની જેમ જાપાન, હૉંગકૉંગ તથા બૅંગકૉકમાં પણ ટ્રાવેલ-એજન્સીઓ તરફથી પ્રવાસીઓ માટે 'સાઈટ-સીઈંગ ટૂર' ગોઠવેલી હોય છે. આવી ટૂર માટે તદ્દન આધુનિક, બધી જ સુખ-સગવડવાળો 'કોચ' હોય છે, જેમાં ઓછા ખર્ચે પ્રવાસી શહેરનાં ઘણાં જાણીતાં સ્થળો થોડા જ સમયમાં જોઈ શકે છે. આવી ટૂરમાં સરસ અંગ્રેજી જાણતા અનુભવી, હસમુખા, ભોમિયા (ગાઈડ) ઉપરાંત સાથે ફરવામાં બીજા દેશપરદેશના પ્રવાસીઓની સોબતનો પણ લાભ મળે છે.

સુમીદા નદી ઉપર વસેલું ટોકિયો શહેર લંડન ને ન્યૂ યૉર્ક પછીનું દુનિયાનું ત્રીજું નગર કહેવાય છે. તેની વસતિ આશરે ૮૨ લાખની છે. આટલી મોટી વસતિવાળા શહેરના કોઈ પણ વિસ્તારમાં લોકો કીડીઓની જેમ ઊભરાતા નજરે પડે જ. ટોકિયોમાં મિકાડોના મહેલ ઉપરાંત જાપાનની લોક-સભા ડાએટનું ભવન, સરકારી કચેરીઓ, બૌદ્ધ તથા શિન્ટો મંદિર તથા વિદેશી રાજદૂતોનાં મકાનો આવેલાં છે. ૧૯૩૬માં



જાપાની સ્ત્રીઓનો પોશાક : કીમોનો

બંધાએલું ડાએટનું ભવન ૨૧૫ ફીટ ઊંચું છે. આપણી જેમ ડાએટને પણ બે સભાગૃહો છે અને તેના કુલ સાતસો સભ્યો છે.

મંદિરોમાં અહીં કોઈ અસાધારણ ભવ્ય કે પ્રસાદ સમું નથી, પરંતુ નાનાંમોટાં મંદિરો ઘણાં છે. તેમાં બૌદ્ધ ધર્મના જોડો-શિન્શુ સંપ્રદાયના નિશિ-હોંગાન્જીના મંદિરનું સ્થાપત્ય આપણી ભારતીય શૈલીને મળતું લાગે છે. યાસુકુની મંદિર યુદ્ધમાં ખપી ગએલા દેશવીરોના પુણ્યાર્થે ઊભું કરેલું છે. વસંત-ઋતુમાં એના ઉદ્યાનમાંનાં અનેક ચેરી-વૃક્ષો મહોર અને ફૂલોથી ઊભરાઈ જાય છે ત્યારે બહુ આહ્લાદક દૃશ્ય જોવા મળે છે.

એક દિવસ બપોર પછી જાપાની મિત્ર શ્રી યામાઓકા મને જુદા-જુદા બાગ-બગીચા જોવા લઇ ગયા. ભૌગોલિક કારણોને લીધે જાપાની બુદ્ધિમત્તા ઘણા વિષયોમાં અજોડરીતે ખીલી છે. તેમાં યે બાગકામની કલા તો ખાસ નોંધપાત્ર છે. નવ કરોડ માનવીથી ઊભરાતા આ નાનકડા દેશનો ઘણો પ્રદેશ તો પહાડી છે. બાકી થોડીક બચેલી ફળદ્રુપ ભૂમિમાં ખેતીવાડી ઉપરાંત મોટા બાગબગીચાનો વૈભવ જાપાની લોકોને તો કેમ જ પોસાય? આ કુદરતી અવરોધને આંબવા જાપાની બાગબાનીમાં આખા યે બાગની રચના સૂક્ષ્માકારે થાય છે. આબેહૂબ મોટાં વૃક્ષ જેવા દેખાવના ટચૂકડા છોડ, મોટી નદી જેવું વળાંક લઇને વહેતું નાનું અમથું ઝરણું, ઊંચા પહાડ જેવા દેખાતા નાના ખડક તથા વિશાળ સમુદ્રનો આભાસ કરાવે તેવી પાથરેલી રેતીનો બહુ યુક્તિપૂર્વક ઉપયોગ કરીને જાપાની લોકો કોઇ વિશાળ ઉદ્યાનનો દૃષ્ટિભ્રમ ઊભો કરે છે. આ પ્રજાનાં પુલ માટેનો અનુરાગ આવા બગીચાઓમાં ખાસ તરી આવે છે. કોઇ નાના બાગમાં પણ ઝરણાં ઉપર ચારપાંચ પુલ તો જરૂર જોવા મળે. ટોકિયોના 'કોરાકુએન' તથા 'હાપ્પોએન' બાગ આવા સૂક્ષ્માકાર-ઉદ્યાનના લાક્ષણિક નમૂના છે. એક બાગમાં તો એક કૂંડામાં વાવેલું દોઢ ફૂટ ઊંચું 'વૃક્ષ' જોયું તે બસો-ત્રણસો વર્ષ જૂનું હતું!

એક દિવસ બપોરે અમે કોડોકાન-હૉલ પર ગયા. અહીં જાપાની મલ્લ યુદ્ધ 'જુડો' માટે શિક્ષણ અપાય છે. જાપાની દ્વન્દ્વરીતિના બે વિશિષ્ટ પ્રકાર છે: 'જુડો' અથવા 'જુજુત્સુ' અને 'સુમો'. જુડો તો સામાન્ય માણસો પણ સરળતાથી શીખી શકે છે અને અમે ગયા ત્યારે સંખ્યાબંધ જાપાની યુવાનો તથા કેટલીક યુવતીઓ તે શીખતાં હતાં. જુડોની ખૂબી બહુ-બળ કરતાં બુદ્ધિ-ચાતુર્યમાં છે. પ્રતિસ્પર્ધી ભલે મહા-શક્તિશાળી હોય, પરંતુ તમે જો ચપળ અને ચતુર હો તો તેના આક્રમણને તેના જ પતનનું સાધન બનાવી શકો અને અલ્પ શક્તિ છતાં પણ વિજયી બની શકો. પોતા પર ધસતા પ્રતિસ્પર્ધીને ચાલાકીથી એવો તો વળાંક આપવામાં આવે કે પોતાના જ વેગને લીધે તે ગુલાંટ ખાઇને પછડાઇ પડે! જુડો મુખ્યત્વે આત્મ-રક્ષણની વિદ્યા છે.

'સુમો' એ સાચા અર્થમાં મલ્લ-યુદ્ધ છે અને તેમાં તો ધંધાદારી નિષ્ણાતો હોય છે. સામાન્ય જાપાની તેના બીજા મંગોલી ભાઈઓ જેવો બટકો અને સુકલકડી હોય છે અને વીસથી ચાળીસ વર્ષના જાપાનીનું સરેરાશ વજન ૧૨૦ રતલ હોય છે; પરંતુ અઢીસોથી સાડા ત્રણસો રતલ વજનનો આ સુમો મલ્લ તો આપણા મથુરાના ચોબાની પણ સ્પર્ધા કરે તેવો હોય છે!

જાપાનમાં સામાન્ય શિક્ષણ કુલ સોળ વર્ષનું હોય છે. પહેલાં છ વર્ષ પ્રાથમિક શિક્ષણ, તે પછી ત્રણ વર્ષ માધ્યમિક શાળામાં, પછીનાં ત્રણ વર્ષ મોટી શાળા (હાઈસ્કૂલ)માં અને છેલ્લાં ચાર વર્ષ કૉલેજમાં. હવેના શિક્ષણમાં સમાજશાસ્ત્ર તેમજ સાંસ્કૃતિક વિષયો ઉપર ઘણું ધ્યાન અપાય છે. અમુક વર્ષો દરમ્યાન અંગ્રેજીનું શિક્ષણ હવે ફરજિયાત છે.

ચીનની જેમ જાપાની લિપિ પણ ચિત્રલેખી છે. વસ્તુ કે વિષયની ટૂંકી રૂપરેખા દોરીને લખવાની પદ્ધતિમાંથી એ લિપિનો ઉદ્ભવ થયો છે. કાળે કરીને તેમાં પરિવર્તન થતાં સરળતા આવી છે, છતાં પ્રાથમિક શાળામાં પણ વિદ્યાર્થીને લગભગ બે હજાર મૂળાક્ષરો શીખવા પડે છે! અસંખ્ય અક્ષરોવાળી આવી સંકીર્ણ લિપિને લીધે જ ઘણાખરા જાપાની લોકોની આંખો નબળી બને છે અને તેઓને ચશ્માં પહેરવાં પડે છે. જાપાની લિપિમાં ઘણા ચીની મૂળાક્ષરો આવેલા છે. જાપાનની અસલ લિપિનું નામ હીરાગાના છે જેમાં ફક્ત ૪૮ મૂળાક્ષરો જ છે.

જગતની ઘણીખરી લિપિઓ ડાબેથી જમણે આડી લખાય છે; મધ્ય-પૂર્વની અરબી, ફારસી તેમજ ઉર્દૂ લિપિઓ તેથી ઊલટી (જમણેથી ડાબે) લખાય છે; પરંતુ જાપાની લિપિ ઉપરથી નીચે—ઊભી લખાય છે અને તે ઊભી લીટીઓ પણ જમણેથી ડાબે જાય છે!

જાપાની લોકો અત્યન્ત વિવેકી તથા સૌજન્યપૂર્ણ પ્રજા છે. તેમના શિષ્ટાચાર પ્રમાણે જો હું દાક્ષિણ્ય બતાવી શકું તો સરળતાથી તેમનાં કુટુંબોમાં ભળી જઇ શકું અને ટૂંક સમયમાં તેમની પ્રીતિ સંપાદન કરી શકું એ ઉદ્દેશથી ટોકિયોમાં પહેલે જ દિવસે મેં શ્રી કાતાયામા પાસેથી કેટલાંક વ્યવહારુ વાક્યો જાપાની ભાષામાં શીખી લીધાં હતાં.

સૌ પહેલાં તો જાપાની ઢબથી નમન કરતાં શીખ્યો. બે જાપાની જ્યારે મળે યા છૂટા પડે ત્યારે પોતાના બન્ને ઢીંચણ ઉપર હાથ ટેકવીને કેટલી યે પળો સુધી સામસામા નીચા લળે અને પોતાનું સન્માન દર્શાવે. ઘણો આભાર માનવા માટે 'અરીગાતો ગોઝાઈમસુ' કહે છે. જ્યારે છૂટા પડતી વખતે 'સાયોનારા' કહે છે. દિલગીરી દર્શાવવા 'સુમીમાસેન' કહેવાનું અને કાંઈક ભૂલ થઈ જાય તો ક્ષમા માગવા 'ગોમેન કુડાસાઈ' કહેવાનું.

ટોકિયોમાં તેમજ આગળ ઉપર બીજાં સ્થળોએ કેટલાક જાપાની-ઓને મોં ઉપર રૂનો ડૂચો મૂકીને તે ઉપર પાટો બાંધેલા જોયા. પહેલાં એકબે વાર તો મને થયું કે તેમને મોં ઉપર કાંઇક વાગ્યું હશે; પણ પછી તો બીજા એવા ઘણા જાપાનીઓ જોવા મળ્યા. થયું કે આપણા જૈનમુનિ-ઓની મુહપત્તીની જેમ જંતુઓની હિંસા રોકવા હશે? પણ પછી જાણવા મળ્યું કે નાકની શરદી માટે ઠંડી હવા રોકવા તે બાંધેલા હતા!

હૉંગકૉંગ, જાપાન તેમજ પૂર્વ એશિયામાં અન્ય સ્થળોએ ઘણા લોકોના દાંતમાં સોનું પૂરેલું જોયું. જાપાનમાં તો નબળા દાંત જ તેનું કારણ હશે, પરંતુ અન્ય સ્થળોએ જાણ્યું કે દાંતના પોલાણને ભરી દેવા ઉપરાંત આ રોજેરોજનું કમાઈ ખાનાર લોકો તે નિમિત્તે થોડુંક સોનું બચાવે છે, જે તેમના મૃત્યુ પછી ઉત્તરક્રિયા માટે બહુ કામમાં આવે છે!

જાપાનીઓના કાળા વાળ તો કોઈ પણ પ્રવાસીનું ધ્યાન ખેંચે જ. સાઠ-સિત્તેર વર્ષના વૃદ્ધ જાપાનીના પણ કાળામેશ વાળ જોઇને કોઇને પણ આશ્ચર્ય થાય. તેનું રહસ્ય પૂછતાં જણાયું કે જાપાનીઓ ખોરાકમાં નિયમિતરીતે એક પ્રકારના દરિયાઈ વેલાનો ઉપયોગ કરે છે જેને લીધે તેમના વાળ કાળા રહે છે, અને વંશપરંપરાગત તે ઊતરી આવે છે.

જાપાનમાં ત્રણચાર જાણીતી નૃત્ય-શિક્ષાપીઠ ચાલે છે. તેમાંની એક 'સાકાકીબારા ડાન્સ ઇન્સ્ટિટયૂટ'ના સ્થાપક અને સંચાલક શ્રી કિત્સુ સાકાકીબારા સાથે મુંબાઈના મિત્ર તથા ઈન્ડો જાપાનીઝ એસો-સીએશનના મંત્રી શ્રી પોદ્દારે મારો પરિચય કરાવ્યો હતો. એક સાંજે તેમનાં મંત્રી શ્રીમતી કાગાવા તથા મારા મદદનીશ શ્રી કાતાયામા સાથે અમે તેમને ઘેર પહોંચ્યા. તેમના ચાર માળના મકાનના નીચેના ભાગમાં તેઓ રહે છે, જ્યારે ઉપરના બે માળમાં નૃત્યસંસ્થાના વર્ગો ચાલે છે. ટોકિયો તેમજ જાપાનમાં ઠેકઠેકાણે તેમની શાખાઓ છે અને ત્યાં હજારો જાપાની યુવતીઓ શાસ્ત્રીય નૃત્ય શીખે છે.

ઘરમાં પ્રવેશતાં જ તેમનાં પત્ની તથા પુત્રીઓએ નીચાં લળીને આવકાર આપ્યો. ગોખી રાખેલાં બેત્રણ જાપાની શિષ્ટચારનાં વાક્યોથી મેં જવાબ વાળ્યો અને તેમના ઘરમાં અમે ફર્યાં. ઘરમાં સૌથી નોંધ-પાત્ર તો ભારતીય કલાના નમૂના હતા. શ્રી સાકાકીબારા ઉપર ભારતીય સંસ્કૃતિ તથા નૃત્યપ્રણાલિકાઓની ઊંડી છાપ પડેલી છે અને તેઓએ ભારત આવીને આપણાં શાસ્ત્રીય નૃત્યોનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેમના નૃત્ય-અભિનય તેમજ મુદ્રાઓ માટે તેમણે ભારતનાટ્યમ્-માંથી પ્રેરણા મેળવી છે અને ત્રણેક વર્ષ ઉપર તો મુંબાઈ આવીને તેમણે જાપાની તેમજ ભારતીય નૃત્યો કરી બતાવ્યાં હતાં. તેમની નૃત્ય-સંસ્થાનું પ્રતીક આપણા નટરાજ છે અને એ નટરાજના આલેખનવાળી લાખની કેટલીક તાસકો પોતાની સંસ્થા માટે તેમણે બનાવડાવી હતી તેમાંની એક મને ભેટ આપી. જાપાની નૃત્યવિશારદ પાસેથી નટરાજના ચિહ્નવાળી સોગાદ મળતાં હર્ષ તેમજ ગૌરવનો ભાવ સહજ થાય. તેમના દીવાનખાનામાં નટરાજના મોટા ચિત્ર ઉપરાંત રાધાકૃષ્ણનાં ચિત્રો, કાંસાની મૂર્તિઓ તથા મધ્યયુગનાં રાજપૂત ચિત્રો પણ ટાંગ્યાં હતાં. વધારામાં ભારતીય શાસ્ત્રીય સંગીતની એકબે રેકૉર્ડ વગાડીને તેમણે ઘડીભર હું ઘરઆંગણે જ હોઉં તેવું વાતાવરણ સરજી દીધું.



કાબૂકી રંગભૂમિના અલંકારનું વેશપરિધાન

રાતના જમણ માટે પણ બધી શાકાહારી ભારતીય વાનગીઓ જ હતી. તે બનાવવા માટે તેમણે ભારતીય એલચીખાતામાંના પોતાના મિત્ર શ્રી શર્મા તથા તેમનાં પત્નીને ખાસ આમંત્રેલાં.

ભારતની ચાર મુખ્ય નૃત્યપ્રણાલિકાઓ, તથા જાપાની સિયામી અને જાવા–બાલીની નૃત્યરીતોનાં સામ્ય તથા વિશિષ્ટતા વિષેની વાતોમાં અમારા બેત્રણ કલાક વીતી ગયા. ભોજન પછી તેમની ચાર શિષ્યાઓએ તેમનાં બે નૃત્ય કરી બતાવ્યાં.

સાકાકીબારા-દંપતી સહૃદયી ને પ્રેમાળ હતાં. તેમણે આગ્રહપૂર્વક પોતાને ત્યાં રહેવાનું મને આમંત્રણ આપ્યું. મારે પણ કોઈ સંસ્કારી કુટુંબ સાથે રહી તેમનું જીવન તથા રીતરિવાજો જોવાં હતાં, તેથી એ આમંત્રણ સ્વીકારીને એકબે દિવસ માટે તેમને ત્યાં રહેવા ગયો.

શાસ્ત્રીય નૃત્યો ઉપરાંત જાપાનમાં બે મુખ્ય શાસ્ત્રીય નાટ્યપ્રકારો છે. એક 'કાબૂકી' અને બીજો 'નો'. કાબૂકી નાટક જોયા વિના જાપાનની મુલાકાત અધૂરી જ ગણાય. ટોકિયોના કાબૂકી–ઝા થીએટરમાં લગભગ રોજ તે ભજવાય છે. સત્તરમી સદીથી ચાલતી આવતી આ નાટ્યશૈલીમાં અભિનય, સંગીત તથા નૃત્યનું વિશિષ્ટ મિશ્રણ છે. ગુજરાતની જૂની નાટ્યપ્રણાલીની જેમ કાબૂકીમાં પણ સ્ત્રીપાત્રોનો પાઠ પુરુષ અદાકારો જ ભજવે છે અને આપણા શ્રી જયશંકર 'સુંદરી' જેવા સ્ત્રીનો અદ્‌ભુત અભિનય કરનારા પુરુષ અદાકારો ત્યાં છે. આવા અભિનેતાઓને બાળપણથી જ સ્ત્રીનાં લક્ષણો તથા હાવભાવ શીખવવામાં આવે છે અને તેઓ અવાજ પણ સ્ત્રીના જેવો તીણો અને કોમળ કાઢી શકે છે. તેમને ઓન્નાગાટા કહે છે. શ્રી ટોકીઝો નાકામુરા જાપાનના શ્રેષ્ઠ ઓન્નાગાટા ગણાય છે.

કાબૂકીની રંગભૂમિ વિશાળ અને અત્યંત કલાત્મક હોય છે. તેનાં સેટિંગ્સ ખૂબ રસપૂર્વક અને ઝીણવટથી ગોઠવેલાં હોય છે અને ભાષાની કઠિનાઈ તથા આ નાટિકાના ધીમા વાર્તાપ્રવાહને લીધે વિદેશી પ્રેક્ષકનો લાંબા સમય સુધી રસ જળવાઈ ન રહે તોપણ રંગભૂમિનાં સેટિંગ્સ તથા કલાકારોની વેશભૂષા તેને આકર્ષી રહે છે. રંગભૂમિનો એક છેડો પ્રેક્ષકોની બેઠકો વચ્ચે ઢળતો આવે છે, જેના ઉપર ચાલીને કેટલાંક પાત્રો પ્રેક્ષકોની વચ્ચેથી નીકળીને ધીમેથી તખ્તા ઉપર આવે છે. મુખ્ય કથાનકથી થોડેક દૂરના પ્રસંગને દર્શાવવા માટે પણ આ વિભાગ ઉપયોગમાં આવે છે. પ્રેક્ષકોની વચ્ચેથી પ્રવેશતાં આ પાત્રો એ જાપાની રંગભૂમિની એક વિશિષ્ટતા છે, અને એ પ્રવેશમાર્ગને હાના મિચિ કહે છે.

કેટલીકવાર દૈવી કે રાક્ષસી પાત્રો જમીનમાંથી ફૂટી નીકળે છે કે આકાશમાંથી ઊતરી આવે છે અથવા અલોપ થાય છે, યા પોતાનો સ્વરૂપબદલો પણ કરે છે. આવે સમયે તેમના પોષાકમાં પણ અનુરૂપ ફેરફાર કરવો જરૂરી થઈ પડે છે. તે માટે પડદા પાછળથી એકબે માણસો કાળાં વસ્ત્રોમાં આવીને થોડી પળોમાં અદાકારના વેશપલટામાં મદદ કરે છે ને તેના જૂના પોષાકને લઈને ધીમેથી પડદા પાછળ સરકી જાય છે.

કાબૂકી અદાકારની મુખભૂષા પણ બહુ વિચિત્ર અને વિશિષ્ટ છે. પોતાના હાવભાવને વધારે સચોટ બનાવવા તે આંખોને ખાસ પ્રકારે ચીતરે છે અને તેનો કેશકલાપ તથા પોષાક પણ લાક્ષણિક ઢબનો હોય છે. સામાન્ય રીતે પુરુષપાત્રનું વિશાળ કપાળ દર્શાવવા માથે કૃત્રિમ ટાલ હોય છે, જ્યારે સ્ત્રીપાત્રનો વિપુલ કેશવૈભવ બતાવવા માથા ઉપર મોટો કૃત્રિમ લાક્ષણિક ઢબનો કેશકલાપ ગોઠવ્યો હોય છે. પુરુષપાત્રની આંખો, ભ્રમર, નાક તેમજ મોં ઉપર બે ત્રણ રંગની જાડી રેખાઓ ચીતરવામાં આવે છે. લાલ રેખાઓ ક્રોધ અને વીરતા દર્શાવવા અને કાળી અથવા વાદળી રેખાઓ આસુરી ભાવ બતાવવા ચીતરાય છે, જે પાત્રના હાવભાવ તથા ચારિત્ર્યને વધારે સચોટ અને માર્મિક બનાવે છે. આ કાબૂકી મુખભૂષા (make–up)ને 'કુમાડોરી' કહે છે.

આપણા બંગાળી તખ્તા પેઠે કાબૂકી તખ્તો પણ ગોળ ફરી શકે તેવો હોય છે, અને જે દૃશ્યની ગોઠવણી લાંબો સમય માગે તેવી હોય તે પાછલા વિભાગમાં અગાઉથી જ ગોઠવી રાખવામાં આવે છે અને તેનો સમય આવતાં યાંત્રિકરીતે 'સ્ટેજ' ફેરવીને તેને પ્રેક્ષકો સમક્ષ લાવવામાં આવે છે. આથી ઘણો સમય બચી જાય છે.

કાબૂકીના અભિનય દરમ્યાન અવારનવાર પાત્રો પોતાના અગત્યના હાવભાવ પ્રત્યે પ્રેક્ષકનું ખાસ ધ્યાન દોરવા માટે થોડીક પળો માટે સ્થિર થઈ જાય છે. આવા અંગવિન્યાસ(pose)ને 'માઇ' કહે છે અને પ્રેક્ષકોનું તે તરફ ધ્યાન દોરવા માટે બાજુ ઉપરથી એક જણ લાકડાની લાંબી સપાટો વડે તાળી પાડી અવાજ કરે છે!

સામાન્ય રીતે કાબૂકીના બે સંગીતકારો રંગભૂમિની એક બાજુએ બેઠા હોય છે અને તેઓ પાત્રોનો સાથ કરે છે, જ્યારે સામી બાજુએ એક પેટી જેવી ઓરડીમાં બીજા સંગીતકારો પ્રેક્ષકો ન જોઈ શકે તેવી રીતે બેસે છે. તેઓ સામીસેન વગેરે વાદ્યો વડે મેઘગર્જના, વરસાદ, પક્ષીઓનો કલરવ આદિ અવાજો કરીને કથાના વાતાવરણને અસરકારક બનાવે છે. આજના કાબૂકી અભિનેતાઓમાં શ્રી કીચીમોન નાકામુરા શ્રેષ્ઠ અદાકાર ગણાય છે.

જાપાનનો બીજો નાટ્ય–પ્રકાર 'નો' કદાચ કાબૂકી જેટલો જાણીતો નથી, પરંતુ જાપાની જીવનમાં તો તેનું અનોખું સ્થાન છે. કાબૂકી કરતાં પણ એ વધારે ગહન પ્રકારનો છે અને તેના અભિનયની રીત સમજ્યા વિના તે જોવાથી તેની મઝા મારી જાય છે. 'નો'નું થીએટર તથા તખ્તો પણ કાબૂકી કરતાં તદ્દન જુદાં. કાબૂકીનું થીએટર ઘણું વિશાળ હોય છે અને કાબૂકી–ઝા થીએટરમાં બે હજાર પ્રેક્ષકો સરળતાથી સમાઈ શકે છે; જ્યારે 'નો' થીએટરમાં સાતસો–આઠસો માંડ સમાય.

'નો'ની રંગભૂમિ સૌથી વધુ ચિત્તસ્પર્શી છે. થીએટરમાં દક્ષિણ દિશામાં હિનોકી(સાઈપ્રસ)ના લાકડાનો નાનો છાપરાવાળો મંડપ બાંધેલો હોય છે. આ જ 'નો'ની રંગભૂમિ. જાપાનમાં દક્ષિણાભિમુખ બેસવું તે સન્માનની નિશાની ગણાય છે; આથી અહીંની રંગભૂમિ થીએટરના દક્ષિણ ભાગમાં બાંધે છે, જેથી પ્રેક્ષકોને દક્ષિણાભિમુખ બેસાડી શકાય. થીએટરના ભૂ-તળથી ત્રણેક ફીટ ઊંચો ને અઢાર ફીટના ચોરસવાળો મંચ હોય છે. તેના ચાર ખૂણે એક એક થાંભલો હોય છે, જે પર અત્યંત કલામય છાપરું હોય છે. મંચ ત્રણ બાજુએ ખુલ્લો હોય છે. પાછળની દીવાલ ઉપર એક મોટું ચીડ (પાઈન) વૃક્ષ ચીતરેલું હોય છે. અસલી 'નો' નાટકો ખુલ્લામાં ચીડ-વૃક્ષોની આગળ ભજવાતાં તેના ચિહ્નરૂપે હવે આ પાછળની દીવાલ ઉપર ચીડ-વૃક્ષ ચીતરાય છે.

આશરે છસો વર્ષ ઉપર 'નો' નાટિકા શાસ્ત્રીય ઢબે ભજવાવી શરૂ થઇ ત્યારથી આજ સુધી તેમાં ખાસ ફરક પડ્યો નથી. એની ખાસ વિશિષ્ટતા તો એમાં પહેરવાનું મોરું (mask) છે. 'નો'માં પાત્રો બહુ ઓછાં હોય છે અને મુખ્ય પાત્ર (જેને 'શીટે' કહે છે) મોં ઉપર મોરું (mask) પહેરે છે; બીજાં પાત્રો તે પહેરતાં નથી. એ શીટેના અભિનય તથા તેની ભૂમિકાની આસપાસ જ 'નો'ની કથા વણાઈ હોય છે. આ મુખાવરણ (માસ્ક) સિવાય 'નો'માં બીજી મુખભૂષા (મેઈક અપ) બહુ ઓછી હોય છે, પરંતુ પાત્રોને અનુરૂપ વિવિધ પોષાકો તથા કેશભૂષા વપરાય છે. 'નો' નાટકોનાં કથાનક પણ મુખ્યત્વે મધ્ય-યુગી હોય છે અને તેના મુખ્ય પાત્ર(શીટે)માં ઘણુંખરું કાંઇક અલૌકિક તત્ત્વ હોય છે. પ્રથમ અંકમાં શીટે છદ્મવેષમાં આવે છે જ્યારે પાછલા અંકમાં સાચા સ્વરૂપે પ્રગટ થાય છે. ઘણી વાર તે કોઇ દેવતા, ભૂતપ્રેત, જંગલી પશુ, વૃદ્ધ પુરુષ કે સ્ત્રી, બાળક, ડાકણ, પરી (અનુ. છેલ્લેથી બીજે પૃષ્ઠ)

કુલપતિ કઝિન્સ

ભારતીય કલા અને સંસ્કૃતિના એ પુરસ્કર્તાના સ્વજીવનનાં સંસ્મરણોનો છેલ્લો હપતો

સંદોહક: **રવિશંકર રાવળ**

યુનિવર્સિટીનાં વ્યાખ્યાનોનો ભાર તો મન ઉપર હતો જ, એવામાં તેમને બે પત્રો મળ્યા. એક હતો શ્રી એરુંડેલનો, કે 'તમે તથા શ્રીમતી બેટા હવે અધારમાં આવી નિવાસ કરો.' બીજો હતો જયપુરમાં પ્રધાન બનેલા સર મીરઝાં ઈસ્માઈલનો,–રાજ્યમાં એક સારી જગ્યા ઉપરની નિમણૂકનો. બંને જગ્યાએ સેવાની સુંદર તકો ઊભી હતી. પણ હવે તો શ્રીમતી કઝિન્સની તબિયત પ્રમાણે જ ભાવિ નિવાસસ્થાન નક્કી થવાનું હતું. એક દિવસ ફરતાંફરતાં તેઓ બોલ્યાં, 'હું આજે તો ઘણી ઠીક જણાઉં છું. માત્ર સ્મૃતિ કામ કરતી નથી.' બીજી બધી રીતે દરેક વસ્તુમાં તેમનો રસ જાગ્યો હતો. કુદરતપ્રેમ એવો ને એવો જ હતો. "એના વિચારો, એની-પસંદગી નાપસંદગી વગેરેનો ચિર સંબંધથી હું પૂર્ણ ભોમિયો બન્યો હતો અને તેથી અમે દૃષ્ટથી એકબીજાને સમજી શક્યાં હતાં. કેટલાક આ નહિ સમજે. અમારી વચ્ચેની ઊંડી આત્મગ્રંથિઓના તાણાવાણા કોઈ નહિ જાણી શકે. દૈનિક જીવનમાં તો અમારી એકમતિ હોય એમાં નવાઈ નહિ, પરંતુ જીવનની ઉચ્ચ ભૂમિકામાં અમારી એકતાનતાનો ખયાલ અમે અને થોડાક જ બીજા જાણી શકે. તે ઘણી વાર કહે, 'મારું તમારા વિના શું થાય?' એનો જવાબ હું એક જ આપતો: 'હું જીવું છું ત્યાં સુધી એ પ્રસંગ આવવાનો જ નથી.'

ત્રિવેન્દ્રમનો એક વર્ષનો વધુ કરાર પૂરો થાય ત્યાં સુધી તેની જવાબદારી અદા કરવાની હતી. ૧૯૪૪માં ત્યાં ત્રણ અઠવાડિયાં માટે જવાનું હતું. તે પહેલાં મદ્રાસ જઇને સ્ટૅનલી વ્યાખ્યાનમાળા (ફેબ્રુઆરી ૧૪, ૧૫, ૧૬, ૧૯૪૪) આપી. યુનિવર્સિટી શહેરથી દૂર પડી અને રસ ધરાવતા, ભૂખતરસ વેઠીને પણ આવે એવા નાગરિકો પહોંચી ન શકે એવો સમય રાખ્યો હતો. ૩૦ જણનું શુષ્ક શ્રોતામંડળ હતું, અને વિચિત્રતા એ હતી કે મારા જેવા ધર્મંમતારક પ્રોટેસ્ટંટના વ્યાખ્યાનની સભા માટે રૂઢિચુસ્ત કૅથલિક પાદરી પ્રમુખ હતા!

પહેલા વ્યાખ્યાનમાં વ્યક્તિગત જીવનમાં કળા અને શિલ્પ દ્વારા ગુણવૃદ્ધિ કરી સમસ્ત સમૂહજીવનનો મિજાજ તથા વલણ બદલી નાખવાની જરૂર અને કારણો દર્શાવ્યાં. બીજા વ્યાખ્યાનમાં દર્શનીય કળાઓ-(સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકામ અને તક્ષણ)ની જીવનમાં કેવી અને કેટલે સુધી અસર પડે છે તે બતાવ્યું. ત્રીજામાં ચિંતનીય કળાઓ(નાટક, નૃત્ય, સંગીત અને કવિતા)નો પ્રભાવ સમજાવ્યો. અલ્લાહાબાદની સાહસિક પ્રકાશનસંસ્થા 'કિતાબિસ્તાને' પુસ્તકરૂપે તે પ્રસિદ્ધ કર્યાં અને વિશાળ શ્રોતાગણ આગળ તે બધાં પહોંચાડી દીધાં."

ત્રિવેન્દ્રમમાં પણ યુનિવર્સિટીના કળાવિભાગના અધ્યક્ષ તરીકે તેમણે કૉલેજમાં તેમજ જાહેરમાં ભાષણો આપ્યાં. આ વખતે તેમણે 'યુદ્ધોત્તર નવરચના' ઉપર વ્યાખ્યાન આપ્યું ત્યારે જ્યૂબિલી ટાઉન હૉલ ચિક્કાર ભરાઈ ગયો હતો. તેનું કારણ વ્યાખ્યાતા નહિ, પણ પ્રમુખસ્થાને દીવાન સર સી. પી. રામસ્વામી અય્યર હતા. જેઓ હાજર હતા અને જેઓ નહોતા આવ્યા તે બંને માટે કઝિન્સને ખૂબ દુઃખ લાગ્યું, કારણ કે હાજરમાં માત્ર સરકારી નોકરો અને યુનિવર્સિટીના માણસો જ હતાં. તેમને તો રસ્તે જતાં માણસ કે મેદાનમાં ખેલતાં બાળકો જેટલો જ કળાનો ખયાલ હતો.



We Two Together : છેલ્લી સંયુક્ત છબિ

પાછાં બૅંગલોર પહોંચી ગયાં ત્યારે શ્રીમતીની તબિયત ઘણી સુધરી હતી. બંને જણે ૪૧મી લગ્નતિથિ આનંદમાં ઊજવી અને લાગ્યું કે હવે પણ એવું જ ફરી બનતું રહેશે. પણ ઈશ્વરનિર્માણ જુદું હતું. એપ્રિલની ૨૨મીએ ફૂલો પર આશક બનેલી એક ગાયે બધો ક્રમ બદલી નાખ્યો. આયા જરા દૂર ગઈ હતી એવામાં એક ગાય કૉમ્પાઉન્ડમાં પેસી ફૂલોના ક્યારા પર આવી. પાસે કોઈ નહોતું એટલે શ્રીમતી કઝિન્સ એકદમ ખુરશી પરથી ઊઠી હાંકવા ગયાં ત્યાં ગાયે માથું ઊંચું કર્યું, એટલે ડરીને જેવાં પાછાં હઠવા ગયાં કે ધબ કરતાં પડયાં. એક્સ-રેની તપાસમાં સાથળનું હાડકું તૂટેલું જણાયું અને આઠ અઠવાડિયાં પ્લાસ્ટરમાં રાખવાની દાક્તરી સજા થઈ!

પરંતુ સતત પડ્યા રહેવાથી શ્રીમતીજીને પૂંઠ પર ઘારું પડયું, એટલે પ્લાસ્ટર છોડી નાખવું પડયું. પણ ક્ષ-કિરણથી જોતાં જણાયું કે ધાર્યા કરતાં વહેલાં તેમનું હાડ સંધાઈ ગયું હતું. હવે તેમની માનસિક તપાસ માટે બૅંગલોરના આગેવાન મનશ્ચિકિત્સક પાસે જવાનું ઠર્યું. આ બાબતમાં ડૉ. ગોવિંદસ્વામી ઘણા અનુભવી. સાથે ઘણા મોંઘા પણ હતા! "મેં તો ખર્ચનો વિચાર જ કર્યો નહિ. જૂનની બીજી તારીખે બપોરે તેમને, એક દરદીને તપાસવા છે કહી તેડાવ્યા. મિસિસ માર્ગરેટ કઝિન્સ જેવી વ્યક્તિ દરદી છે તે જાણીને એ અજાયબી પામ્યા. એક જૂના મિત્રના સદ્ભાવથી તે મળ્યા અને એકલાં દરદીને જ પરદામાં લઈ જઈ ખૂબ તપાસ પછી આવીને કહ્યું, 'ડૉક્ટરો ચિંતા બતાવે છે એવું એમનું માનસિક દર્દ નથી. શારીરિક લકવાની જ તે અસર છે અને તે દવા વગર જતી રહેશે; જોકે પૂરેપૂરી નહિ મટે. થોડા દિવસ દવાખાનામાં રહી ઘેર જવું અને મારે જાતે જ તેના દાક્તર થવું. ઉપચારમાં શબ્દવિનોદ, રમત, રેંટિયો અને હળવી માલિશ.' તેમની ફી મારે આપી દેવી કે ઑસ્પિટલ મારફત મોકલવી તે પૂછ્યું. 'ઑસ્પિટલમાંથી યે નહિ અને તમારે પણ આપવી નહિ. ચાલો તમારે ઘેર જ જવાનું છે, તો હું તે જ રસ્તે જવાનો છું.' રસ્તામાં તેમણે એક કવિતા બોલવા માંડી.

માનસચિકિત્સક માટે તે યોગ્ય જ હતું. પણ આ લીટીઓ તો 'રાજરાણી'ના મારા નાટકમાંથી જ હતી! 'અરે ભાઈ, તમે આ ક્યાંથી યાદ કરી?' એમણે કંઈક આવો જવાબ આપ્યો : 'કેટલાંક વર્ષો પહેલાં હું યુનાઈટેડ સ્ટેટ્સમાં હતો અને મારે ભારતીય તત્ત્વજ્ઞાન ઉપર વાર્તાલાપ કરવાના પ્રસંગો આવતા. હું મારા શ્રોતાઓને કહેતો કે મૅક્સમૂલરનાં 'છ દર્શનો' (તરજૂમો) વાંચવાની મહેનત કરતાં જેમ્સ એચ. કઝિન્સની 'રાજરાણી'માંથી આ થોડી લીટીઓ મોંએ કરી લેજો. નાચતી ગાતી રાજરાણી મીરાંનું એ ગીત જાણે સીધું ભગવદ્‌ગીતામાંથી આવ્યું છે.' આ વખતે મને વેંચુરાના એક ડૉક્ટર યાદ આવી ગયા, જેણે ફીને બદલે મારાં વ્યાખ્યાનો સ્વીકારેલાં! આવો વિનિમય જો સાધારણ બને તો ઘણાનો આર્થિક પ્રશ્ન ઊકલી જાય.

જૂન ૧૪મીએ દર્દીને ઍમ્બ્યુલન્સ(દર્દીની ગાડી)માં ઘેર લઈ આવ્યા. તેમનું જ્ઞાનદર્શન, આદર્શ અને માનવપ્રેમ (જેમાં હું પણ ખરો) એમનો એક સ્વભાવ જ બની ગયાં હતાં. ભવિષ્ય માટે શાંતિ અને સંતોષ રાખી અમે બંને વિધિનું સ્પષ્ટ માર્ગદર્શન મળે તેની રાહ જોવા લાગ્યાં. અઠવાડિયા પછી તેમણે મને સર મીરઝાંનું આમંત્રણ સ્વીકારી જયપુર જવા આગ્રહ કર્યો."

જયપુર જઈને ડૉ. કઝિન્સે રાજ્યમહેલના ભંડારમાંની રાજપૂત અને મુઘલ કલાની અદ્‌ભુત કૃતિઓ, તસ્વીરો તથા મહારાજાનો અંગત સંગ્રહ જોયાં અને કલાની સેવાનો અપૂર્વ અવસર મળશે એમ માન્યું. પણ એવામાં સર મીરઝાં પ્રધાનપદેથી છૂટા થયા અને જયપુરની માત્ર વાત જ રહી ગઈ. ડૉ. એરુંડેલનું અદ્યાર ખાતેના કાયમી નિવાસ માટે નિમંત્રણ તો ઊભેલું જ હતું. ત્યાં તેમની અપાર સેવાઓ તથા તેમના અધિકારની રૂએ તેમને અદ્યાર નદી અને બંગાળના ઉપસાગરના સંગમ આગળ 'સેવાશ્રમ'માં મુકામ મળ્યો.

શ્રીમતી કઝિન્સે માનવસેવામાં જે સક્રિય ભાગ પૂર્યો હતો તેનો હવે છેડો આવ્યો. હિંદુસ્તાનમાં નોકરીની સ્વીકૃત મુદત (પંચાવન વર્ષ) વટાવીને ઉપર અગિયાર વર્ષ તેમણે આપ્યાં હતાં. નષ્ટકે આવી પડેલી આ 'સુપ્રાપ્ત નિવૃત્તિ' (well-earned retirement) લેતાં પહેલાં દસ વર્ષનું વધારાનું સખત કામ તો કરી ચૂક્યાં હતાં, અને હવે એ અમીરી, નિઃસ્વાર્થ, પ્રજ્ઞાવાન, પ્રેમાળ ને સુખી આત્માના દ્રષ્ટા અને સહાયક બની તેમની લુપ્ત બનેલી વાણીની ખોટ ભુલાવવાનો પ્રયત્ન કરવાનો હતો. દિવસ અને રાતનો એવો 'સખીધર્મ' ડૉ. કઝિન્સે ઉપાડી લીધો. શ્રીમતી ક્વચિત થોડી લઈ કૅમ્પાઉન્ડમાં ફરતાં ત્યારે ડૉ. કઝિન્સની સર્જક કલ્પનામાંથી કાવ્યપંક્તિઓ નીકળી આવતી, અને એ રીતે તેમના નામે ચડેલાં ૨૭ પુસ્તકોમાં વૃદ્ધિ થતી.

વીસમી એપ્રિલે ભારત મહિલા પરિષદનું અધિવેશન મદ્રાસમાં મળ્યું. એનાં તો તે સંસ્થાપક હતાં. એના ઉદ્‌ઘાટન પ્રસંગે ડૉ. કઝિન્સ તેમને ત્યાં લઈ ગયા. તેઓ ધોડી ખોટંગતાં આવ્યાં કે તુરત 'પરિષદનાં માતા' મંચ સુધી પહોંચે તેટલામાં એક સરઘસરૂપે મિત્રો ને કૅમેરામૅનો ગોઠવાઈ ગયા. પોતાની સ્થાપેલી સંસ્થા મહાન રાષ્ટ્રીય સફળતા અને લાગવગવાળી બની ગઈ હતી એ જોઈને તેમને સંતોષ થયો. ફરી વાર ઉનાળો આવતાં ગરમીથી બચવા તેઓ ૩૦૦૦ માઈલનો પ્રવાસ કરી સિક્કિમના ગિરિનિવાસ 'ગન્તુક'માં જઈ રહ્યાં. ત્યાં સિક્કિમના મહારાજાનો સત્કાર પામ્યાં અને ત્રિવેન્દ્રમના કલાસંગ્રહ માટે તિબેટી તનખા (ચિત્રપટો) મેળવ્યા.

અદ્યાર પાછાં આવ્યાં ત્યારે જીવનની બીજી કડવીમીઠી તૈયાર હતી. ડૉ. કઝિન્સ લખે છે: 'હું હમેશાં બીજાઓના આનંદમાં રાચનારો પાકો મૂર્ખ હતો. ઘરમાં ચંદી ખાલી ને બીજાની કોઠી ભરવાની ચિંતામાં મારી જાતની ઊંડી ચિંતા કદી કરી નહોતી.' ત્રાવણકોરમાં ઘણા વાંધાવચકા છતાં યે જગ્યા સલામત હોવાની તેમને ખાતરી હતી. પણ મનની ખાતરી શા કામની? પ્રિયજનને માટે જીવ તણાતો રાખી અદ્યારથી ૫૦૦ માઈલ દૂરની ખેપો કરવાની ચાલુ હતી. પણ તેમાં માત્ર ઉપરના અધિકારીઓ તરફથી મળતી પહેલાંના જેવી જ લાગણી, પ્રેરણા, ઉત્તેજન અને સમજવાળી સલાહ, કદરદાની તથા સ્નેહમયતા કારણરૂપ હતાં. પરંતુ નીચેના અધિકારવાળા જે માણસો રાજવહીવટનાં ચક્રો સંભાળતા હતા તેઓ બધા પ્રયત્નો ધૂળ મેળવી વાતાવરણ કલુષિત કરી રહ્યા હતા. તેમનામાં રાજદ્વારી અને ધાર્મિક વિદ્વેષો ખૂબ હતા. દીવાન સર સી. પી. રામસ્વામી સામે એ સૌનો વિરોધ વધ્યે જતો હતો તેથી સર સી. પી.નાં માણસોની સામે પણ એ જ વર્તન હતું. જોકે ડૉ. કઝિન્સ તો તેમના દીવાન થયા પહેલાં ૧૯૩૪ના કારભારમાં જોડાયા હતા અને સર સી. પી. તો ૧૯૩૬માં દીવાન થયા હતા. પણ તેમની સાથે સરકારી પત્રવ્યવહાર પણ બહુ થયો હતો, અને તેમના તરફથી પ્રશ્નોની સમજ, ઉકેલ, સગવડો, હા-નાના નિકાલ વગેરે ઝડપથી થતા. તે પોતે મ્યૂઝિયમ અને ગૅલેરી જોવા જાતે આવી જતા અને ઘણી કીમતી સલાહ-સૂચના આપતા. પણ નવી રાજકીય સંસ્થાઓએ દીવાનની શિખરકેન્દ્રિત સત્તા હઠાવી સમતળ ભૂમિવાળા રાજકારણને આદર્શ બનાવ્યું હતું. બ્રાહ્મણ અને તામિલિયન એવા બેવડી રીતે પરદેશીઓને હાંકી કાઢવાની હિલચાલ થઈ રહી હતી. દીવાનની ગાડી પર છોકરાઓ પથ્થર ફેંકતા અને 'સી. પી. પાછા જાઓ' એવા પોકારો કરતા. એના મુખ્ય અને છેવટના પ્રસંગમાં કઝિન્સ તેમની નજીકમાં હતા.

૧૯૪૭ની ૨૫મી જુલાઈએ અપૂર્વ સંગીતવિધાયક સ્વાતિ તીરુમલની શતાબ્દસંવત્સરીનો એક સમારંભ થયો. તેમાં ૨૦૦૦ સ્ત્રીપુરુષો નવા સંગીતવિદ્યાલયના ચોગાનમાં એક વિશાળ શમિયાણામાં હાજર થયાં હતાં. મહારાજા ઉદ્‌ઘાટનનો વિધિ કરી ચાલ્યા ગયા ને શ્રી સ્વાતિ તીરુમલના સંગીતનું ગાન શરૂ થયું. દીવાન મંચ ઉપર એક આગળની ખુરશી પર આવી બેઠા. તેમની ડાબીજમણી બાજુ એકએક ખાલી ખુરશી હતી. કાર્યક્રમ ચાલુ થયો એટલે તેમણે મદ્રાસથી આવેલા અતિથિ શ્રી જયરામ નામના વકીલ જે સંગીતના પણ પ્રખર જ્ઞાતા હતા તેમને બોલાવી પાસેની ખુરશી પર બેસાર્યા અને પછી કુલપતિ જયરામને બોલાવી જમણી બાજુની ખુરશી પર બેસાર્યા. આમ વચ્ચે રામ ને બંને બાજુ જયરામનો યોગ થયો.

સાત વાગ્યે દીવાને કાંડા પરની ઘડિયાળ જોઈ અને બીજી એક કામગીરી સાચવવા માટે ઊઠ્યા. ઊભા થએલા માણસોની વચ્ચે થઈને તે જતા હતા એવામાં એકાદ પળ માટે રોશની બંધ થઈ ગઈ અને દરવાજા આગળ કંઈક ધાંધલ થઈ, પણ શું બન્યું તેની અંદર કોઈને ખબર પડી નહિ. રુક્‌મિણીદેવી અદ્યારથી આવ્યાં હતાં અને દીવાનને ત્યાં મહેમાન બન્યાં હતાં, એટલે શ્રી કઝિન્સ તેમને મોટરમાં વહેલા ત્યાં પહોંચાડી આવ્યા. બીજે દિવસે તેમને મ્યૂઝિયમ બતાવવા સારુ લેવા ગયા ત્યારે જ ક્ષોભજનક ખબર જાણ્યા કે રાત્રે શમિયાણામાંથી બહાર નીકળતાં દીવાન પર ખૂની હુમલો થયો હતો! તેમને ખભા ઉપર અને ગરદન ઉપર જખમો કરવામાં આવ્યા હતા, પણ તુરત ઇસ્પિતાલે પહોંચાડી સારવાર અપાઈ હતી અને બચી ગયા હતા.

કઝિન્સે રાજકારણમાં કદી ભાગ લીધો નહોતો. તેમની ડાયરીમાં ૩૦મી જુલાઈ, ૧૯૪૬ની આટલી જ નોંધ હતી : 'ત્રાવણકોર હિંદસમવાયમાં જોડાય છે. સ્વતંત્ર નહિ.' તે પછી સર સી. પી.એ ઘણા વખતથી વિચારી રાખેલું તે મુજબ હોદ્દો છોડી દીધો. ડૉ. કઝિન્સને પણ ખયાલ આવી ગયો કે જે ખરાબ રીતભાત અને વિનયભંગ અસહ્ય થતાં

જાય છે તેની અસર તેમના પોતાના ત્રાવણકોરના સંબંધે પણ જણાશે.

ચાર વર્ષ દરમ્યાન રાજ્યની શાળાઓમાં તેમણે કળા પ્રત્યેના ઉત્સાહથી ૪૦–૪૦ મિનિટનાં ૨૪ જેટલાં ભાષણો દર સત્રારંભે આપ્યાં હતાં. ૮૦ જેટલા ગ્રૅડ્યુએટોને કળાનો ઇતિહાસ અને મુખ્ય અંગો ઉપર વ્યાખ્યાનમાળા આપી હતી. પણ જ્યારે તેમણે જાણ્યું કે તેમના વર્ષોના અનુભવ અને વિચારોના નિચોડરૂપ પ્રવચનો કરતાં ભાવિ શિક્ષકોને એલફેલ ચોપાનિયાં ને ન્યૂસ પેપરોમાં વધુ રસ પડે છે ત્યારે તેઓ તેમની વેદના છુપાવી શક્યા નહોતા. એ વિદ્યાર્થીઓ આરંભનાં વર્ષોથી તેમના સહવાસમાં હોત તો ત્રણચાર વર્ષે કંઇકે સંસ્કાર પામત. પણ દર વર્ષે નવું જૂથ આવતું અને વિદ્યાર્થીઓનું એકંદર વર્તન ઉત્તરોઉત્તર ઓસરતાં પાણીની એંધાણી આપતું હતું.

૧૯૪૬માં શિક્ષકોના એક વર્ગમાં તેઓ વ્યાખ્યાન શરૂ કરવા ઊભા થયા. વિદ્યાર્થીઓની સાથે તેમને ફાવતું નહિ. તેઓને કડવાં કે મીઠાં વેણ કોઈ રીતે એકાગ્ર કરી શકતાં નહિ. સ્ત્રીવિદ્યાર્થિનીઓ બુદ્ધિમાન અને એકાગ્ર હતી. એવામાં એમણે કંઈક અટકચાળું જોયું. તુરત ભાષણ બંધ કરી કાગળો લઈ બહાર નીકળી ગયા. એ નીકળ્યા તે નીકળ્યા, પછી કોઈ વિનંતિ કે ટેલિફોન–સંદેશાને વશ થયા નહિ.

છતાં કલાનિષ્ણાત તરીકેનું તેમનું કામ ચાલુ રહ્યું. ચિત્રાલયના ખંડો વધતા ગયા. દરેકમાં પૂર્વ તરફની કળાનાં ચોક્કસ લક્ષણો બતાવવાની યોજના રાખી હતી. ચિત્રોની વર્ગણી અને સુયોગ્ય માંડણી પણ એક વિશિષ્ટ કલા છે, એવી પોતાની માન્યતાનો ત્યાં પૂરેપૂરો પુરાવો અને પ્રકાશ તે આપી શક્યા.

ચિત્રાલય એમના અધિકારમાં હતું ત્યારે કેવાકેવા માણસો તે જોઈ ગએલા? ભારતમાંના બ્રિટિશ વાઈસરૉય લૉર્ડ વાવેલ આવેલા ત્યારે તેમની સાથે વાતો કરવા સર ફ્રાન્સિસ વાઈલીને પોતાની બાજુમાંથી ઊભા કરી તે જગ્યાએ ડૉ. કઝિન્સને બેસાડી સંસ્થાનો ઇતિહાસ અને વિગતેવિગત જાણ્યાં. થોડા વખત પછી લૉર્ડ માઉન્ટબૅટન તેમના કુટુંબ સાથે ત્યાં તેમની સાથે એક કલાક વિતાવી ગયા. ઇ. ૧૯૪૭માં સ્વાતંત્ર્ય મળ્યા બાદ નામદાર ગવર્નર જનરલ સી. રાજગોપાલાચાર્ય આવીને મહારાજા સાથે તે જોઈ ગયા. તેને બીજે જ દિવસે તેઓ અડ્યાર ગયા અને જીવનનો આ હવે છેલ્લો તબક્કો છે એમ વિચાર્યું.

મલબારના વર્ષારંભના પહેલા માસમાં તેઓ ત્રિવેન્દ્રમ ગયા હતા. પણ નવા સચિવાલયમાં કોઇએ તેમની બાબત નોંધ પર આણી જ નહોતી: જોકે મુખ્ય પ્રધાન અને શિક્ષણપ્રધાન સાથે રૂબરૂ વાત તો થઈ હતી. પણ ફરી વાર તેમને કોઇએ કામ સંભાળવા તેડાવ્યા નહિ. છેવટે એક ખરીતો મળ્યો તેમાં જણાવ્યું કે હવે તેમની સેવાઓની જરૂર નથી, અને તેનો અમલ ગયા જુલાઈના મધ્યમાંથી–એટલેકે આગલા મલબાર વર્ષના અંતથી ગણવો! 'પ્રવાસો, વ્યાખ્યાનો, લેખોની બધી જહેમતોને અંતે લોકજીવનમાં ગુણવર્ધન અને સુધારણા માટે કળાની સેવા મારા સ્વભાવને બંધબેસતી થઈ એટલો જ સંતોષ લીધો.'

ઈ. ૧૯૪૫ની ૧૧મી ઑગસ્ટે ત્રિવેન્દ્રમથી મદ્રાસ આવતી ટ્રેનમાં તેમને ડૉ. ઍરુંડેલના અવસાનના ખબર મળ્યા. અડ્યાર પહોંચ્યા ત્યારે કલાક્ષેત્રના સમાશ્રયે થીઑસૉફીના વ્યાખ્યાનભવનમાં મોટી આશ્વાસનસભા મળી હતી. પૂરી ભીડ હતી અને ઠરાવ રજૂ થવાનો હતો. ત્યાં શ્રી રુક્મિણીદેવી અંદર દાખલ થયાં. તેમના મુખ ઉપર આક્રંદ કરતી વિધવાની છાયા નહોતી પણ પતિની છેવટની લાંબી બીમારીમાં કરેલી અખંડ સેવાશુશ્રુષાનો થાક જણાતો હતો. "એ બે વ્યક્તિઓને ૨૫ વર્ષના લાંબા સહવાસમાં રહેલી જોઈ છે. એમનો જીવન-સહચાર સાહિત્યકળાનાં કલ્પનામિશ્રિત વર્ણનો કરતાં વાસના અને રોમાંચક પ્રસંગોથી વિરહિત એવા જુદા જ પ્રદેશનાં કોઈ ભવ્ય ભૂતકાળના સમયનાં પાત્રો સમો ભાસતો હતો. ડૉ. ઍરુંડલે ૧૯૩૫માં થીઑસૉફિકલ સોસાઍટીના વ્યાખ્યાનમાં થીઑસૉફીનો પાંચમો લક્ષ્યાર્થ Theosophy As Beauty (થીઑસૉફી એટલે સૌન્દર્યપ્રેમ) જે નિરૂપેલો તેનું વાસ્તવિક સ્વરૂપ જાણે રુક્મિણીદેવી હતાં!"

રુક્મિણીદેવીના આદર્શોમાં સહાય કરવાનું મહત્ત્વનું કાર્ય હવે શ્રી કઝિન્સે ઉપાડી લીધું. શ્રીમતી બેસાંટની વિશ્વવ્યાપી શતાબ્દીના ગ્રંથનું સંપાદનકાર્ય અને પ્રકાશન કલાત્મક રીતે પાર ઉતાર્યું.

૧૯૪૬ની ૧૧મી ફેબ્રુઆરીએ શ્રી જિનરાજદાસે સ્વ. ઍરુંડલના અનુગામી પ્રમુખ તરીકે વ્યાખ્યાન આપ્યું. દસ દિવસ પછીની ડાયરીમાં શ્રી કઝિન્સે લખ્યું છે "સાંભળ્યું છે કે કળાના વિષયમાં પ્રમુખ અને શ્રી રુક્મિણીદેવી વચ્ચે મતભેદ પ્રવર્તે છે." આ બાબત પછી તેમણે સમયના નિકાલ ઉપર છોડી. સંવત્સરીના ઉત્સવોમાં રુક્મિણીદેવીની કળા શત પાંખડીએ ખીલી નીકળી. શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ ભારતીય કળાની સુંદર કૃતિઓનું પ્રદર્શન કર્યું અને આરંભવ્યાખ્યાન આપ્યું.

બેસાંટ-શતાબ્દી પછી છ અઠવાડિયે ભારતની રાજકીય મુક્તિનો મહાન પ્રસંગ સંપૂર્ણ રૂપ પામ્યો. ત્રણ વર્ષ પહેલાં કોઇને તેની કલ્પના પણ ન આવત. પણ તે પછી બ્રિટિશ જનરલ ઇલેકશન થયું અને તેમાં મજૂર પક્ષનો વિજય થયો. તેમાં પેથિક-લૉરેન્સ સેક્રે. સ્ટે. ઇન્ડિયા બન્યા. ડૉ. કઝિન્સ અને શ્રીમતી કઝિન્સના તેઓ પૂર્વપરિચિત મિત્ર હતા અને તેથી તેમને ખાતરી હતી કે તેમનું ભારત પ્રત્યેનું શુભ વલણ તેમના એક સિદ્ધાંત રૂપ હતું. ૧૯૪૭ની ૧૭મી જુલાઇએ હાઉસ ઑવ કૉમન્સમાં ભારતનો ખરડો પસાર થયો. ભારતમાં ઑગસ્ટની ૧૫મી ઊજવાઇ તેનું કાવ્ય લખવા કોઇ વ્યાસ કે કાલિદાસ નહોતા. એ પ્રસંગનો ઉલ્લાસ તો સર્વ ભૂતકાળને ભેદીને ઇન્દ્રભુવન સુધી પહોંચ્યો હશે.

પણ અણુવિકસ્યા માનવસ્વભાવે, હૃદયની ઇચ્છાઓ ભરપૂર કરી દેનારી આઝાદીનાં સ્વપ્નાંઓને ભયંકર ખૂનામરકી, વિનાશપ્રવૃત્તિઓ અને અકથ્ય વેદનાની ભૂતાવળ બનાવી દીધાં; અને ઉપરથી, દુનિયાને કંપાવી મૂકે એમ, ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ અહિંસાને પ્રધાન તત્ત્વ ગણનારા ધર્મના જ એક માનવીએ અહિંસાના દેવદૂત સમા મહાત્મા ગાંધીજી પર ગોળીબાર કર્યા! એ પ્રસંગ દુષ્ટતાની પરાકાષ્ઠા નથી, માત્ર પ્રથમ ચિહ્ન છે. વર્તમાનપત્રોની કુટિલતા, સંઘરાખોરી, કાળાં બજારો; ભરેલી ટ્રેનોની લૂટ, નિરાધાર સ્ત્રીબાળકો ને ગ્રામજનોની લૂટફાટ અને ખૂનામરકીના સમાચારોએ જનતાને ચોંકાવી દીધી છે ને માનવજાત માટે નવાં રચનાત્મક કાર્યો, સંસ્કાર-સંસ્થાઓ ને વિનાશક પ્રવૃત્તિઓ પર કાબૂ મેળવવાના ઉપાયો શોધવા પ્રેરણા કરી છે.

છેવટનું સ્ટેશન આવે તે પહેલાં સિગ્નલ પડેલો જોઇએ છીએ ત્યારે સમજી શકીએ છીએ કે હવેના ગમે તે કોઈ અંતરે પણ છેવટનું ઉતરાણ છે જ. તેમ શ્રી કઝિન્સે ૭૭ વર્ષ અને શ્રીમતી માર્ગરેટ કઝિન્સે ૭૨ વર્ષ સુધીના પોતાના જીવનની સંયુક્ત નોંધ પૂરી કરી છે. (સંપૂર્ણ)

[આ સારભૂત વૃત્તાંત Ganesh & Co. (Madras) Ltd., Madras-17 તરફથી પ્રકાશિત 'We Two Together' નામથી ડૉ. જેમ્સ કઝિન્સ ને શ્રીમતી માર્ગરેટ કઝિન્સે લખેલા ૭૭૦ પાનાંના સંયુક્ત આત્મચરિત્ર ઉપરથી લીધેલો છે તેનો લેખક કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરે છે.]

લોહીનું દબાણ (અનુસંધાન પૃષ્ઠ ૪૦૦થી)

બ્લડ પ્રેશરના અનેક પ્રકાર છે. મોટા ભાગે તો તે હળવો ને બિનજોખમી રોગ છે. ઘણાને તો એનાં ચિહ્નો પણ વરતાતાં નથી. માત્ર થોડાકમાં જ તે ભયાનક બને છે. વળી જુવાનીમાં લાગુ પડી જતો આ રોગ જેટલો ભયાનક બને છે તેટલો પ્રૌઢાવસ્થામાં થતાં બનતો નથી, અને પ્રૌઢ સ્ત્રીઓમાં થતો આ રોગ તો ચિહ્નો વિનાનો અને તદ્દન હળવો હોય છે. માત્ર દબાણનો આંકડો મર્યાદાથી આગળ ગયો હોય ત્યારે શરીરના વજનની તકેદારી રાખવી. મીઠા અને ચરબી વિનાનો ખોરાક ખાવો. પણ આથી યે વધારે અગત્યનું તો એ કે આ રોગ વિષે કદી ચિંતા ન કરવી; કારણ કે એ ચિંતા જ એને વધારનાર છે. અને વસ્તુતઃ એમાં ચિંતા કરવા જેવું કાંઈ નથી. આ રોગથી પીડાતા ઘણા માણસો ઉપયોગી અને સુખી જીવન ગાળી શકે છે. અમેરિકાની એક સંસ્થાએ આ રોગથી પીડાતા બે હજાર રોગીઓમાંથી ચૂંટી કાઢેલા ત્રણસો રોગીઓની વિગતવાર નોંધ રાખી હતી. એમાં અગિયારથી માંડી પંચ્યાશી વર્ષની વય સુધીના રોગીઓનો સમાવેશ થતો હતો, જેમાંના કોઈક તો ચાળીસ વર્ષ થયાં આ રોગથી પીડાતા હતા. વરસોની લાંબી તપાસ પછી દાક્તરો નિર્ણય ઉપર આવ્યા કે 'લોહીનું ઊંચું દબાણ એ ક્રૂર જીવહર રોગ નથી.' આમાંથી ફક્ત પાંચ જ ટકા રોગીઓ ઉગ્ર અને વધતાં જતાં ચિહ્નોવાળા—'મૅલિગ્નન્ટ પ્રકાર'ના રોગની દશાના ભોગ બન્યા હતા. ન્યૂ યૉર્કની મેટ્રોપોલિટન વીમા કંપનીએ પણ ૨૪૧ હાઈપરટેન્સિવ વ્યક્તિઓની દસ વર્ષ સુધી તપાસ રાખી તેનું પરિણામ જાહેર કર્યું કે 'લોહીના ઊંચા દબાણવાળા ઘણા દરદીઓ લાંબું અને રોગના ઉપદ્રવ વિનાનું જીવન ગાળી શકે છે.'

હાઈપરટેન્શનના રોગીઓને જરૂર છે માત્ર ત્રણ બાબતોની: (૧) અવારનવાર દાક્તરી તપાસ, (૨) મિત ખાનપાન અને વિહાર અને (૩) મનને સ્વસ્થતા તથા શાંતિ આપનાર અનાસક્ત જીવન જીવવાની કળા–युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु આહારવિહારમાં યુક્ત (મિત) અને ચેષ્ટાઓમાં પણ યુક્તતા. આમાં 'ચેષ્ટા' શબ્દનો અર્થ વિશાળ લેવાનો છે. રોગના હળવા પ્રકારમાં કામકાજનો ઓછો બોજો, ઓછો વિષાદ, ઓછો ક્રોધ ને કચકચાટ, વધારે શાંતિ, વધારે આરામ, વધારે ઊંઘ, આ ઉપચારનાં ઉત્તમ અંગો છે. અને આ રોગના દરેક પ્રકાર માટે ઉપચારનું સર્વશ્રેષ્ઠ અંગ તે જિંદગીના દરેક ક્ષેત્રમાં સમતા—મિતપણું (moderation) જાળવવાનું છે.

લોહીનું નીચું દબાણ

લોહીના ઊંચા દબાણની વિરુદ્ધ દશા તે લોહીનું નીચું દબાણ (low blood pressure) છે, જે હાઇપોટેન્શન(Hypotension)ના નામે ઓળખાય છે. અગાઉ કહ્યા પ્રમાણે લોહીના ઊંચા કે નીચા, કોઈ પણ દબાણ વિશે હજી લગી ઝાઝું જ્ઞાન પ્રાપ્ત થયું નથી. માત્ર એટલું જણાય છે કે લોહીનું 'ઊંચું દબાણ' એ રોગ થવાનું સામાન્ય કારણ છે ને એના વિશે ઘણો અભ્યાસ થયો છે; જ્યારે લોહીના 'નીચા દબાણ'ની તો વ્યાખ્યા પણ આપવી મુશ્કેલ છે.

પરદેશી વીમા કંપનીઓએ અનુભવના આધારે લોહીના દબાણની સમધારણ ઊંચી હદ ૧૫૦/૧૦૦ આંકની ઠેરવી છે, જ્યારે કેટલાક ૧૨૦/૮૦થી ઊંચા આંકને લોહીના ઊંચા દબાણમાં ગોઠવે છે; પરંતુ જોવામાં આવે છે કે સરાસરી કરતાં યે નીચા આંકવાળાઓ પણ સમધારણની હદમાં આવી શકે એવા હોય છે. અને આ લોકો સરાસરીથી ઊંચા આંકવાળા કરતાં દીર્ઘાયુષી હોય છે. લાંબી દોડ, બૉક્સિંગ ને બીજી સ્પર્ધાભરી રમતોમાં ભાગ લેનારા કસરતબાજોમાં લોહીનું દબાણ ૧૦૦/૬૫ મિ.મી. આંકનું જોવામાં આવે છે. આ શક્તિશાળી લોકો માંદા નહિ, પણ અસાધારણ શ્રમ કરનારા હોય છે.

દબાણ એટલું ઓછું હોય કે મગજમાં લોહીનું ભ્રમણ જ ન થઈ શકે, અને રુધિરાભિસરણના તંત્રમાં ખટકો પડે, ત્યારે લોહીના નીચા દબાણની સ્થિતિ આવી પડે છે. આ વખતે વ્યક્તિને ચક્કર ને ફેર આવે છે ને લોહીના દબાણનો આંક ઇષ્ટ પ્રમાણ કરતાં ઓછો માલૂમ પડે છે.

શરીર ઘસારે પડે તેવા ચિરકારી (ક્રૉનિક) રોગોમાં લોહીનું દબાણ નીચું રહે છે. દાખલા તરીકે રક્તક્ષય, ક્ષય, ચેપ, કૅન્સર અને અપૂરતા પોષણની સ્થિતિ. વળી પુષ્કળ પ્રમાણમાં લોહી વહી જવાના રોગોમાં (નસકોરી ફૂટવી, હરસ, હોજરીનું ચાંદું, અડકાવ વખતે વધારે લોહી આવવું) પણ આ 'લો બ્લડ પ્રેશર'ની સ્થિતિ આવી પડે છે. ઍડ્રેનલ-થાઇરૉઇડ અને પિચ્યુટરી ગ્રંથિઓની નિષ્ક્રિયતા વખતે પણ લોહીનું નીચું દબાણ થાય છે. ઊતરતી પુખ્ત વયે કોક લોકોનું સિસ્ટોલિક દબાણ કોઈ પણ કારણ વિના ૧૦૦ આંક જેટલું બને છે, અને આના લીધે ચિહ્નો થઈ આવે છે. આ સ્થિતિને 'ઇસેન્શિયલ હાઇપોટેન્શન' કહેવામાં આવે છે. આમાં દબાણ ભલે ઓછું હોય છે, પણ રુધિરાભિસરણ પૂરતું હોય છે. મોટા ભાગના રોગીઓમાં રોગ થવાનું મૂળ કારણ જડતું નથી. રોગીઓ થાક અને સુસ્તીની ફરિયાદ કરતા હોવા છતાં પણ તંદુરસ્તીભર્યું લાંબું જીવન જીવે છે.

નીચા દબાણનો બીજો પ્રકાર એ છે કે રોગી જ્યારે સૂતો હોય ત્યારે દબાણ સમધારણ કે ઊંચું પણ હોય, પરંતુ તે બેસે, ઊઠે કે કસરત કરે ત્યારે નીચું ઊતરે છે! આ છે 'પોશ્ચરલ' કે 'ઑર્થોસ્ટૅટિક' હાઇપોટેન્શન.

તાપમાં સ્થિર ઊભેલો આદમી અચાનક પડી જાય તે આ સ્થિતિના લીધે બને છે. આનું કારણ એ છે કે સ્થિર ઊભવાથી માંસપેશીઓની શિરાઓને માલિશ નહિ મળવાથી લોહી હૃદય ભણી ધકેલાતું નથી. પરિણામે શિરાઓમાં લોહી જમા થવાથી હૃદયને ઘણું ઓછું લોહી પમ્પ કરવાનું આવે છે. આમ દબાણ ઘટતાં મગજમાં લોહીનો પ્રવાહ ઓછો જવાથી જાગ્રતાવસ્થા નાશ પામીને મૂર્છાવસ્થા આવી પડે છે.

લાંબી માંદગીના કારણે લોહીનું કામચલાઉ નીચું દબાણ આવી પડે છે. તાવવાળી માંદગીમાં દબાણની સપાટી ઘટવાથી અને લાંબો વખત પડયા રહેવાને કારણે દબાણનું નિયંત્રણ કરનારી યોજનાઓ બુઠ્ઠી બનવાથી, લાંબી માંદગી બાદ પથારીમાંથી કૂદકો મારીને ઊતરનાર રોગી ભોંય પર પટકાયા વિના નથી રહેતો. ધીમેધીમે બેઠા થઇને ઊભા થવામાં આવી મુશ્કેલી નથી આવી પડતી.

લોહીની નળીઓની કઠણાઈ(આર્ટેરિયો-સ્ક્લેરૉસિસ)વખતે દબાણનું નિયંત્રણ કરનારી રચનામાં ફેરફાર થવાથી, વૃદ્ધોમાં કામચલાઉ લોહીનું દબાણ ઘટી જઇને ઊભેલી સ્થિતિમાં એકદમ પડખું ફેરવવાથી આંખે અંધારાં આવે છે. આ લોકો આ સ્થિતિને પહોંચી વળવા હલનચલનમાં એવો સુમેળ સાધે છે કે એમનું ચાલવાનું બંધ પડતું નથી.

સરાસરીથી ઊંચા દબાણવાળા કરતાં સરાસરીથી નીચા દબાણવાળા લાંબું જીવે છે, કારણ કે ઊંચા દબાણવાળાનું દબાણ વધારે ઊંચું જવાની શક્યતા છે, જેને પરિણામે હૃદય અને ધમનીઓ પર વધારે ઘસારો ને બોજો પડવાથી જિંદગી ટૂંકાય છે; જ્યારે દબાણનો આંક નીચો હોય તો બીવા જેવું નથી. ચક્કર અને હાંફ એ નીચા દબાણનાં વિશિષ્ટ ચિહ્નો નથી. આખા દિવસનું કામકાજ કરવા છતાં યે શરીરે સુખાકારી અનુભવાય તો સમજવું કે જરૂરિયાત માટે લોહીનું દબાણ પૂરતું છે. પાતળા અને નાજુક બાંધાના શરીરને અનુરૂપ લોહીનું નીચું દબાણ રહે છે. આ સ્થિતિમાં માનવી ખાસ્સું લાંબું જીવી શકે છે. લોહીના ઊંચા દબાણની સ્થિતિ ચિંતા અને વિચારનો વિષય છે, જ્યારે લોહીનું નીચું દબાણ દીર્ઘાયુ બક્ષનાર હોઈ આવકારપાત્ર છે!

જીવનસંદેશ (અનુસંધાન પૃષ્ઠ ૩૯૯થી)

જીવની અલ્પજ્ઞતાના પ્રત્યક્ષ-જ્ઞાન સાથે શ્રુતિનો વિરોધ થાય છે.

શંકરાચાર્ય: પ્રત્યક્ષ અને શ્રુતિમાં કશો વિરોધ નથી. માત્ર બંનેના આશ્રય ભિન્ન છે. અવિદ્યાયુક્ત જીવ અને માયાયુક્ત ઈશ્વરનો ભેદ પ્રત્યક્ષ પ્રમાણ બતાવે છે. જ્યારે 'તત્ત્વમસિ' શ્રુતિ એ તો અવિદ્યારહિત આત્મા અને માયારહિત બ્રહ્મનો અભેદ બતાવે છે. પ્રત્યક્ષનો આશ્રય કલુષિત જીવ અને ઈશ્વર છે. શ્રુતિનો આશ્રય આત્મા અને બ્રહ્મ છે. એટલે વિરોધનો પ્રશ્ન જ નથી ઊઠતો.

મંડનમિશ્ર: હવે અનુમાન ઉપર આવો. જીવ સર્વજ્ઞ નથી એટલે તે બ્રહ્મથી એ જ રીતે ભિન્ન છે. આ અનુમાન-પ્રમાણ જીવ અને બ્રહ્મની એકતાનું વિરોધી છે.

શંકરાચાર્ય: અહીં આપણે એક વાત સમજી લેવી જોઇએ. એક સત્ય પારમાર્થિક હોય છે અને એક વ્યાવહારિક હોય છે. દેવદત્ત કોઇ રંગમંચ ઉપર જ્યારે દુષ્યંતના રૂપે આવે છે ત્યારે દર્શકોને દેવદત્તનું 'દુષ્યંત' થવું એ જ સત્ય લાગે છે. એ સમયના વ્યવહારની દૃષ્ટિએ પણ એમ જ સમજવું જોઇએ. પરંતુ ખરેખર તો દેવદત્ત 'દુષ્યંત' છે જ નહિ. એ જ રીતે અલગ દેખાતા જીવ વ્યાવહારિક કે કાલ્પનિક દૃષ્ટિએ ઈશ્વરથી ભિન્ન ભલે લાગતા હોય, પરંતુ એ પારમાર્થિક કે વાસ્તવિક નથી. ઘટ અને બ્રહ્મ વચ્ચેના ભેદ વિષે તમે જે કહ્યું એ કાલ્પનિક છે; એ ભેદનો હું પણ સ્વીકાર કરું છું. કથીરને રૂપું સમજનાર વ્યક્તિ જ્યાં સુધી સત્ય નથી જાણતો ત્યાં સુધી તે એમ જ સમજશે. એ જ પ્રકારે અવિદ્યાગ્રસ્ત જીવ પોતાની જાતમાં ને બ્રહ્મમાં ભેદ છે એમ સમજ્યા કરશે.

મંડનમિશ્ર: આપણે વેદની વાત તો ભૂલી જ ગયા. ઋગ્વેદ, અથર્વવેદ અને મુંડકોપનિષદની પ્રસિદ્ધ શ્રુતિ 'દ્વાસુપર્ણા'માં જીવ અને બ્રહ્મનું ભિન્નત્વ સ્પષ્ટ રૂપમાં છે, કેમકે જીવ એ તો કર્મફળનો ભોક્તા છે અને ઈશ્વરને કર્મફળ સાથે તો કશો જ સંબંધ નથી

શંકરાચાર્ય: ક્ષમા કરજો. એ શ્રુતિમાં જીવ અને બ્રહ્મની ભિન્નતા નહિ પણ બુદ્ધિ અને પુરુષનું ભિન્નત્વ બતાવ્યું છે. શ્રુતિ કહે છે કે કર્મફળ ભોગવનાર બુદ્ધિ છે અને તેનાથી ભિન્ન હોવાને લીધે પુરુષ કર્મફળનો ભોગ નથી કરતો.

મંડનમિશ્ર: અહીં મારો મતભેદ છે. બુદ્ધિ એ તો જડ છે, જ્યારે ભોક્તા ચેતન પદાર્થ છે. એટલે પેલી શ્રુતિમાં જીવ અને બ્રહ્મનું વર્ણન છે બુદ્ધિ ને પુરુષનું નહિ, એવી મારી માન્યતા છે.

શંકરાચાર્ય: 'પૈઙ્ગ્ય રહસ્ય' નામના બ્રાહ્મણ ગ્રંથે બુદ્ધિને જ કર્મફળ ભોગવનારી કહી છે, જીવને તો માત્ર સાક્ષી કહ્યો છે. જો 'બ્રાહ્મણ' ગ્રંથોની આવી વ્યાખ્યા હોય તો ઉપર્યુક્ત શ્રુતિનું તાત્પર્ય પણ આ જ છે.

મંડનમિશ્ર: જીવ અને ઈશ્વરની ભિન્નતા બતાવનાર શ્રુતિઓ પણ છે.

શંકરાચાર્ય: શ્રુતિઓ વિષે એક વસ્તુ સ્પષ્ટ સમજી લેવી જોઇએ કે અન્યત્ર દુર્લભ એવા જ્ઞાનનું તેણે પ્રતિપાદન કરવું જોઇએ. પ્રત્યક્ષ અથવા અનુમાનથી જે જ્ઞાન પ્રાપ્ત ન થઈ શકે એ જ્ઞાનને પ્રતિપાદિત કરનાર શ્રુતિ જ પ્રબળ હોય છે. બાકી પદાર્થોમાં સામાન્યતઃ દેખાઇ આવતી ભિન્નતા તો જગતમાં આપોઆપ પ્રત્યક્ષ થાય છે. એટલે શ્રુતિમાં જ્યાંજ્યાં ભિન્નતાનું વર્ણન છે તે આ ભિન્નતા છે. વેદમાં વર્ણવેલો જીવ–બ્રહ્મનો અભેદ એ જ તે જ્ઞાન છે જે કેવળ શ્રુતિમાં મળે છે. એટલે જીવ ને બ્રહ્મનો અભેદ એ જ શ્રુતિનો પ્રતિપાદવિષય છે.

ભારતી: આપનો તર્ક હૃદયને પ્રભાવિત કરે છે.

મંડનમિશ્ર: આચાર્ય જૈમિનીએ માત્ર 'કર્મ'ને ફળ આપનાર માનીને ઈશ્વરનું નિરાકરણ કર્યું છે. ત્રિકાળજ્ઞ જૈમિનીનાં સૂત્રો વેદના વાસ્તવિક અર્થને સ્પષ્ટ નથી કરતાં.

શંકરાચાર્ય: એમાં મહામુનિ જૈમિનીનો ઉદ્દેશ પરબ્રહ્મનું પ્રતિપાદન કરવાનો હતો. કર્મો એ પરબ્રહ્મની પ્રાપ્તિનું સાધન હોવાથી જ કર્મોને આટલું મહત્ત્વ તેમણે આપ્યું છે. જૈમિનીના વાસ્તવિક અર્થને ભૂલવાને કારણે જ લોકોમાં દ્વૈતબુદ્ધિ પ્રવેશી છે. કર્મો દ્વારા ચિત્તશુદ્ધિ બ્રહ્મજ્ઞાનમાં સહાયક છે અને એટલે જ કર્મોનું આટલું મહત્ત્વ છે.

મંડનમિશ્ર: મહર્ષિ જૈમિનીનું તાત્પર્ય પરબ્રહ્મને પ્રતિપાદિત કરવાનું જ જો હતું તો તેમણે ઈશ્વરનું નિરાકરણ શા માટે કર્યું?

શંકરાચાર્ય: (હસીને) શ્રુતિએ પ્રતિપાદિત કરેલા ઈશ્વરનું નિરાકરણ તેમણે ક્યાંય નથી કર્યું. જે ઈશ્વરને અનુમાનથી સિદ્ધ કરવાની નૈયાયિકો ચેષ્ટા કરે છે એ ઈશ્વરનું તેમણે નિરાકરણ કર્યું છે. શુષ્ક અનુમાનથી ઇશ્વરસિદ્ધિ થઈ શકે ખરી? 'બ્રહ્મ' તો ઉપનિષદો દ્વારા જ ગમ્ય છે. તર્ક અને બ્રહ્માનુભવને શો સંબંધ? ઉપનિષદો કર્મમીમાંસાનો વિરોધ નથી કરતા. આપના ગુરુદેવ આચાર્ય કુમારિલ ભટ્ટે પણ 'શ્લોકવાર્તિક'ના આરંભમાં ઈશ્વરની સ્તુતિ કરી છે. મહર્ષિ જૈમિની અનીશ્વરવાદી ન હતા કે આચાર્ય કુમારિલ પણ ન હતા. એટલું ખરું કે નૈયાયિકોએ ઈશ્વર વિષે જે શુષ્ક અનુમાન કર્યાં છે તેનું બંનેએ ખંડન કર્યું છે.

મંડનમિશ્ર: આપના ઉત્તરોથી મને સંતોષ થયો. હું સંન્યાસ......

ભારતી: થોભો, હજી આપનો પરાજય નથી થયો. હું આપની અર્ધાંગિની છું. પતિ અને પત્ની મળીને એક વ્યક્તિ થાય છે. આપણે ગૃહસ્થ છીએ. આચાર્ય શંકર ત્યારે જ વિજયી થઈ શકશે કે જ્યારે તેઓ મને સંતુષ્ટ કરે.

શંકરાચાર્ય: આપની સાથે વિવાદ?! સ્ત્રીઓ સાથે પુરુષોનો...

ભારતી: આપના સિદ્ધાંત માનવા હું તૈયાર નથી. આપના સિદ્ધાંત...

શંકરાચાર્ય: પરંતુ દેવી, સ્ત્રીઓ સાથે...

ભારતી: સ્ત્રી સાથે શા માટે નહિ? પોતાના સિદ્ધાંતનું ખંડન કરનાર ગમે તે હોય, તેને નિરુત્તર કરવો જોઇએ. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગી! તથા જનક અને સુલભા વચ્ચેના શાસ્ત્રાર્થની વાત તો આપ જાણતા જ હશો.

શંકરાચાર્ય: એમ જ હોય તો આપની આજ્ઞા શિરોધાર્ય છે.

ભારતી: હું ગૃહિણી પણ છું; આતિથ્યનું ધ્યાન પણ મારે રાખવું જોઇએ. શાસ્ત્રાર્થથી પેટ નથી ભરાતું. પહેલાં ભોજન કરી લો; એ પછી વાર્તાલાપ કરીશું.

(૪)

[તરલિકા અને ભારતી]

ભારતી: આચાર્ય શંકર ખરેખર સર્વજ્ઞ છે. શાસ્ત્રાર્થની સંપૂર્ણ કળાનો ઉપયોગ કરવા છતાં હું તેમને નિરુત્તર ન કરી શકી. જ્યારે આર્યપુત્ર નિરુત્તર થઈ ગયા હતા ત્યારે જ હું મનમાં ને મનમાં એ વિલક્ષણ સંન્યાસીની સમક્ષ નતમસ્તક થઈ ગઈ હતી.

તરલિકા: તો પછી તમે ફરી શા માટે...

ભારતી: (હસીને) એ વખતે મારામાંનું પત્નીરૂપ જાગી ઊઠયું. આર્યપુત્રના પરાજયથી તેમની અર્ધાંગિનીના હૃદયને આઘાત ન લાગે?

તરલિકા: એમ જ હોય તો પછી આ સંન્યાસીને પરાજિત કરવો જ જોઇએ.

ભારતી: પણ કઈ રીતે? એકેએક શાસ્ત્ર બરોબર શોધી જોયું ને પ્રશ્નો પણ કરી જોયા. પ્રશ્ન પૂરો થાય એ પહેલાં શંકરાચાર્યનો ઉત્તર તૈયાર જ હોય. ખરેખર તેઓ સર્વજ્ઞ છે.

તરલિકા: એક ઉપાય કહું?

ભારતી: શો?

તરલિકા: તેઓ બાલસંન્યાસી છે. તેમને કામશાસ્ત્ર વિષેનો એકાદ પ્રશ્ન પૂછ્યો હોય તો? એ વિષયમાં તો એ સાવ કોરા હશે!

ભારતી: (હસીને) એવું તે પુછાય?

તરલિકા: કેમ ન પુછાય? શાસ્ત્રાર્થ એ તો એક પ્રકારનું યુદ્ધ છે. એમાં સંકોચ શાનો? સામા પક્ષને ગમે તે રીતે નિરુત્તર કરવાનું

આપણું લક્ષ્ય હોવું જોઇએ.

ભારતી: શાસ્ત્રાર્થ કરવાની ખાતર જ હું શાસ્ત્રાર્થ નથી કરતી, તેમાંથી સત્યની શોધ કરવાની મારી ઇચ્છા છે.

તરલિકા: (હસીને) તો તો તમે જીવનભર સત્યની શોધ જ કર્યા કરશો. અત્યારે તો આચાર્ય મિશ્રને સંન્યાસમાંથી...

ભારતી: આર્યપુત્ર સંન્યાસ ગ્રહણ કરશે તો મને દુઃખ નહિ થાય. લોકકલ્યાણ એ તો ક્ષુદ્ર સ્વાર્થથી પર છે.

તરલિકા: શંકરની સર્વજ્ઞતામાં મને સંદેહ છે. ગૃહસ્થાશ્રમ જેવા જીવનના પ્રમુખ અંગનો જેને જરા યે અનુભવ નથી એવા સંન્યાસીની વાતોમાં ફસાઈ જવું સારું નહિ. આપના કામશાસ્ત્રના પ્રશ્નોના ઉત્તર આપી શકે તો જ તેઓ સર્વજ્ઞ કહી શકાય. મને નથી લાગતું કે શંકર જેવા અસર્વજ્ઞના શિષ્ય થઇને આચાર્ય મિશ્ર ઉચિત કાર્ય કરી શકે.

ભારતી: શંકરાચાર્ય મહાયોગી છે. તેમની સર્વજ્ઞતામાં મને કંઈ સંદેહ નથી.

તરલિકા: હું જે સલાહ આપું છું એમાં એક બીજી પણ વાત છે.

ભારતી: શી?

તરલિકા: કામકલા વિષેના પ્રશ્નોના ઉતર જો આપશે ને તે ઉત્તરને અનુભવસિદ્ધ ગણાવશે તો સાબિત થશે કે, તેમનો સંન્યાસ એ ઢોંગ છે. પોતાના જ્ઞાનને તેઓ જો પુસ્તકિયું કહેશે તો અનુભવ ન હોવાના કારણે તેમનું એ જ્ઞાન તેમને સર્વજ્ઞ સિદ્ધ નહિ કરે, ને જો નિરુત્તર રહેશો તોપણ વિજય આપણો છે.

ભારતી: તું પણ ચાણક્યની શિષ્ય નીકળી!

તરલિકા: ગમે તેમ, તમારે કાલે આ વિષયમાં પ્રશ્નો પૂછવા.

ભારતી: ભલે, પૂછવા ખાતર પૂછી લઈશ; પરંતુ પરિણામ તો શંકરને અનુકૂળ જ આવશે.

તરલિકા: જુઓ તો ખરાં!

ભારતી: ઠીક છે, વિનોદ પણ થશે. વારુ, વિશ્રામ કરીએ; અર્ધ રાત્રિ વીતી ગઈ છે.

(૫)

[ભારતી, મંડનમિશ્ર, શંકરાચાર્ય ને પદ્મપાદ]

ભારતી: આજે અમારા અને આપના વિચાર-વિનિમયનો અંતિમ દિવસ છે. આપ જો મારા પ્રશ્નનો ઉત્તર આપશો તો આર્યપુત્ર આપના શિષ્ય થઈ સંન્યાસી થઈ જશે. અલ્પજ્ઞના શિષ્ય થવામાં આર્યપુત્રને શો લાભ?

શંકરાચાર્ય: આપ પ્રશ્ન કરો, દેવી; હું ઉત્તર આપવા[illegible] [illegible]યત્ન કરીશ.

[illegible] તો બતાવો કે કામની કલા [illegible] શું છે? શુક્લ પક્ષ તથા કૃષ્ણ પક્ષમાં તેની સ્થિતિ ભિન્ન હોય છે કે સમાન? પુરુષ અને સ્ત્રીમાં આ કલાઓનો નિવાસ કઈ રીતે હોય છે?

મંડનમિશ્ર: નહિ ભારતી, એક સંન્યાસીને આવા પ્રશ્નો પૂછવા એ ઉચિત નથી.

ભારતી: કેમ? મારા પ્રતિવાદી આચાર્ય શંકર એક સંન્યાસી છે એ તો એક અકસ્માત છે; તેના માટે હું તો કંઈ જવાબદાર નથી. પ્રતિવાદી મારા પ્રશ્નનો ઉત્તર ન આપે તો પરાજય સ્વીકારી લે.

શંકરાચાર્ય: આપે મને ધર્મસંકટમાં મૂકી દીધો! આ પ્રશ્નો આપના જેવાના ઉદાર હૃદયમાં તો ન સંભવી શકે. વારુ; આ પ્રશ્નોના ઉત્તર આપવા માટે આપ મને એક માસનો સમય આપવા અનુગ્રહ કરશો?

મંડનમિશ્ર: અવશ્ય! સમય આપવામાં ભારતીને કશો વાંધો નથી. ખરું ને, ભારતી?

ભારતી: મને કાંઈ હરકત નથી.

શંકરાચાર્ય: તો મને આજ્ઞા આપો. એક માસ પછી હું ઉપસ્થિત થઇશ.

ભારતી: હું પ્રતીક્ષા કરીશ.

શંકરાચાર્ય: ચાલો, પદ્મપાદ! જઇએ.

પદ્મપાદ: જેવી આજ્ઞા.

(૬)

[પદ્મપાદ અને શંકરાચાર્ય]

પદ્મપાદ: આચાર્ય, હવે શું કરીશું?

શંકરાચાર્ય: કામકલાનો અનુભવ.

પદ્મપાદ: સંન્યાસધર્મ ભ્રષ્ટ નહિ થાય?

શંકરાચાર્ય: નહિ.

પદ્મપાદ: કેવી રીતે?

શંકરાચાર્ય: યોગબળે હું જોઈ રહ્યો છું કે અમરુક નામના રાજાનું હમણાં મૃત્યુ થયું છે. તેની રાણીઓ રોકકળ કરી રહી છે. પરકાયપ્રવેશ-વિદ્યાથી હું રાજાના શરીરમાં પ્રવેશ કરીશ. મંડનમિશ્રના આશ્રમથી નીકળ્યાને આપણને ઘણા દિવસ થઈ ગયા છે; અત્યારે આપણે ત્યાંથી ઘણા દૂર છીએ. સામે પર્વત છે તેમાં એકાદ ગુફા શોધીને હું આ શરીર છોડી દઈશ. શરીરનું રક્ષણ તારે બહુ સાવધાનીથી કરવું જોઇશે.

પદ્મપાદ: પરંતુ આ પ્રકારનો કામભોગ સંન્યાસી માટે યોગ્ય છે?

શંકરાચાર્ય: (હસીને) ફલાફલ તેને જ પ્રાપ્ત થાય છે કે જેના મનમાં સંકલ્પ હોય. સમસ્ત સંકલ્પોનો જેણે ત્યાગ કર્યો છે તે કર્મફળમાં લિપ્ત નથી થતો. જગતને મિથ્યા સમજનાર સંન્યાસીને કર્મો બંધનમાં નથી મૂકતાં. આપણે તો વાસનાહીન છીએ. આપણા હૃદયમાં કામવાસના લેશમાત્ર નથી જ. એટલે પરકાયપ્રવેશ દ્વારા કામશાસ્ત્રનું વ્યાવહારિક જ્ઞાન આપણા માટે નિંદનીય નથી. વળી આજે મંડનમિશ્રનો સંન્યાસ લોકકલ્યાણ માટે આવશ્યક છે, એટલે એ પવિત્ર લક્ષ્યના સાધન રૂપ આ આપણું વાસનાહીન કાર્ય નિંદનીય નથી.

પદ્મપાદ: જેવી આજ્ઞા.

(૭)

[ભારતી અને તરલિકા]

ભારતી: શંકરાચાર્ય જીતી ગયા, સખી!

તરલિકા: પણ હજી તો એ પાછા યે નથી ફર્યા.

ભારતી: આવશે. કામશાસ્ત્રનું જ્ઞાન તેમણે મેળવી લીધું છે!

તરલિકા: શું લગ્ન કરી નાખ્યાં?

ભારતી: ના; મેં કહ્યું હતું ને કે તેઓ યોગી છે, તેમના માટે કશું અસંભવિત નથી?

તરલિકા: થયું શું? મને તો કહો!

ભારતી: મૃત રાજા અમરુકના શરીરમાં પ્રવેશ કરીને રાજ્યસુખ ભોગવ્યું.

તરલિકા: હેં! પણ તમે કઈ રીતે આ જાણ્યું?

ભારતી: યોગીઓ માટે શું અસંભવિત છે? ગઈ રાત્રે શંકરે સ્વપ્નમાં આવીને આ સત્યની મને જાણ કરાવી.

તરલિકા: લ્યો, આચાર્ય અને પદ્મપાદ જ આવતા જણાય છે.

ભારતી: મેં કહ્યું'તું ને?

[શંકર અને પદ્મપાદનો પ્રવેશ]

ભારતી: ભારતી આચાર્યનું સ્વાગત કરે છે. યાત્રામાં કષ્ટ તો નથી પડ્યું?

શંકરાચાર્ય: પરબ્રહ્મની કૃપાથી સકુશળ છું. સંન્યાસીને કષ્ટ શું અને સુવિધા શું?

ભારતી: (હસીને) સંન્યાસીને પણ સાકર મીઠી લાગે છે અને લીમડો કડવો લાગે છે.

શંકરાચાર્ય: (હસીને) સંન્યાસી પણ મનુષ્ય તો છે જ.

ભારતી: આર્યપુત્ર આવી રહ્યા છે.

[મંડનમિશ્રનો પ્રવેશ]

મંડનમિશ્ર: અરે... આચાર્ય!! પ્રણામ! ક્યારે પધાર્યા?

શંકરાચાર્ય: થોડીક ક્ષણો જ થઈ.

ભારતી: આપ બેસો.

શંકરાચાર્ય: અત્યારે જ શાસ્ત્રાર્થ કરવો છે?

ભારતી: (હસીને) હવે તેની આવશ્યકતા નથી. મારા પ્રશ્નોના ઉત્તર મને મળી ગયા.

મંડનમિશ્ર: ચાલો ઠીક થયું. હવે તો મારે સંન્યાસ લેવો જોઇએ.

ભારતી: અવશ્ય, હવે મને કશો વાંધો નથી.

મંડનમિશ્ર: આચાર્યને તેં વ્યર્થ કષ્ટ...

ભારતી: મેં? નહિ આર્યપુત્ર; આપ બધું જાણો છો છતાં મને શરમાવો નહિ. આ

તરલિકાને પૂછો.

તરલિકા : આચાર્ય, ક્ષમા માગું છું.

શંકરાચાર્ય : (હસીને) એમાં શું? આચાર્ય મંડનની મેનાએ પોતાનું પાંડિત્ય પ્રમાણિત કરી બતાવ્યું!

તરલિકા: મેના તો માત્ર સાંભળેલાં વાક્યો જ રટે છે, તેનામાં પાંડિત્ય ક્યાંથી હોય? આપના શિષ્યનું કથન સત્ય સિદ્ધ થયું : તરલિકા મેના પ્રમાણિત થઈ ગઈ. (સૌ હસે છે.)

(૮)

[પદ્મપાદ અને શંકરાચાર્ય]

પદ્મપાદ : આચાર્ય હવે કઈ બાજુ પ્રસ્થાન કરવા ઇચ્છે છે? કાપાલિકોથી આ શ્રીશૈલ શૂન્ય થઈ ગયું છે. મંડનમિશ્ર...

શંકરાચાર્ય : ફરી પાછું મંડનમિશ્ર?! સુરેશ્વર કહો. મંડનમિશ્ર નામ તો ગૃહસ્થાશ્રમના ત્યાગ સાથે ગયું, હવે સુરેશ્વર જ કહેવું જોઇએ.

પદ્મપાદ : ક્ષમા માગું છું, આચાર્ય! અભ્યાસ ન હોવાને કારણે સુરેશ્વરાચાર્ય પહેલાંનું જ નામ બોલાઈ જાય છે. પણ હું આપના આ નવા શિષ્યને સંદેહની દૃષ્ટિથી જોઉં છું.

શંકરાચાર્ય: સુરેશ્વરને?

પદ્મપાદ : નહિ, તમને નહિ, આ કાપાલિકને; જેણે થોડા માસ પહેલાં જ સંન્યાસ ગ્રહણ કર્યો છે.

શંકરાચાર્ય : કેમ?

પદ્મપાદ: તેની શિષ્યતા મને કપટ લાગે છે. થોડા દિવસો પહેલાં જ તે કાપાલિકોનો નેતા હતો. એને મદિરાસેવી જોઇને મને ઘૃણા થાય છે.

શંકરાચાર્ય: સંન્યાસીએ રાગદ્વેષથી મુક્ત થવું જોઇએ.

પદ્મપાદ : હું તો હજી સાધક છું; સિદ્ધ નથી. ક્ષમા માગું છું.

શંકરાચાય: અહીંના લોકોની આસ્થા હજી પણ કાપાલિક મત ઉપર છે?

પદ્મપાદ: લોકોની ખબર નથી; પણ મને આ નવા સંન્યાસી ઉપર તો વિશ્વાસ નથી.

શંકરાચાર્ય: વિચારીશું.

(૯)

[એક ઘાયલ વ્યક્તિનો ભયાનક ચિત્કાર]

શંકરાચાર્ય : શું થયું, પદ્મપાદ?

પદ્મપાદ : આપનો નવો શિષ્ય મરી રહ્યો છે!

શંકરાચાર્ય : ત્રિશૂળ તેં માર્યું?

પદ્મપાદ: તે એને યોગ્ય હતો.

શંકરાચાર્ય: શો અપરાધ કરેલો તેણે?

પદ્મપાદ: આપ સમાધિમાં હતા અને આ દુષ્ટ છુપાતો છુપાતો કુટીમાં ઘૂસ્યો. તેની ઉપર હું સદા દૃષ્ટિ રાખતો હતો. પાછળથી આવીને જોયું તો આપના શિરચ્છેદ માટે ખડ્ગ ઊંચકીને ઊભો છે. તરત જ આ ત્રિશૂળ તેના શરીરમાં પેસી ગયું.

શંકરાચાર્ય: ભવિષ્યને કોઈ બદલી નથી શકતું. તેણે મારા શિરની માગણી કરેલી.

પદ્મપાદ : ને આપે એ યાચના સ્વીકારેલી?

સુરેશ્વર: (હસીને) હા; કોઇક સિદ્ધિ માટે બિચારાને સર્વજ્ઞનું શિર જોઇતું હતું અને તેને આપણે જ સર્વજ્ઞ મળ્યા!

પદ્મપાદ : નીચ! મદિરાપાન કરીને લથડતો લથડતો અહીં આવ્યો ત્યારે જ તેની લાલ આંખો અને મદિરાની દુર્ગંધથી હું સચેત થઈ ગયો હતો. વેષ તો જુઓ તેનો– હાડકાંની માળા ગળામાં પહેરી છે! મદિરાની દુર્ગંધથી મારું તો માથું ફાટી જાય છે! ટાંગ પકડીને એને ખસેડું છું.

શંકરાચાર્ય: નહિ, નહિ. મૃત માનવીનું સન્માન કરવું જોઇએ. મર્યાદાનું ઉલ્લંઘન સંન્યાસી જ કરવા લાગશે તો પછી સાધારણ જન શું કરશે? તેણે સંન્યાસ લઈ લીધો હતો એટલે સંન્યાસીને અનુરૂપ જ તેના અંતિમ સંસ્કાર કરવા જોઇએ.

(૧૦)

[શંકરાચાર્ય, પદ્મપાદ, સુરેશ્વર]

પદ્મપાદ : શારદાદેવીની પ્રતિષ્ઠાથી લોકોનો એ ભ્રમ દૂર થઈ ગયો કે આચાર્ય સગુણ ઉપાસનાના વિરોધી છે.

શંકરાચાર્ય : (હસીને) હજી મોટું કાર્ય કરવાનું બાકી છે. અહીં એક મઠની સ્થાપના કરવાનો વિચાર છે. શિષ્યો માટે કુટીરો તૈયાર થઈ ગઈ છે. અદ્વૈતવાદના પ્રચારનું કેન્દ્ર બનવા માટે આ સ્થાન ઉપયુક્ત છે.

પદ્મપાદ : આપના ભાષ્ય ઉપર વાર્તિક લખવાની વાત...

શંકરાચાર્ય : એ જ વાત કરવાનો છું હું. તારા કેટલાક સાથીદારો ઇચ્છે છે કે 'વાર્તિક' તારે લખવું.

પદ્મપાદ : આ સેવક એ કાર્ય માટે અયોગ્ય છે. આ કાર્ય તો સુરેશ્વરાચાર્ય માટે છે.

સુરેશ્વર: સેવક આ કાર્ય માટે સર્વથા અયોગ્ય છે. મારા સાથીઓ હજી મારા ઉપર વિશ્વાસ નથી કરતા. તેઓ સમજે છે કે પરાજિત બનીને વિવશતાથી મેં સંન્યાસ ગ્રહણ કર્યો છે. તેઓ માને છે કે વાસ્તવમાં સંન્યાસમાં મારી આસ્થા નથી.

શંકરાચાર્ય : અમે એવું નથી માનતા. સંન્યાસમાં આપની આસ્થા ન હોત તો આપ સંન્યાસ માટે પ્રતિજ્ઞા જ ન કરત. વાર્તિક તો આપે જ લખવું જોઇશે. સ્વર્ગીય આચાર્ય કુમારિલની પણ આ જ ઇચ્છા હતી.

સુરેશ્વર: જેવી આજ્ઞા.

શંકરાચાર્ય: ભારતભૂમિમાં અદ્વૈત વેદાંતના પ્રચારનું પવિત્ર કાર્ય આપણે કરવાનું છે. જ્યાં સુધી લોકોમાં અભેદબુદ્ધિ ઉત્પન્ન નહિ થાય ત્યાં સુધી સમાજમાં અવ્યવસ્થા રહેશે. જગતને બ્રહ્મનું વ્યક્ત રૂપ માનીને નિરંતર તેના કલ્યાણમાં જ પ્રવૃત્ત રહેવું એ માનવધર્મ છે, એ જ શ્રેષ્ઠ ઉપાસના છે, તેમાં જ સૌનું કલ્યાણ છે.

પદ્મપાદ: ધર્મનું તત્ત્વ વસ્તુતઃ આજે ગૂઢ થઈ ગયું છે. માત્ર બાહ્ય આચારને જ લોકો જીવનનું તત્ત્વ માની બેઠા છે.

સુરેશ્વર: વાસ્તવિક જ્ઞાન અને કર્મને ભૂલી જવાથી સમાજની આવી દશા થાય છે. ભારતમાં જે નવીન એકેશ્વરવાદ આવ્યો છે તે જીવ ને જગતને બ્રહ્મથી ભિન્ન સમજી દુનિયામાં અત્યાચાર કરી રહ્યો છે. હિંસાના બળે તે પોતાની વાત દુનિયાને મનાવવા માગે છે.

શંકરાચાર્ય: તેના અત્યાચારના કારણે થોડા અંશે તે સફળ પણ થઈ રહ્યો છે, પરંતુ તેની એ સફળતા આપણા અજ્ઞાનનું જ પરિણામ છે. આપણે પોતપોતાના સ્વાર્થમાં પડીને જ્યારથી સત્યને ભૂલી ગયા ત્યારથી એકતાએ અનેકતાનું રૂપ ધારણ કર્યું છે. પરિણામે લોકો જીવનના પ્રત્યેક પ્રસંગે પરાજિત થઈ રહ્યા છે.

પદ્મપાદ : શું થશે હવે આપણું?

શંકરાચાર્ય: કલ્યાણ થશે. ભારતનું એક ચિત્ર મેં બનાવ્યું છે. તે ચિત્રને સજીવ કરવાનું છે. સઘળાં કષ્ટ નષ્ટ થઈ જશે.

સુરેશ્વર: એ કેવું ચિત્ર છે?

શંકરાચાર્ય: ભારતને ચાર ભાગમાં વહેંચીશું. ચારે ભાગમાં એક વીતરાગ વિદ્વાન સંન્યાસીને નિયુક્ત કરીશું. તે ચારે સંન્યાસી પોતપોતાના પ્રદેશમાં ઘૂમીઘૂમીને લોકોને જીવનનો પાઠ શીખવશે. લોકો સારી રીતે જીવવાનું અને જીવનનો યોગ્ય ઉપભોગ કરવાનું શીખશે. એ સંન્યાસીઓ પાસે સંપત્તિ હશે, પરંતુ તેનો ઉપયોગ જગત માટે કરાશે. સમસ્ત વિશ્વ તેમનો પરિવાર હશે. રાજાઓ તેમને વશ થઇને પ્રજાપાલન કરશે.

પદ્મપાદ : રાજાઓનું નિયમન અનિવાર્ય છે.

શંકરાચાર્ય: વ્યક્તિનું પોતાનું ચરિત્ર અન્ય માટે નિયામક હોય છે. આદર્શ ચરિત્રવાળો સંન્યાસી જ્યારે પોતાના માટે નહિ પરંતુ જગતના માટે જીવશે ત્યારે તેનું અનુકરણ કરીને રાજા અને રંક પોતપોતાનું કર્તવ્યપાલન કરીને બીજાને માટે જીવતાં શીખશે. વ્યક્તિગત સ્વાર્થનો ત્યાગ બહુ મોટી શક્તિ છે. પૂર્વ-

માં ગોવર્ધન મઠ, દક્ષિણમાં શૃંગેરી મઠ, પશ્ચિમમાં શારદા મઠ તથા ઉત્તરમાં જ્યોતિર્મઠ આ જ્ઞાન-પ્રસારનાં કેન્દ્ર હશે.

પદ્મપાદ: ગુરુદેવ અમને તજી દેશે?

શંકરાચાર્ય: સઘળું તજી દેનારને કોઈની જોડે વ્યક્તિગત મોહ કેવો? ગોવર્ધન મઠમાં રહીને તારે જ અંગ, બંગ, કલિંગ અને ઉત્કલમાં જ્ઞાન-પ્રસાર કરવાનો રહેશે. આંધ્ર, દ્રવિડ, કેરળ અને કર્ણાટક હસ્તામલકના ભાગમાં રાખ્યા છે. શૃંગેરીમાં રહીને તે આ પ્રદેશનું કાર્ય કરશે. સિંધુ, સૌવીર, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર શારદાપીઠની અંતર્ગત રાખીને સુરેશ્વરે સંભાળવાં જોઈશે.

સુરેશ્વર: મારે?

શંકરાચાર્ય: તો? સંન્યાસાશ્રમ વિશ્રામ માટે છે શું? કુરુ, કાશ્મીર, પાંચાલ અને કંબોજનું કાર્ય જ્યોતિર્મઠમાંથી તોટક સંભાળશે.

પદ્મપાદ: જેવી આજ્ઞા.

(૧૧)

[શંકરાચાર્ય અને શિષ્યગણ]

શંકરાચાર્ય: અહીં શૃંગેરીમાં હસ્તામલકને રાખીને ત્રણે મઠોની સ્થાપના માટે આપણે હવે ભારતભ્રમણ કરીશું.

સુરેશ્વર: મઠાધિપતિને દેશભરનું ભ્રમણ કરવાનો અધિકાર છે?

શંકરાચાર્ય: નહિ. પોતપોતાના પ્રદેશોનું ઉત્તરદાયિત્વ ચારે મઠાધ્યક્ષો ઉપર છે. તેમણે અન્ય પ્રદેશમાં પ્રવેશ કરવો નહિ જોઈએ.

પદ્મપાદ: મઠના આચાર્યોની પરંપરા કઈ રીતે ચાલશે?

શંકરાચાર્ય: પવિત્ર, જિતેન્દ્રિય, વેદવેદાંગવિશારદ, યોગીતથાસમસ્તશાસ્ત્રોમાં નિષ્ણાત એવી વ્યક્તિ જ મઠની અધિકારી થઈ શકશે.

પદ્મપાદ: અને...

શંકરાચાર્ય: સદ્‌ગુણસંપન્ન આચાર્ય હમેશાં આપણો પ્રતિનિધિ અથવા આપણું જ રૂપ માનવામાં આવશે. રાજા તથા પ્રજા વાણી, મન, શરીર અને કર્મ દ્વારા મઠના હિતનું ચિંતન કરશે. હું બ્રહ્મ છું, તમે બ્રહ્મ છો, સઘળું બ્રહ્મ છે; બ્રહ્મ સિવાય ક્યાંય કશું નથી. જીવન માટે વાસ્તવિક સંદેશ આ જ છે. આ જ્ઞાનને નજર સમક્ષ રાખીને દરેક વ્યક્તિ પોતપોતાના કર્તવ્યનું પાલન કરશે અને જગતના વ્યવહારમાં મર્યાદાની રક્ષા કરશે. સૌ સુખી થાય, સૌ રોગરહિત બને, સૌનું કલ્યાણ થાય, કોઈ દુ:ખી ન હોય, સૌના કલ્યાણમાં જ વ્યક્તિનું કલ્યાણ છે. આ જ સનાતન ધર્મ છે, અત: જ વિશ્વધર્મ છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



શ્રાવણ ૧૯૯૮
અંક ૪૦૪



રામચંદ્રજીના વંશના પુરુષો કાકુત્સ્થો કહેવાતા. કાકુત્સ્થો એટલે જેમની કાંધ બળવાન ને જામેલી હોય એવા પુરુષો. કાંધ અથવા કંધા શરીરનો ભાર ખમનારું ને માથા તથા બાહુને બળ પૂરનારું મોટું મથક છે.

દૂબળીપાતળી ડોક શરીરનો અધૂરો રહેલો વિકાસ અને શક્તિની ન્યૂનતા સૂચવે છે. ભરાવદાર ગરદન ને કાંધ વ્યક્તિની પૂર્ણ તંદુરસ્તીનાં ચિહ્નો છે. શ્વાસનળીને પૂર્ણ સગવડ આપનાર ને મગજની રક્તવાહિનીઓને પ્રવાહભરી રાખનાર સબળ ગરદન માણસનો જીવનાધાર અવયવ છે. મલ્લો દાવપેચની ટક્કર લેવાને ગરદન તથા કાંધ ખાસ કસરતોથી જમાવે છે એવા થવાની સાધારણ માણસને જરૂર નથી. માત્ર ચપળતા ને શક્તિ-સ્વાધીનતા પૂરતી ડોકની ખિલવણી દરેક જણે કરવી જોઈએ.

ગરદન જમાવવાની ઇચ્છાવાળા મનુષ્યે શરૂઆતમાં ડોકું ઉપરનીચે કરીને તથા બે બાજુના ખભાઓ તરફ અક્કડપણે ફેરવીને તેને કસરત આપ્યાં કરવી જોઈએ.


ગળાની કેટલીક કસરતો મિ. બર્નાર મૅકફૅડને યોજેલી છે. તેને એ 'શક્તિધારા' નામથી સંબોધે છે. કારણ કે તે દ્વારા જ્ઞાનતંતુઓ સબળ બને છે અને કરોડના બધા અંકોડાની જડતા છૂટી સરખાઈમાં આવે છે.

શરૂઆત કરવા તમારે પ્રથમ ખભા વાળ્યા વિના ઊંટની જેમ ડોક આગળ લાવવા પ્રયત્ન કરવો; અને પછી આકાશમાં ઊડતું બલૂન જોતા હો તેમ ડોક ઊંચી ઉછાળવી.

બધી હિલચાલમાં જાણે એક ધરી ઉપર ડોકની ગતિ આપ્યા કરતા હો તેમ ધારણા કરવી. ઊંચું જોઈને તુરત નીચું જોવું.

પ્રથમ તમારું જડબું દાબો. પછી જાણે દાઢી અંદર, નીચે ને પાછળ નાખતા હો તેમ બળ આપો. છાતીનાં હાડકાંને સ્પર્શ કરવા જેટલી દાઢીને નીચે ઉતારો, ને છાતીના પહેલા પાટિયા આગળ ખભાનાં બંને હાડકાંને તે અડે એમ બંને બાજુ ફેરવો. જરા પ્રયત્નથી કરશો તો આ ક્રિયા એટલી સરળ છે કે દિવસમાં સત્તર વખત તમે તે કરી શકશો. તેમ કર્યા કરવાની ટેવ જ પાડી દો તો પણ ખોટું નથી.

અહીં જે ચિત્રો આપ્યાં છે તે ગરદન તથા કાંધ માટે જરા આગળપડતી કસરતો છે અને એ પ્રમાણે માથું ગોઠવ્યા પછી ઉપરના થોડા ભાગ સાથે ચારેકોર ગરદન ઘૂમડવાથી ગળાના બધા સ્નાયુઓને લોહી ને તાકાત મળે છે.



પંખાની કલ્પના સર્જનજૂની છે. પુરુષ અને પ્રકૃતિને વિહારકાળે પવન સ્થિર થયો હશે; વ્યાકુલ બની પ્રકૃતિ વટવૃક્ષ તળે તરફડતી હશે; પુરુષ વૃક્ષ ઉપર ચડી ડાળ ઝુલાવતો હશે; પાંદડાંના હલનથી પ્રકૃતિને શાંતિ મળી હશે. પંખાની એ પ્રથમ કલ્પના.

પછીની પ્રજાએ વૃક્ષનું પડેલું પાંદડું રમતમાં ચલાવી જોયું. એ પંખાનું આછું સ્વરૂપ. પછી તો પાંદડામાં ફેરફાર થતો ગયો.

શકુંતલા વિરહથી વ્યાકુળ બને છે તેને તેની સખીઓ તાલવૃંતકથી વાયુ ઢોળે છે તે વિષે ઉલ્લેખ છે. તાલપત્ર ઉપર કલારસિકો ચિત્રો કઢાવતા; ધર્મપ્રિયો ધર્મની ગાથાઓ લખાવતા. મોરપિચ્છના તથા સુગંધી વાળાના પંખાઓ પણ આ પછીના યુગમાં બનતા.

સંસ્કૃતિ વધતાં જેમ માણસો વલ્કલ પરથી વસ્ત્ર ઉપર આવ્યા, તેમ પંખાને પણ કપડું ચડવા લાગ્યું. રેશમી કપડાં ઉપર કારીગરો તેમની કલાનું પ્રદર્શન કરવા લાગ્યા. ભરતગૂંથણ અને ચિત્રણથી પંખો શણગારાયો. આટલા વિકાસ પછી પંખાની બનાવટમાં પણ ફેર પડવા લાગ્યો. પંખાનો વીંઝણો થયો. ત્યાર પછી ઘડીવાળા પંખાનો યુગ શરૂ થયો, જેનું ઉત્પત્તિસ્થાન ખાસ કરીને ચીન ને જાપાન છે.

કલાધરો કલાવૃત્તિ પોષવા મોતીની ગૂંથણીવાળા પંખા બનાવવા લાગ્યા. તેમાં નાનાં આભલાં જડતા તથા રૂપાની ઘૂઘરીઓ પણ મૂકતા; રેશમ ઉપર હીરથી ભરત ભરતા, ખાપો જડતા અને એને પણ ફરતી ઘૂઘરી મૂકી પંખાને એક આભરણ રૂપ બનાવતા. પછી તો પંખાઓ દાયજામાં આપવાનો રિવાજ પણ શરૂ થયો. અન્ય દેશો પેઠે રોમમાં પણ ઉમરાવો તેમની દીકરીઓને દાયજામાં પંખો ખાસ આપતા. સત્તાધારીઓ તેમની સત્તાના ચિહ્ન તરીકે છત્ર અને ચામરની સાથે પંખો પણ રાખતા. આમ મધ્યયુગમાં પંખાનું ઘણું મહત્ત્વ હતું. ચીન ને જાપાન તો પંખાના જ દેશો છે.

ઇજિપ્તની શિલ્પકલાના અવશેષોમાં પર્સિપોલિસનાં ખંડિયેરમાં થીબ્સ ને અન્ય પ્રાચીન સ્થળે પણ પંખાના નમૂના નજરે પડે છે. ખ્રિસ્તી રહસ્યની ઊજવણી સમયે પવિત્ર તત્ત્વો પરથી માખીઓ ઉડાડવા માટે પંખો વાપરવામાં આવતો. એનો ઉલ્લેખ લંડનના સેંટ પૉલ તથા સૅલિસ્બરી કેથેડ્રલનાં ને બીજાં દેવળોનાં જૂનાં લખાણોમાં થએલો છે.

જાપાન અને ચીનમાં ઘડીવાળા પંખાનો ઉપયોગ મોટા પ્રમાણમાં હતો અને હજી છે. વાંસની પાતળી પટ્ટીઓ વર્તુલાકારે ગોઠવાઈ રહે એ રીતે તેને કાગળ ચોડી પંખા બનાવતા ને તેને વિવિધ રીતે શણગારતા. તે ઉપર ચિત્રો પણ ચીતરતા. પંખાઓ ઉપર કવિતા કે સુવાક્યો પણ લખવામાં આવે છે.

ઈ. સ. ૧૬૩૫માં પોર્ટુગીઝ વેપારીઓને જાપાન—નિપ્પોંમાં વસાહત માટે જે પ્રદેશ કાઢી આપવામાં આવ્યો હતો તે પંખાના આકારનો હતો, કેમકે જાપાન અને પોર્ટુગીઝ એને પ્રજાને પંખો અતિ પ્રિય છે, એટલે એનું સ્મરણ જાળવવા એના આકારનો એ પ્રદેશ આપ્યો. ઘડીવાળા પંખાની પટ્ટીઓ હાથીદાંતની પણ બને છે અને તેના ઉપર મનોહર કોતરણી કરવામાં આવે છે. આવી પટ્ટીઓ પર કાગળ ન ચોડતાં તેમની વચમાં નાજુક કાણાં પાડી તેમાં સુંદર દોરી પરોવવામાં આવે છે.

ચૌદમી સદીમાં પોર્ટુગીઝ રમણીઓમાં પંખાનો સર્વોત્કૃષ્ટ પ્રચાર થયો હતો. ઇંગ્લંડમાં રિચર્ડ બીજાના અમલની આખર લગભગ પંખાનો પ્રવેશ થયો; વૈભવશોખી ઈટાલીમાંથી કેથેરાઈન દ મેડીચીએ તેનો પ્રવેશ કરાવ્યો હતો. ઈટાલી, ફ્રાન્સ ને સ્પેનમાં પંખો રાખવો એ સભ્યતાની નિશાની ગણાતી. પછી તો પવન નાખવાની ક્રિયામાં સાંકેતિક ચલનથી પ્રેમીઓ ગોષ્ઠીઓ કરતાં.

સ્ટુઅર્ટ રાજાઓના સમયમાં ઈંગ્લંડમાં પંખાનો ઉદ્યોગ જામતો હતો. એ વખતે હિંદુસ્તાનની કમનીય કારીગરીવાળા પંખાઓ ઈંગ્લંડમાં આયાત થતા ને અંગ્રેજ કારીગરોની રોજી ઉપર કાપ મૂકાતો. તેમણે સંગઠન કરી એ બાબતમાં પ્રજામત જાગૃત કર્યો, રાજાને અરજીઓ કરી ને પરિણામે ઈંગ્લંડના ઉદ્યોગનું રક્ષણ કરવા માટે ભારતમાંથી આયાત થતા પંખાઓ પર ભારે જકાત નાખવામાં આવી.

અઢારમી સદીમાં પંખાની કલા વિકાસની પૂર્ણ કક્ષાએ પહોંચી. તેના પર સજાવાય તેટલો શણગાર સજાવાતો. એકએક પંખાની કિંમત અઢીસો ગીની સુધી ત્યારે થએલી છે.

ફ્રેન્ચ વિપ્લવ પછી ફ્રાન્સમાંથી પંખાની લલિત કલા નાશ પામી. કલાનાં ચિત્રોને બદલે રાજદ્વારી પુરુષોનાં અને મહત્ત્વના બનાવોનાં ચિત્રો પંખા ઉપર ચીતરાવા લાગ્યાં અઢારમી સદીમાં મહારાણીથી દાસી સુધી સર્વના શોખની અને સુંદરતાની મૂર્તિરૂપ પંખો, ઈંગ્લંડ, ફ્રાન્સ ને જર્મનીમાં લોકપ્રિય બન્યો હતો. પંખા વિષે અનેક પુસ્તકો પણ લખાયાં છે.

પછી તો યુગ પલટાતો ગયો અને આધુનિક સમયમાં ઑફિસોમાં અને મંદિરોમાં વપરાય છે તેવો છતમાંથી ઝૂલતો પંખો દાખલ થયો. યંત્રનો યુગ બેસતાં તેને પણ તેની અસર થઈ ને પેટ્રોલના તથા વીજળીના પંખાનો જન્મ થયો. યંત્ર આવતાં પંખાની જૂની કલાનો લગભગ નાશ થયો છે. —'રસનિધિ'

મૌન

મૌનનો મહિમા જેવોતેવો નથી. મૌનનો સંયમ જરૂરી છે. મૌન કાર્યશક્તિ સંઘરી રાખે છે અને તેને વધારે પણ છે

વનસ્પતિ ઊગે છે, વૃક્ષો ફૂલે છે, સૂર્ય ચંદ્ર અને તારા ઊગીને આથમે છે,—મૌનમાં.

કુદરતનો મંત્ર મૌન હોય એમ લાગે છે. આકાશનો તો સ્વભાવ જ જાણે મૌન છે.

મૌન સર્વોત્તમ વાણી છે. જે સિદ્ધિ ઘણીવાર વાણીથી ન મળે તે મૌનથી અવશ્ય સાંપડે છે. મૌન ચિત્તને સ્થિર તથા શાંત કરે છે. મનુષ્યને અંતર્મુખ વાળે છે. મૌન મીઠો ઠપકો પણ છે.

મૌન એટલે અખંડ મૌન નહિ. મૌન પાળનારની વાણી વિચારશીલ, ગંભીર અને સમર્થ બને છે. ટેવથી મૌન પાળવું સહેલું પડે છે.

મનુષ્ય વાણી કરતાં મૌનથી વિશેષ શોભે છે.

દેશળજી પરમાર

વૃક્ષ

સંન્યાસીજન, યોગીઓ, વળી બહુ વૈરાગીઓ થૈ ગયા,
વૃક્ષોનો પરમાર્થ કિંતુ નવ કો ધારી શક્યું સૃષ્ટિમાં.
પર્ણો છાંય ધરે, ફળો રસ દવે, પુષ્પો સુગંધી ભરે,
ભૂલે ના પરમાર્થ મૃત્યુ પછી યે, કાઠી રૂપે થૈ બળે.

રતિલાલ શુક્લ

છત્રી

ઈબ્રાહીમ કરીમની સમ બહુ વેપારીઓ થૈ ગયા,
છત્રીનો પરમાર્થ કિંતુ નવ કો ધારી શક્યું સૃષ્ટિમાં.
કો દિ છાંય ધરે, વળી જલ ઝીલે, ને શ્વાનથી સાચવે
ભૂલે ના પરમાર્થ મૃત્યુ લગી યે લાઠી રૂપે થૈ રહે.

પ્રતિલાલ શ્યામ

શ્રી રતિલાલ શુક્લનું એક મુક્તક 'કુમાર'ના ૧૦૦મા અંકમાં પ્રકટ થએલું. તે પરથી સ્વ. યશવંત પંડ્યાએ 'છત્રી' નામનું પ્રતિકાવ્ય રચી મોકલેલું. એમાં પ્રતિકાવ્યના બધા ગુણો જાળવવાનો પ્રશંસનીય પ્રયત્ન હોઈ અહીં તે ઉતાર્યું છે.

સાહિત્યસંપર્ક

અર્વાચીનગુજરાતી શિક્ષણનાં સો વર્ષ: અર્વાચીનગુજરાતીકેળવણીનાવિકાસમાં અગ્રણી ફાળો આપનાર લગભગ એક સૈકાની ઝવેરી પેઢી(અર્વાચીન ગુજરાતી કેળવણીના પિતા શ્રી રણછોડલાલ ગિરધરલાલ, રા. બા. મોહનલાલ અને દી. બ. કૃષ્ણલાલ)નો જીવન-પરિચય, ચરિત્ર આત્મકથન અને સંસ્મરણો એમ ત્રિવિધ રૂપે આપવું તેમજ ગુજરાતનાં કેળવણી, સંસ્કાર, સુધાર, અને સાહિત્યના નૂતન ઇતિહાસની ધ્યાનપાત્ર કડીઓને સાથોસાથ રજૂ કરવું, દી. બ. કૃષ્ણલાલ ઝવેરીના ભાણેજ શ્રી રામલાલ નવનીતલાલે (અંબાજી રોડ, સુરત) શ્રમ અને ઝીણવટ પૂર્વક સંપાદિત કરેલું ઉપયોગી પુસ્તક (વેચાણ માટે નથી). **સિદ્ધ હેમ:** ગુજરાતીના પ્રથમ લેખક હેમચન્દ્રાચાર્યના એ નામક વ્યાકરણગ્રંથના ૮મા અધ્યાયના ચોથા પાદનાં ૩૨૯થી ૪૯૬ સૂત્રોમાં ગુજરાતીની પણ જનેતા ગણાતી ભાષા અપભ્રંશનાં ખાસ લક્ષણો આપ્યાંછે. તેવિભાગનો (શબ્દસૂચિ સહિત)અને ઉદાહરણ તરીકે વપરાએલાં પ્રાચીન પદ્યરત્નોનો સમશ્લોકી, અનુવાદ, અનુવાદકોસર્વશ્રી જશભાઈપટેલનેહસિત બૂચ, પ્રકાશક: ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગર (આણંદ થઈને), ૩-૦-૦.

卐

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

વિવિધ વિષયોપરસામાન્ય જ્ઞાન: ચારિત્ર્ય, આરોગ્ય, નીતિ, ખેતી તથા ઘરગથ્થુ સાધનો, એવા વિવિધ વિષયો પર જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી થઈ પડે તેવાં ઉમદા વિચારરત્નો ને સૂચનો, લેખક: શ્રી ચંદુલાલ ત્રિ. વ્યાસ, ૦-૬-૦; **પિતામહ ભીષ્મ:** મહાભારતના એ ભવ્ય પાત્રનું જનસમાજને તથા નવી પેઢીનાં સંતાનોને માટે પ્રેરક પુસ્તક, પ્રયોજક: શ્રી વાસુદેવ મહાશંકર જોષી, ૧-૦-૦; **બાળરમતો:** અઢીથી સાત વર્ષનાં તથા સાતથી બાર વર્ષનાં બાળકોને માટે, એમ બે પ્રકારની, ઘરમાં, ફળિયામાં, વર્ગમાં તેમજ મેદાનમાં રમવાની કુલ ૫૧ દેશી રમતો, લેખક: શ્રી રામજીભાઈ કા. જમોડ, ૦-૧૨-૦; **બુદ્ધિ કોના બાપની?:** મુખ્ય વાર્તામાં બીજી પેટાવાર્તાઓને યુક્તિપૂર્વક સાંકળી લેતી શ્રી હરીશ નાયકની મનોરંજક, બોધપ્રધાન, બાળકોને વાંચતાં રસ પડે એવી લાંબીવાર્તા, ૦-૧૨-૦.

નવા હિંદી હુકમો

૨૬મી જાન્યુઆરી ૧૯૫૭ના પ્રજાસત્તાક દિનથી ભારતીય સૈન્યમાં અંગ્રેજીની જગ્યાએ હિંદી હુકમો અમલમાં આવી ગયા છે, જેમાંના મુખ્ય મુખ્ય હુકમો નીચે આપવામાં આવ્યા છે:

Attention : સાવધાન
Stand-at-ease : વિશ્રામ
Stand easy : આરામ સે
Right Turn : દાહિને મોડ
Left Turn : બાંયે મોડ
About Turn : પિછે મોડ
Will Advance : આગે બઢેગા
Will Retire : પિછે લૌટેગા
Quick March : તેજ ચલ
Double March : દૌડકે ચલ
Halt : થંભ
Right Dress : દાહિને સજ્જ
By the Right Nos. : દાહિનેસે ગિનતી કર
Open Order March : ખુલ્લી લાઈન ચલ
Close Order March : નિકટ લાઈન ચલ
Right Wheel : દાહિને ઘૂમ
Left Wheel : બાંયે ઘૂમ

Eyes Right : દાહિને દેખ
Eyes Left : બાંયે દેખ
Eyes Front : સામને દેખ
Mark Time : કદમ તાલ
Present Arms : સલામી દો
Slope Arms : બંધે શસ્ત (શસ્ત્ર)
Order Arms : બાજુ શસ્ત
Trail Arms : તોલ શસ્ત
Ground Arms : ભૂમિ શસ્ત
Take up Arms : ઉઠાવ શસ્ત
For inspection Examine Arms : નિરીક્ષણ કે લિયે જાંચ શસ્ત
Fall in : લાઈન બંધ
Fall out : લાઈન તોડ
Break off : સ્વસ્થાન
Dismiss : વિસર્જન
Marker : દર્શક

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં

જિબ્રાનની જીવનવાટિકા: શ્રી ધૂમકેતુએ આપેલા 'જિબ્રાનની જીવનવાણી' પુસ્તક પછીનો, વિશ્વવિખ્યાત અરબ ફિલસૂફ ખલીલ જિબ્રાનનાં વિચાર કુસુમોનો બીજો સંગ્રહ, ખલીલ જિબ્રાનના જીવનપરિચય સાથે, ૩-૮-૦; **રતન:** શ્રી ગુણવંતરાય આચાર્યની સામાજિક નવલકથા, ૪-૮-૦; **વિજ્ઞાનદર્શન—૨:** વિજ્ઞાનનાં અનેક પાસાંઓને અનુલક્ષીને લખાએલી જીવન તથા વ્યવહારમાં કારગત નીવડે તેવા વૈજ્ઞાનિક વિષયો નિરૂપતી પુસ્તકમાળાનો બીજો મણકો, લેખકો: સર્વશ્રી બંસીલાલ ગાંધી, જયંતીલાલ ઓઝા તથા ડૉ. નરસિંહ મૂ. શાહ, ૧-૦-૦; **બાપુવંદના:** મહાત્મા ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વને સ્પર્શતાં શ્રી મધુરમનાં બાળગીતો ને બાળગઝલો, ૦-૧૨-૦.

પ્રકીર્ણ

હંસ પ્રકાશન(રાજકોટ)ની લોકવિકાસ સાહિત્યશ્રેણીની સરળ ભાષામાં શ્રી ભાખુભાઇ ગોહિલે વાર્તારૂપે લખેલી પુસ્તિકાઓ: (દરેકના છ આના) **ગોકળિયું ગામ:** આદર્શ ગામડાનું ચિત્ર રજૂ કરતી પુસ્તિકા; **નવાં તીરથ:** ભાખરા-નંગલ બંધનો પરિચય; **નવું નાણું:** ૧લી એપ્રિલ, '૫૭થી અમલમાં આવેલા દશાંશપદ્ધતિના નાણાનો પરિચય. **અલમતે જનાબે-અમીર:** ઇસ્લામના સૌથી મહાન સ્તંભ હઝરત સૈયદઅલીનાં વ્યક્તિત્વ અને મહત્તાનો, કેટલાંક આધારભૂત અને દુર્લભ પુસ્તકોની સહાયે તૈયાર કરેલ મિતાક્ષરી પરિચય, લેખક-પ્રકાશક: શ્રી ઇમામુદ્દીન દરગાહવાલા, દરગાહ શરીફ, નવસારી, ૧-૮-૦; **નટની તાલીમ:** પોતાની અભિનયતાલીમપદ્ધતિ વ્યક્ત કરતા, ખૂબ જ જાણીતા રશિયન દિગ્દર્શક સ્ટાનિસ્લાવસ્કીએ જાતે લખેલ પુસ્તકનો અનુવાદ, સ્ટાનિસ્લાવસ્કીને લગતી શ્રી જશવંત ઠાકરની સમજભરી નોંધ સાથે, અનુવાદિકા: શ્રી રેખા શ્રોફ, પ્રકાશક: ગાંડિવ સાહિત્યમંદિર, હવાડિયા ચકલા, સુરત, ૨-૮-૦;

આનંદધારા: શ્રી આનંદમયી માની સાધનાનો પરિચય અને ઉપદેશ, પ્રયોજક: કુ. પદ્મા કડિયા, પ્રકાશક: શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ, ૦-૮-૦.

શબ્દકથા: 'જકાત'

આજે 'જકાત' શબ્દ 'કર' અથવા 'વેરા'ના અર્થમાં રૂઢ થયો છે; અને સરકારે નાખેલી એ જકાત અથવા વેરો, પ્રજાની ઇચ્છા હોય કે ન હોય તો પણ, ભર્યા વિના છૂટકો થતો નથી. પણ એ શબ્દનો મૂળ અર્થ એથી ઊલટો જ છે. અરબી ભાષાના જે 'જકવાત' શબ્દ પરથી એ ઊતરી આવ્યો છે, તેનો અર્થ તો 'પોતાની કમાણીમાંથી અમુક ભાગ દાનધર્મ તરીકે સ્વેચ્છાએ આપવો તે' એવો થાય છે. અહીં એમાંથી દાનધર્મની કલ્પના બદલાઇને કાયદેસર ફરજનું રૂપ મળ્યું છે. —એચ.એસ.શેખ



આટલું કરો

આંખોમાં હો તેજ, ભુજમાં શક્તિ, હૃદયમાં દૃઢતા અવિચલ,
કર્મોમાં હો યજ્ઞભાવના, મનમાં હો સન્નિષ્ઠાનું બલ,
પ્રાણોને નવસૃજનપ્રેરણા ઉત્પ્રાણિત કરતી હો પલપલ,
એ વર દે અમને તુજ સુતને ધર્મધારિણી, ચિદ્રિહરણિ હે!

(શ્રી બાલકૃષ્ણ શર્મા 'નવીન'ના હિંદી ઉપરથી)

ભારતરત્ન ડૉ. ભારતન કુમારપ્પા

'ગાંધી-સાહિત્યના જ્ઞાનકોશ' સમા ભારતના બહુશ્રુત તત્ત્વવિદ, ઉચ્ચકોટિના ઇતિહાસજ્ઞ રાષ્ટ્રસેવક ડૉ. ભારતન કુમારપ્પાનું ગઇ ૨૫મી જૂને નવી દિલ્હીમાં કૉન્સ્ટિટ્યૂશન હાઉસના તેમના કામકાજના તથા રહેવાના મથકે, નિદ્રાવસ્થામાં જ અવસાન થયું.

તેમનો જન્મ તાંજોરમાં તા. ૧૩મી જુલાઈ ૧૮૯૬ના રોજ ખ્રિસ્તી પરિવારમાં થયો હતો. આ વિશાળ કુટુંબાએ એટલી વિદ્વાન અને સંસ્કાર-સંપન્ન વ્યક્તિઓ આપી છે, કે જો એ લોકોને પોતાની 'કુમારપ્પા યુનિવર્સિટી' ચલાવવી હોય તો એક પણ માણસને બહારથી બોલાવવો ન પડે! તેમના પિતા શ્રી એસ. ડી. કૉર્નેલિયસ મદ્રાસ સરકારના જાહેર બાંધકામ ખાતાના કર્મચારી હતા. ચાર ભાઇઓમાં ભારતન સૌથી નાના હતા. ફિલસૂફીનો વિષય લઈ તે બી. એ. થયા તે વખતે તેમણે તેને લગતાં બધાં ઇનામો મેળવ્યાં હતાં અને આખા મદ્રાસ ઇલાકામાં તે પ્રથમ ગણાયા હતા.

ત્યાર બાદ તે અમેરિકા(કનેક્ટિકટ)માં હાર્ટફોર્ડ ગયા અને ત્યાં ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો વિષય લઈ બી. ડી. (બૅચેલર ઑવ ડિવિનિટી) થયા. સૌથી શ્રેષ્ઠ વિદ્યાર્થીને મળતી વેલિસ ટ્રાવેલ ફેલોશિપ તેમને મળી. હાર્ટફોર્ડથી સ્કૉટલંડ ગયા અને એડિનબરો યુનિવર્સિટીની પાશ્ચાત્ય ફિલસૂફીની પીએચ. ડી.ની પદવી પામ્યા. પછી જર્મનીમાં જેના યુનિવર્સિટીમાં પોતાનો અભ્યાસક્રમ પૂરો કરીને તે હિંદ પાછા આવ્યા અને નાગપુરની હિસલૉપ કૉલેજમાં ફિલસૂફીના અધ્યાપક નિમાયા. નાગપુરમાં હતા ત્યારે તેમને પાશ્ચાત્ય ફિલસૂફીની અપર્યાપ્તતા સમજાવા લાગી અને તેમણે હિંદી ફિલસૂફીનો અભ્યાસ કરવા વિચાર કર્યો. તરત તેમણે સંસ્કૃતનો અને વેદાંત ફિલસૂફીનો અભ્યાસ શરૂ કર્યો. રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતવાદ પર મહાનિબંધ લખીને તેમણે તત્ત્વવિદ તરીકે બહોળી પ્રતિષ્ઠા મેળવી, ને લંડન જઈ ત્યાંની યુનિવર્સિટીમાં હિંદી ફિલસૂફીમાં વિશિષ્ટતા સાથે પીએચ. ડી.ની ડિગ્રી મેળવી. લંડનથી પાછા આવ્યા બાદ તે મદ્રાસમાં ક્રિશ્ચન કૉલેજમાં પ્રો. હૉગને સ્થાને ફિલસૂફીના અધ્યાપક નિમાયા. પ્રો. હૉગ તેમના વિષયમાં અસાધારણ વ્યક્તિ ગણાતા; એટલે તેમને સ્થાને આવવું એ વસ્તુ જ ડૉ. ભારતન કુમારપ્પાની લાયકાત વ્યક્ત કરે છે.

ડૉ. ભારતન કુમારપ્પાના મોટા ભાઈ શ્રી જે. સી. કુમારપ્પા તે વખતે, અર્થશાસ્ત્રની પોતાની પરદેશની વિશિષ્ટ પદવીઓ છતાં, ગાંધીજીના આકર્ષણમાં આવી, તેમના સૂચવ્યા મુજબ અમદાવાદ મુકામે ગુજરાત વિદ્યાપીઠમાં ગ્રામ-અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ સંભાળી રહ્યા હતા. ટૂંક સમયમાં ડૉ. ભારતન પણ ગાંધીજીના પરિચયમાં આવ્યા; અને તરત જ તેમણે પોતાનું જીવન-કાર્ય જાણે વિચારી લીધું. આ ગાળામાં તેમણે લખેલી 'મૂડીવાદ, સમાજવાદ, ગ્રામોન્નતિવાદ? (કૅપિટાલિઝમ, સોશ્યાલિઝમ, વિલેજિઝમ?)' નામની પુસ્તિકામાં તેમની શક્તિનું યથાર્થ પ્રતિબિંબ જોઈ શકાય છે. સ્વદેશની આઝાદીની લડત ચાલતી હોય ત્યારે પોતાનું સ્થાન યુદ્ધમોરચે જ હોઈ શકે, તથા જીવન-ફિલસૂફીના સાચા પ્રયોગો આદરનાર ગાંધીજી જેવી વ્યક્તિનો અંતેવાસ એ પણ ફિલસૂફીનો માર્ગ હોઇ શકે,—એટલું તેમની રીતે સમજી લેતાં તેમને વાર ન લાગી. વચગાળામાં તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં રહી જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ કરવા લાગ્યા.

તેમની સાથે પરિચયમાં કે સંબંધમાં આવનાર કોઇને તેમણે કોઈ રીતનું કશું અંતર દેખાવા

આપણાં જંતુઓ-૧૨

અળસિયાં



ચોમાસામાં ભીની અને પોચી જમીનમાં થતા તથા થોડો તડકો પડતાં મરી જતા પાતળા લાંબા આ કીડાને કોણ નથી ઓળખતું? 'સરપોલિયું' કે 'આંધળો કીડો' એ તેનાં બીજાં નામ. સામાન્ય રીતે એ પાંચ-છ તસુ લંબાઈનાં હોય છે. કોઈ કોઈની લંબાઇ તો ત્રણથી છ ફૂટની યે ખરી! તેને આંખ કે પગ હોતા નથી.

મોટે ભાગે જમીનમાં છએક ફૂટ ઊંડે સુધી પુરાઈ રહે, અને ચોમાસામાં જમીન પોચી થાય ત્યારે દર પાડીને ઉપર આવે. તેની અત્યંત સુંવાળી ચામડી સૂકી હવા ખમી શકતી નથી. આવી હવા તેના શરીરમાંનું પાણી શોષી લઇ તેને મારી નાખે છે. આગલા અણીવાળા ભાગ વડે તે જમીનને કોચીને બહાર લાવે છે. જમીન જો કઠણ હોય તો એને તે ખાઇ જાય છે. ઉપરાંત સડેલાં પાંદડાં, ચા-કૉફીનો નકામો કચરો, છાલ-ડાંખળાં વગેરે પણ ખાય. અળસિયાં રેતીના કણોને ગળે છે, જેની મદદથી પેટમાંના ખોરાકનો તે ભૂકો કરે છે. આ બધાની સાથે ઍંથિરસ તથા અમુક જંતુઓ ભળે છે. એમાંથી જોઈતું પોષણ લઈ જે વિષ્ટા તે દરની બહાર કાઢે છે તેનાથી સુંવાળી ફળદ્રુપ જમીન બને છે. આ જમીનમાં ઝાડ-વનસ્પતિને જોઈતાં બધાં તત્ત્વો ગળાકરૂપે હોય છે. અમેરિકા જેવા સુધરેલા દેશોમાં જમીનની ફળદ્રુપતા માટે અળસિયાંનો ખાસ ઉછેર કરવામાં આવે છે. એકરે ૨૫ થી ૫૦ હજાર અળસિયાં હોય તો વર્ષે ૫૯૦ મણ સારી માટી બને છે.

વૈદકશાસ્ત્ર પ્રમાણે અળસિયાના શરીરમાં તાંબાનો ભાગ હોવાથી તેનો રંગ લાલ હોય છે. વાળાના રોગમાં તથા નાગના ઝેર પર તે ફાયદાકારક મનાય છે. ક્ષયમાં આહારમાં અળસિયાં તળીને ખાવાનું ચરકે કહ્યું છે; શ્વાસરોગમાં અળસિયાંની ભસ્મ મધ સાથે લેવાય છે.

અળસિયું નર અને માદા બંને એકી સાથે હોય છે, ને દરેક અળસિયું ઈંડાં મૂકે છે! આ ઈંડાં એક ઈંચના ૨૦૦મા ભાગ જેવડાં હોય છે.



જાત, ધર્મ કે રંગના ભેદ વિના જગતનાં તમામ પીડિતોના હિતાર્થે જિંદગી અર્પણ કરનાર દયાની દેવી ક્લેરા બાર્ટનની આ કથા છે. ૧૮૨૧માં ઑક્સફર્ડ(મૅસેચ્યુસેટ્સ)માં જન્મ,



શિક્ષિકા અને કારકુનનાં કામ કરતાં કરતાં નવરાશે તે શરીરરચના ને માંદાની માવજતનાં પુસ્તકો વાંચતાં તેમણે નર્સ થવા માટે અરજી કરતાં જવાબ મળ્યો કે સ્ત્રીનું સ્થાન ઘરમાં છે



છેવટે અમેરિકાના આંતરવિગ્રહમાં સેવા કરવાની તક મળી. તેમણે સ્વયંસેવિકા બની ઇસ્પિતાલો અને યુદ્ધક્ષેત્રમાં કામ કર્યું, જ્યાં તેમનો ઉત્સાહ હતો એટલું જ કામ કરતો.



દક્ષિણી અને ઉત્તરી બંને સૈન્યોના સૈનિકો તેમને પૂજતા. તેઓ રાતદિવસ સતત કામ કરતાં. ઘણી વાર તો ખૂનખાર જંગની વચ્ચે પણ તેઓ ઘવાએલાઓની સેવા કરતાં હોમાતાં.



પ્રમુખ અબ્રાહમ લિંકને તેમને ખિનપત્તા સૈનિકોની ભાળ મેળવવાનું કામ સોંપ્યું. ને તેમણે જ્યોર્જિયામાં ૧૨,૦૦૦ સૈનિકોની ઓળખ નક્કી કરી તેમની કબર પર નોંધ કરેલી :




૧૮૭૧માં યુરોપ જઈ ત્યાં ફ્રાન્સ-પ્રશિયન વચ્ચેના વિગ્રહમાં તેમણે ઘવાએલાઓ માટે ઇસ્પિતાલો ઊભી કરી, જે માટે જર્મનીએ તેમને 'આયર્ન ક્રૉસ ઑવ મેરિટ'થી નવાજ્યાં.

દીધું નથી. તેમના સ્વભાવની મીઠાશ અનોખી જ હતી. પરંતુ તેમનો અભ્યાસ લાંબો ન ચાલ્યો. ૧૯૩૨ની લડત શરૂ થઈ, અને વિદ્યાપીઠમાં જોડાતાં, શ્રી ભારતન પણ પોતે ઉપાડેલા કામની જવાબદારી સંભાળતાં જેલવાસી થયા. ત્યાર પછી પણ તે ગાંધીજીની છાવણીમાં જ જોડાએલા રહ્યા. ગાંધીજી સેવાગ્રામ ગયા ત્યારે તે ત્યાં ગયા અને તેમના મોટા ભાઈ હસ્તક ચાલતા અખિલ ભારતીય ગ્રામોદ્યોગ મંડળના મદદનીશ કાર્યકર્તા બન્યા (ઇ.સ. ૧૯૩૫). તે અરસામાં તેમણે લખેલાં કેટલાંક પુસ્તકો અને પુસ્તિકાઓ તેમનો તે વિષયનો પણ સાચો ગાંધીવાદી દૃષ્ટિબિંદુથી કરેલો અભ્યાસ પુરવાર કરે છે. 'ગ્રામ-ઉદ્યોગો ને પુનર્રચના (વિલેજ ઇન્ડસ્ટ્રીઝ ઍન્ડ રીકન્સ્ટ્રક્શન)' તેમાંનું એક છે. ત્યાર બાદ 'ક્વિટ ઇંડિયા' ચળવળ આવી; અને તે વખતે પણ તેમણે બે વર્ષ જેલમાં ગાળ્યાં. આઝાદી બાદ હિંદ સરકારે ડૉ. ભારતનને યુનોની સામાજિક અને આર્થિક બાબતોની કાઉન્સિલમાં હિંદના પ્રતિનિધિ તરીકે મોકલ્યા. તે દરમ્યાન તેમણે અમેરિકામાં ભારતીય સંસ્કૃતિના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ઇતિહાસ તથા ગાંધીજી અને ગાંધી-માર્ગ અંગે વ્યાખ્યાનો આપ્યાં, જે અંગે સામ્યવાદના પ્રશ્નો પણ તેમને ચર્ચવા પડ્યા. ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરતા હિંદને સામ્યવાદનો કશો ડર નથી, એ જાતનાં શ્રી ભારતનનાં કેટલાંક વિધાનો સામ્યવાદના હાઉથી ઘેરાએલાં અમેરિકાનાં વર્તુળોને માફક ન આવ્યાં અને ત્યાં તે 'અણફાવતા પ્રતિનિધિ' ગણાયા. પરિણામે, તે અમેરિકાથી કંઈક નિરાશ થઈને હિંદ પાછા ફર્યા.

ત્યાંથી પાછા ફર્યા બાદ મુંબાઈમાં સૌથી મોટા ભાઈ ડૉ. જે.એમ. કુમારપ્પાને ત્યાં રહીને તેમણે ગાંધીજીનાં લખાણોનો વિષયવાર સંગ્રહ કરી, તેમને લોકસુલભ કરવાની પ્રવૃત્તિ આરંભી; અને તેમની ચીવટ, પરિશ્રમ તથા નિષ્ઠાના નમૂનારૂપ કેટલા યે સંગ્રહો નવજીવન સંસ્થા મારફત પ્રસિદ્ધ થયા. અંતે કેન્દ્ર સરકારના માહિતી અને બ્રૉડ-



યુદ્ધના પરિણામે યુરોપમાં ભૂખમરો અને નિરાશા પ્રસરી રહ્યાં ત્યારે તેમણે હજારો ગરીબ નરનારીઓને રાહત આપી. આ વિલક્ષણ નારીની અનુકંપાથી દુનિયા દંગ થઇ ગઇ.



માનવકલ્યાણ માટે કોઇ કાયમી કાર્યક્રમની જરૂર લાગતાં તેમણે ૧૮૮૧માં અમેરિકન રેડ ક્રૉસની સ્થાપના કરી. અને એ કાર્યમાં તેમણે પોતાનું સમસ્ત જીવન અર્પણ કરી દીધું.



૧૮૮૨માં દક્ષિણ યુ.સ્ટે.માં પીળા તાવની બીમારી ફાટી નીકળતાં તે પોતાની સલામતીને લાત મારીને ત્યાં પહોંચી ગયાં. ગંભીર આફતમાં તેમનું નામ આશાનું પ્રતીક બની જતું.



૧૮૯૮માં તેઓ બીમાર હતાં છતાં પ્રમુખ મૅકકિન્લીની વિનતિથી સ્પૅનિશ–અમેરિકન યુદ્ધમાં ફરીથી તેમણે જૂનું સેવાકાર્ય ઉપાડી લીધું. ૧૯૦૪માં તો તેમનું આરોગ્ય સાવ કથળી ગયું.



આજના સ્ત્રીઓના સ્વતંત્રતામાં ક્લેરા બાર્ટનનો હિસ્સો ઘણો છે. તેમણે પુરવાર કરી આપ્યું કે અમુક કામો તો સ્ત્રીઓ પુરુષ જેટલાં જ સારાં કરી શકે છે, જેમાં શુશ્રુષા એ મુખ્ય છે.



અનેક દેશના લોકોનાં પૂજ્ય બનેલાં એ સન્નારીનું ૧૯૧૨માં ૯૧ વર્ષની વયે અવસાન થયું. અમેરિકન રેડ ક્રૉસ તેમનું કાયમી સ્મારક છે. એ તેમણે સમગ્ર માનવજાતને આપેલો વારસો છે.

કાસ્ટિંગ ખાતાએ જ્યારે ગાંધીજીનાં લખાણોનો બૃહત્સંગ્રહ પ્રસિદ્ધ કરવાની વિસ્તૃત યોજના હાથ ઉપર લીધી, ત્યારે શ્રી ભારતનને તે કામના મુખ્ય સંચાલકને પદે નિમંત્રવામાં આવ્યા. શ્રી ભારતન પોતાને ગમતા તે કામમાં ઉમંગથી પડ્યા. આવતી બીજી ઑક્ટોબરના ગાંધીજીના જન્મદિને તે સંગ્રહનું પ્રથમ પુસ્તક બહાર પાડવાનો તેમનો નિશ્ચય હોઈ આ કાર્ય માટે તેમણે સતત અને સખત પરિશ્રમ લીધો, એટલો કે કોઈ રજા સુદ્ધાં લેવાની સલાહ આપે તો કહેતા : 'રજા મુલતવી રહી શકે છે, કામ નહિ.' પોતાના ગાઢ મિત્રો આગળ તેમણે હૃદય ખોલ્યું હતું કે, મારા જીવનમાં કંઈક ભયંકર અને કરુણ બનાવ બનવાનો છે. પોતે જારી રાખેલી દારુણ કામગીરી પોતાનો અંત લાવશે તેવો અંદેશો તેમના મનમાં ઊંડેઊંડે રહ્યા કરતો હતો.

તેમની શૈલી સાદી પરંતુ વિશદ અને ભાવને પૂર્ણતયા નિરૂપનારી હતી. વાત કરવાની એમની લઢણ આનંદી હતી. ગુસ્સો તેમણે જાણ્યો નહોતો. સદાના શાંત ડૉ. ભારતન એવા પોચા કે ઢીલા નહિ પરંતુ પોતાના ધ્યેય પર ખડક સમા અડગ અને અડોલ હતા.

પોતાને હાથે કોઈ પણ અનુચિત, અનાર્ય કર્મ ન બને તેની સદા જાગરૂકતા ડૉ. કુમારપ્પામાં જોઈ શકાતી હતી. તેમનું કહેવું હતું કે મારામાં જે કંઈ સારા સંસ્કાર છે તે મારી માતાએ મને આપેલા છે.

એમનું જીવન કશી પણ જાહેરાત કે પ્રશંસાની ધાંધલ વિના પોતાના નિયત કર્તવ્યમાર્ગે વ્યતીત થયું હતું. સરકારે, પ્રજાએ કે છાપાંએ તેમને ખાસ કશાં માન-ચાંદ કે પ્રશંસાથી વધાવ્યા ન હતા : નિકટના સાથીઓ વિના તેમને ભાગ્યે બીજાઓ ઓળખતા હશે. પરંતુ ભારતીય જીવનાદર્શ મુજબ, સ્વધર્મ શોધીને તેની પાછળ જ લુપ્ત થઈ જવાની–કશા ફળની કે જાહેરાતની આશા વિના જોતરાઈ જવાની–જે યજ્ઞભાવના છે તેને તે યથોચિત અનુસર્યા હતા. સ્વાર્થને ભૂલીને પરમાર્થે કંઈ ને કંઈ કરતા રહેવું એ તેમનો આજીવન આનંદ હતો. ('ભારત જ્યોતિ'–'નવજીવન')

સત્તાવનના વિપ્લવનાં ચિહ્નો: રક્ત કમળ અને રોટી

વિપ્લવના નેતાઓએ બે ખાસ ચિહ્નો પોતાના સંગઠન માટે નિયત કર્યાં હતાં: રક્ત કમળ અને રોટી. જે પલટનો આ વિપ્લવની યોજનામાં ભળની તે બધીમાં કમળનું ફૂલ ફેરવાતું. છેલ્લા માણસે બીજી પલટનમાં તે ફૂલ પહોંચાડવું પડતું. આ રીતે બરાકપુરથી પેશાવર સુધીની પલટનોમાં આવાં હજારો કમળ-ફૂલોએ મુસાફરી કરી હતી.

એક ગામનો ચોકીદાર બીજા ગામના ચોકીદાર પાસે રોટી લઈ જતો. આ રોટીમાંથી થોડો ભાગ ચોકીદાર જાતે ખાતો ને બાકીનો ભાગ ગામના બીજા લોકોને ખવડાવતો, અને પછી ઘઉં કે એવી જ જાતના લોટની બીજી નવી રોટી બનાવીને નજીકને ગામે પહોંચાડતો.



રોટી પહોંચાડતો ચોકીદાર (૧૮૫૮માં ચીતરાએલું પ્રાચીન ચિત્ર)

થોડા જ દિવસોમાં દેશનાં અનેક ગામડાંમાં આ રોટીઓ પહોંચી ગઈ. રક્ત કમળ સિપાઇઓ માટે અને રોટીઓ ગ્રામવાસીઓ માટે ગંભીર અર્થસૂચક વસ્તુઓ હતી. (ભારતમાં અંગ્રેજી રાજ્ય: ભાગ ૨)[પણ તપાસને અંતે જણાઈ આવ્યું હતું કે રોટી અને બળવાને માત્ર 'બાદરાયણસંબંધ' હતો. રોટીનો ફેલાવો એ બળવાની યોજનાના એક અંગરૂપ હતો, એ વાતમાં ઐતિહાસિક સત્ય નથી.]

લોબાન

લોબાનના નામ સાથે જ મુસ્લિમો જેનો છૂટથી ઉપયોગ કરે છે એ સુગંધી મઘમઘાટવાળા ધૂપનો ભાવ જાગે છે. પણ એ લોબાન કેવળ ધૂપ નથી, પણ રોગવિજ્ઞાનમાં વિશાળ ઉપયોગમાં આવે એવી ઓષધિ પણ છે. આયુર્વેદશાસ્ત્રમાં લોબાનનો નિર્દેશ નથી, કારણકે એ ભારતમાં પેદા થતો નથી. સિયામ અને સુમાત્રામાં થતી એક વનસ્પતિમાંથી ઝરતા રસની એ બનાવટ છે. જે લોબાનમાં કોડી કે બદામના આકારના સફેદ ડાઘ વિશેષ હોય એ કોડિયો લોબાન સારો ગણાય છે.

લોબાનને અંગ્રેજીમાં બેન્ઝૉઇન કહે છે. કોઇને લોહી વહી જાય એવો તીવ્ર ઘા વાગે છે ત્યારે લોહી રોકવા ડાક્તર જે ટિંક્ચર બેન્ઝૉઇનનો ઉપયોગ કરે છે, એ કોઇ અંગ્રેજી દવા નહિ પરન્તુ સ્પિરિટમાં સારી રીતે ગળેલું લોબાનનું જ પ્રવાહી હોય છે.

જેમ બહારના ઘાને તેમ એના ખાવાથી પણ અનેક રક્તસ્રાવજન્ય દરદોમાં ફાયદો થાય છે. આંતરડામાં ગરમી કે કબજિયાત વધી જાય ત્યારે દાંત, જીભ અને ગળું કોઇ ને કોઈ દરદ પ્રગટ કરે છે. આમાં દાંતના અવાળુ ફૂલવાનો વ્યાધિ આજે ખૂબ જોવા મળે છે. અવાળુમાંથી લોહી નીકળે છે, એ પાકે છે, પરૂ નીકળે છે અને દાંતની પક્કડ નબળી પડી એના મૂળમાં સડો થાય છે, જેને પાયોરિયા કહે છે. શરીરમાં છૂપું ઝેર પેદા કરે એવા આ દરદને ઊગતું દબાવી દેવામાં લોબાન ખૂબ હિતકર બને છે. કોડિયો લોબાન અને સોનાગેરુ સમાન ભાગે રૂના પોલમાં વીંટાળીને દરદવાળા ભાગ ઉપર મૂકવાથી અને દિવસમાં પાંચસાત વખત એ પોલ બદલતા રહેવાથી અવાળુ પાકે છે, ફૂટે છે અને એનાથી જ રુઝાઈ એકાદ બે દિવસમાં જ રોગમુક્ત કરી દે છે.

ઇન્ફ્લૂએન્ઝામાં કોડિયો લોબાન અસરકારક નીવડ્યો છે. તેના ઉપયોગથી પરસીનો વધે છે, પેશાબ વધે છે અને કફ દૂર થાય છે.

જેને ગળામાં કાયમી કફ બાઝતો હોય છે એમને વારંવાર ગળું ખોંખારીને કફ કાઢવો પડે છે. કેટલાકને સવારના ઊઠતાંવેંત જ, તો કેટલાકને ભોજન પછી, તો વળી કેટલાકને રાત્રે આ પ્રકારનો ચોટો ચાકણો કફ પડે છે. આ દરદોમાં લોબાન ઉપયોગી બને છે. લોબાન પેટમાં ગયા પછી શરીરક્રિયામાં શોષણ પામી શ્વાસનળી દ્વારા બહાર આવે છે. આથી, ખૂબ જ જાડો અને વાસ મારતો કફ આવતો હોય કે શ્વાસનળીમાં જૂનો સોજો હોય તેવાં દરદોમાં લોબાન, બદામ અને ગુંદર પાણીમાં વાટીને પીવાથી શ્વાસનળીની શ્લેષ્મ-કલાઓને બળ મળે છે અને કફ પાકીને જલદી છૂટો પડી જાય છે. ડૉ. વા. ગ. દેસાઇ તો એટલે સુધી કહે છે કે એનાથી ક્ષય અને દમના કારણે પેદા થની ગળાની શ્વાસનળીની અને ફેફસાની તકલીફો પણ દૂર થાય છે.

કૉલેરાના ઝાડાઊલટીમાં લોબાન કે એનાં ફૂલ ખૂબ જ ઉપયોગી બને છે. હોજરીનો દાહ, બળતરા ને પરિણામે વિદગ્ધાજીર્ણ ને મંદાગ્નિ જેવી કુ-પચનવાળી સ્થિતિ પણ એનાથી દૂર થાય છે.

પેશાબ બળતો હોય, લાલ પીળો ધોરો અને વાસવાળો આવતો હોય કે જૂના પ્રમેહના વારંવાર હુમલા થતા હોય ત્યારે લોબાન વાલ ૦ાા સવારસાંજ કેળાં સાથે મેળવીને લેવાથી ઝડપી રાહત મળશે.

દાંતમાંથી લોહી પડતું હોય, મોઢામાંથી ખરાબ વાસ આવતી હોય, તો કોડિયો લોબાન, સોનાગેરુ, કાંટાળું માયું, ફટકડી અને બોરસલીની છાલ એનું સમાન વજને ચૂર્ણ બનાવી એનો મંજનની જેમ ઉપયોગ કરવાથી દાંતનાં, પેઢાંનાં અને મોઢાનાં દરદો દૂર થશે.

લોબાનનો આપણે ધૂપ કરીએ છીએ કારણ કે એની જંતુઘ્ન શક્તિથી હવામાન શુદ્ધ અને સ્વચ્છ બને છે, ને હવામાં પ્રસરેલા લોબાનના પરમાણુઓ શ્વાસોચ્છ્વાસ દ્વારા શરીરમાં દાખલ થઇને શરીરક્રિયાને પણ દોષરહિત બનાવે છે. (વૈદ્યકલ્પતરુ) —પ્રાગજી મો. રાઠોડ

આનાના સિક્કાનો ઇતિહાસ

પહેલી એપ્રિલ ૧૯૫૭થી હિંદી ચલણનું દશાંશીકરણ થતાં નાબૂદ થએલો આનાનો સિક્કો લગભગ ૧૪૦ વર્ષ જૂનો જણાયો છે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૮૦૬ના એપ્રિલમાં દેશમાં એક સરખું ચલણ શરૂ કરવા ધારેલું, પણ મદ્રાસની ટંકશાળ સાથેના મતભેદોને પરિણામે ૧૮૭૦ના ડિસેમ્બરે એ ટંકશાળે પ્રથમ આનાનો સિક્કો પાડ્યો ત્યારે જ એ શક્ય બન્યું. જોકે સુરતની ટંકશાળે આનાનો સિક્કો પહેલવહેલો ૧૮૨૫માં પાડ્યો હોવાનું જણાયું છે. એ સિક્કા ચાંદીના હતા કેમકે ત્યારે ચાલતા રૂપિયાના, અડધા, પા, આઠમા ભાગના અને સોળમા ભાગના બધા સિક્કા ચાંદી-નિકલના મિશ્ર ધાતુના હતા.

મુસ્લિમ રાજ્યકર્તાઓના અમલ દરમિયાન ચલણમાં આનાનું અસ્તિત્વ નહોતું. અકબરના સમયમાં રૂપિયાના સોળમા ભાગને કળા કહેતા. 'આના' શબ્દનો પહેલવહેલો પ્રયોગ શાહઆલમના મંત્રીએ ૧૭૧૦માં સંપાદિત કરેલા ફારસી ગ્રંથમાં જોવા મળે છે; ને તે પણ કોઇ ચોક્કસ મૂલ્યાંકનવાળા સિક્કાના અર્થમાં નહિ પણ સામૂલી રકમના સંબંધમાં. વસ્તુતઃ ૧૯૦૭માં નિકલના આનામાં તેનો જન્મ થયો, જે બરાબર અરધી સદી પછી ૧૯૫૭માં નાબૂદ થયો.

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં દિનવિશેષ વ્યક્તિવિશેષ પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : એસ. સત્યમૂર્તિ

પાર્લમેન્ટરી રાજકારણને ક્ષેત્રેથી હિંદને સ્વાતંત્ર્ય અપાવવામાં જેમનો અગ્રતમ હિસ્સો



છે તે શ્રી એસ. સત્યમૂર્તિનો જન્મ મદ્રાસ પ્રાંતના પુદુકોટા રાજ્યના તિરુમયમ્ ગામમાં મધ્યમ વર્ગના બ્રાહ્મણ કુટુંબમાં ઈ. ૧૮૮૭ની ૧૯મી ઑગસ્ટે થયો હતો. પ્રાથમિક શિક્ષણ પુદુકોટામાં મેળવીને મદ્રાસની કૉલેજમાંથી કાયદાના ગ્રૅજ્યુએટ થઈ ત્યાં જ વકાલત શરૂ કરી. કૉંગ્રેસનું સ્વાતંત્ર્યનું ધ્યેય એમના માનસમાં પ્રથમથી રમી રહેલું. પરિણામે રાજકારણ અને રાષ્ટ્રનો એવો તો તલસ્પર્શી અભ્યાસ તેમણે કર્યો કે ખુદ કૉંગ્રેસને વારંવાર એમની સહાય માગવી પડતી. એમની માત્ર ૩૨ વર્ષની વયે કૉંગ્રેસે તેમને પોતાના પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે ચૂંટીને ઈંગ્લંડની મુલાકાતે મોકલેલા. ત્યાં તેમની વક્તૃતાથી સૌ કોઈ મંત્રમુગ્ધ બની ગએલા.

રાજકારણમાં પાર્લમેન્ટરી પ્રવૃત્તિના તેઓ પુરસ્કર્તા હતા; એટલે જ અસહકારને બદલે તે સ્વરાજ્ય પક્ષમાં અને મદ્રાસ કાઉન્સિલમાં ચૂંટાઈને વિરોધ પક્ષના નેતા બનેલા, જ્યાં સરકારી સભ્યો તો એમની સામે મોં ખોલતાં યે થરથરતા. ઇંગ્લંડના પ્રથમ પ્રતિનિધિમંડળ પછી છ વર્ષે ઈ. ૧૯૨૫માં કૉંગ્રેસ તરફથી એમને ઈંગ્લંડની મુલાકાતે મોકલવામાં આવેલા. મદ્રાસ કાઉન્સિલમાં પાછળથી કૉંગ્રેસ પક્ષના એ ડેપ્યુટી લીડર બનેલા.

તમિળનાડ કૉંગ્રેસ સમિતિના કેટલોક સમય તેઓ પ્રમુખ રહેલા. ૧૯૩૯-૪૦માં મદ્રાસ કૉર્પોરેશનના મેયર ચૂંટાએલા. મદ્રાસ યુનિવર્સિટીની ઍકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના સભ્ય હોવા ઉપરાંત તેની લાયબ્રેરી કમિટીના કન્વીનર હિંદી સંગીતના અભ્યાસક્રમના બોર્ડના અધ્યક્ષ તથા 'ફૅકલ્ટી ઑવ ફાઇન આર્ટ'ના તેઓ પ્રમુખ હતા.

૧૯૩૪માં જ કૉંગ્રેસવાદીઓ માટે મધ્યસ્થ ધારાસભામાં જવાની અનુમતિ તેમણે ગાંધીજી પાસેથી મેળવી લીધી હતી. પોતાના પ્રયત્નોને એમાં સફળતા મળી ત્યારે વડા પ્રધાનનું સૂત્ર તેમણે પોતે ન લેતાં રાજાજીના હાથમાં સોંપીને અપૂર્વ ત્યાગનું ઉદાહરણ પૂરું પાડ્યું.

આ સમર્થ નેતાએ કશા હોદ્દાની અપેક્ષા ન રાખતાં કાર્યસેવામાં જ ગૌરવ માન્યું. હોદ્દા-સ્વીકાર વખતે કૉંગ્રેસની તરફેણમાં પ્રજામત વાળવા માટે ૩૦ કૉંગ્રેસવાદીઓ સાથે દક્ષિણ હિંદમાં ૩૬,૦૦૦ માઈલ ઘૂમી વળીને ૨૨૫ માંથી ૧૭૫ બેઠકો તેમણે કૉંગ્રેસને મેળવી આપી હતી. ૮મી ઑગસ્ટ ૧૯૪૨ની મહાસમિતિની બેઠક પછી મુંબાઈથી મદ્રાસ જતાં, ગાંધીજીની 'હિંદ છોડો'ની માગણીને તેમના સમર્થનના કારણે, રસ્તામાં જ તેમને ગિરફ્તાર કરવામાં આવેલા. એ પહેલાં '૪૦ના કારાવાસ દરમ્યાન તેમને હૃદયરોગ લાગુ પડેલો, તે હવે વધી પડયો. સરકારે તેમને છોડયા પછી ૧૯૪૩ની ૨૮મી માર્ચે, પત્ની બાલાસુન્દરમ્મલ તથા એકની એક પુત્રી લક્ષ્મી, ને દેશસમસ્તના રાજકારણની તેઓ વિદાય લઈ ગયા.

તેઓ સ્વભાવે નિખાલસ, વિશ્વાસુ, ચતુર ને ગંભીર તથા મેધાએ પ્રોજ્જ્વલ તેજસ્વિતા-સંપન્ન હતા. દેશકાર્યની ધગશમાં તેમણે જાતખેવના કરી નહિ. 'બૅંક બૅલૅન્સ' વિના ગરીબીમાં જ તેઓ જીવ્યા અને મર્યા પણ ગરીબીમાં જ.

દિનવિશેષ

૧૮૫૭

તા. ૨ બક્સરથી આગ્રા કૂચ કરી મેજર વિન્સેન્ટ આયરે બળવાખોરોને હરાવ્યા; અને
તા. ૩ બ્રિટિશોએ આરા મેળવ્યું.
તા. ૧૦ લખનૌમાં બળવાની આગ ચંપાઈ.
તા. ૧૨ દિલ્હીમાં બંડખોરોએ 'મેટ્કાફ હાઉસ' પર હલ્લો કર્યો.
તા. ૧૩ જગદીશપુર પાસે કુંવરસિંહની હાર.
તા. ૧૬ બિઠૂરમાં તાત્યા ટોપેની હાર.
તા. ૧૭ સર કૉલિન કૅમ્પ્બેલે કમાન્ડર ઇન ચીફનો હોદ્દો લીધો.
તા. ૧૭ બળવાની આગ બીજી વાર ફરી વળી.
તા. ૧૯ ફિરોઝપુરની ૧૦મી ટુકડીનો બ્રિટિશ તોપખાનાને રોકવાનો મરણતોલ પ્રયાસ.
તા. ૨૦ બ્રિટિશોએ લખનૌમાં વિપ્લવી ટુકડીઓ પર છાપો માર્યો.
તા. ૨૬ મેજર મૉન્ટગોમરીએ અલીગઢમાં બળવાખોરોની કતલ ચલાવી.
તા. ૨૮ પૂરા શસ્ત્રસરંજામ વિના ૫૧મી ટુકડીએ પેશાવરમાં શીખ ટુકડીનાં શસ્ત્ર પડાવવા ઝનૂની હુમલો કર્યો, જેમાં ૧૫૦ કપાયા, ૪૦૦ કેદ પકડાએલાઓને ગોળીએ ઉડાડવામાં આવ્યા, ને બીજાઓને પહાડીઓએ ગુલામ કર્યા.

૧૮૫૮

તા. ૨ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વહીવટ પૂરો થઇને ભારત મહારાણી વિક્ટોરિયાની સીધી હકૂમત તળે આવ્યો.
તા. ૧૪ ઉદેપુર પાસે કોટડાના યુદ્ધમાં તાત્યા ટોપેની હાર, જેને પરિણામે સર હોપ ગ્રાન્ટે વિપ્લવવાદીઓની ટોળીઓને નિર્મૂળ કરી.

પ્રસંગવિશેષ : સત્તાવનના વિપ્લવનાં વળતાં પાણી કરનારી દિલ્હીમાં જનરલ નિકલ્સનની સેનાની જીત. તા. ૨૫મી ઑગસ્ટ ૧૮૫૭

તા. ૮મી ઑગસ્ટ ૧૮૫૭ના રોજ પંજાબમાંથી કંપનીની નવી (મુખ્યત્વે શીખો, ગુરખા તથા પંજાબીઓની બનેલી) સેના જનરલ નિકલ્સનની સરદારી તળે દિલ્હીને મોરચે આવી પહોંચી, અને કંપનીની સેનામાં નવો પ્રાણ આવ્યો. વિપ્લવકારી સેનાના સિપહસાલાર બખ્તખાંએ ફરી સર્વ શક્તિ એકત્રિત કરી હલ્લો કર્યો; પરંતુ કમનસીબે વિપ્લવપક્ષની બરેલી અને નીમચની સેનાઓમાં તડ પડયાં. ૨૫મી ઑગસ્ટે જ્યારે બખ્તખાંએ એ બંને સેનાઓ લઇ અંગ્રેજોના મથક નજફગઢ પર હુમલો કર્યો ત્યારે નીમચની સેનાએ, બખ્તખાંના હુકમ વિરુદ્ધ બીજા જ ગામમાં પડાવ નાખ્યો, ને આમ બરેલી સેનાથી છૂટી પડી ગઇ. લાગ શોધી રહેલા નિકલ્સને તાબડતોબ જોમપૂર્વક હુમલો કર્યો અને વિજયી બન્યો. ૧૬મી મે પછીનો આ પહેલો જ એવો બનાવ હતો જ્યારે દિલ્હીમાં નિરાશાનું વાતાવરણ છવાયું, અને કંપનીની સેનાના ઉત્સાહ બમણો થઈ ગયો. પછી તો વફાદાર હિંદી ને અંગ્રેજ સૈનિકો તથા ચોંપદાર જાસૂસખાતાને સહારે ૧૪મી સપ્ટેમ્બરના સંગ્રામમાં જીત મેળવી કંપનીની સેનાએ દિલ્હીમાં પ્રવેશ કર્યો.

◖ જે પ્રદેશોમાં વપરાશ કરતાં વધારે પાણી વરાળ થઇને ઊડી જાય છે ત્યાં પાણીનું બાષ્પીભવન મર્યાદિત કરી પાણીના બચાવ કરવાની રીતો શોધાઈ રહી છે. એમાં હેકઝાડેકનલ નામના પદાર્થના અણુ, સરોવર ટાંકી કે તળાવની સપાટી પર પાથરી દેવામાં આવે છે. જેમ પાણીના ખાબોચિયા પર તેલનાં ટીપાં પ્રસરી જાય તેમ આ અણુઓ પ્રસરી જાય છે. આથી બાષ્પીભવન બહુ ઓછું થઈ જાય છે. નાના વિસ્તારોમાં આ પ્રયોગ સફળ થઇ ચૂક્યો છે.

—અનુષ્ટુપ—

સ્વભાવે સજ્જનો સૌ યે દુઃખસુખે નકી સ્થિત
ડાળથી ફૂલ તોડો તો મટે શું એ સુવાસિત?

—સુરેશ દલાલ—


વર્ષો પહેલાં એક યુવાન વકીલ તાલુકા કચેરીમાંથી વકીલાતની મબલખ રકમ લઈને રાત્રે મેલગાડીમાં ઘેર જતો હતો. પૈસાની થેલી માથા નીચે રાખી તે સૂઈ ગએલો, એવામાં મધરાતે એક ચોકીના સિપાઈએ ગાડી રોકતાં વકીલ ઝબકીને જાગી ગયો, અને ઉતાવળમાં પેલા સિપાઈને ડાકુ સમજીને તરત પિસ્તોલ કાઢી અને ગોળી મારી દીધી! પણ પાછળથી સાચી વાતની જાણ થતાં ઘાયલ સિપાઈને તે દવાખાને લઈ ગયો ને તે સાજો થયા બાદ પ્રાયશ્ચિત્ત તરીકે પેલી આખી રકમ એ સિપાઈને જ આપી દીધી. એ વકીલ તે ચક્રવર્તી રાજગોપાલાચાર્ય. એ પ્રસંગ પછી તેઓ ઉતાવળિયું પગલું ભરતાં હમેશાં અચકાય છે.

કહેવતોના અર્થ: 'પંતિયાળાનો પોંક'– સહિયારાં, પંતિયાળાનાં કે ભાગીદારનાં કામમાં કાળજી કોઈને નહિ ને ખર્ચ સૌ મનફાવે તેમ કરે, એ સામાજિક દૂષણને નિર્દેશતી આ આખી કહેવત આમ છે: 'પંતિયાળાનો પોંક, તે પેટ ફાટફાટ ખવાય.' એને મળતી બીજી કહેવતો: 'બારૈયાનું બારે વાટે', 'ભાગિયાની ભેંશ ભૂખે મરે', 'સહિયારી સાસુ ને ઉકરડે મોકાણ'; 'સહિયારાથી સિંહ પણ હારે'; 'પંચનો માલ, ગમે તે ખાય' વગેરે.



સમગ્ર જગતની મધ્યસ્થ હવામાન-સંસ્થાના માનાર્થે યુનાઈટેડ નેશન્સના ટપાલખાતાએ કાઢેલી ટિકિટનું ચતુર ચિત્રસંયોજન

અનેકાર્થી શબ્દ: વજ્ર=ઇંદ્રનું આયુધ; ફૂલનો બાહ્યકોષ; ફૂલની કળી; તલના છોડનું ફૂલ; ધાવડી નામનો છોડ; કોકિલા વૃક્ષ; ધોળો દર્ભ; ગ્રેનાઈટ પથ્થર; હીરાનો એક પ્રકાર; હીરામાં આંકા પાડવાનું સાધન; ઉત્તમ પ્રકારનું પોલાદ; આડાં લાકડાંનો એક સાંધો; લશ્કરનો એક જાતનો વ્યૂહ; અતિ ઉગ્ર વચન; કાળું અબરખ; કાંજી; બાળક; એક પ્રકારની ભાવવાહી પૂજા; જ્યોતિષનો એક યોગ; એક છંદ.



આ આકૃતિમાં દસ લીટીઓ એવી રીતે ગોઠવી છે કે જેથી ૩૪ ત્રિકોણ બને છે. (૨૫)

કેળાનાં ફાડિયાં આંખે બાંધવાથી ગરમીથી આવેલી આંખે આરામ થશે.

બીજગણિત માટે અંગ્રેજી શબ્દ ઍલ્જિબ્રા અરબ્બી ઉપરથી આવેલો છે: 'અલ જબર' એટલે બંને પાસાં સરખાં કરવાં તે. બીજગણિતમાં યે મુખ્યત્વે એ જ હોય છે ને? (૨૫)

એક ચોરસ માઈલમાં ચોરસ ઇંચ કેટલા હશે? શું ધારો છો? એક સૈકા (સો વર્ષ)ની સેકંડો કરતાં પણ વધારે! (૨૫)

૧ રતલ બૂચ સાધારણ કદના માણસને ડૂબતો બચાવવા માટે પૂરતો થઈ પડે.

ઘોડાવજનું મૂળ ને સૂંઠ સરખે ભાગે ઘસી ચોપડવાથી દુખતા કાનના સણકા અને સોજા પર આરામ થાય છે.

વાંસની ગાંઠ, મીંઢળ, સૂંઠ ને કાળીજીરી પાણીમાં થોડાંથોડાં ઘસીને એ મિશ્રણ ખીલ પર ચોપડી કલાકેક રાખવું. એથી ખીલ મટશે.

એક શહેરમાં ભયાનક હુલ્લડ થવાની વકી હતી. શહેરનું વાતાવરણ તંગ થઈ ગયું હતું, અને ઠેરઠેર ભય ફેલાએલો હતો. એક દંપતીએ પોતાના એકના એક દીકરાને બીજા શહેરમાં કોઈ સંબંધીને ત્યાં મોકલી દીધો.

બે દિવસ પછી તેમને તાર મળ્યો. તારમાં લખ્યું હતું: 'તમારો છોકરો પાછો આવે છે. એના કરતાં તો હુલ્લડને જ અહીં મોકલી આપો!'


સળેખમ, ઉધરસ તથા એવાં છાતીનાં દરદો પર કાળાં તુલસીની ચા બહુ ગુણકારી છે.




અંગ્રેજી મૂળાક્ષરોની ઉત્પત્તિ: પાંચમો અક્ષર 'ઇ' જેના પરથી આવ્યો છે તે મૂળ મિસરની ચિત્રલિપિ હાઍરોગ્લિફનું તથા ત્યાર બાદની ત્યાંની પ્રાચીન લિપિ હાઍરેટિકનું. એમ બે રૂપો મથાળાની તકતીમાં શરૂમાં દર્શાવ્યાં છે. તે પછી તેનો વિકાસ અનુક્રમે ફિનિશિયન, પ્રાચીન ગ્રીક, જૂની રોમન અને આધુનિક અંગ્રેજીમાં જે રીતે થયો તે ચાર રૂપો બતાવ્યાં છે. નીચેની તકતીમાં એ અક્ષરનાં વિવિધ લેખન-સ્વરૂપોનો વિકાસ જે ક્રમમાં થયો તે દર્શાવ્યું છે, જેમાં પ્રથમ હિબ્રૂ, પછી ગ્રીક, રોમન, ઍંગ્લો સેક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન ને આજનું રૂપ અનુક્રમે નિરૂપ્યાં છે. એ દરેકમાં પહેલો અક્ષર કૅપિટલ અને પછીનો નાનો અક્ષર છે.



કલાકણિકા: માટી-પાત્રોના સુશોભન માટે જગખ્યાત ક્રીટ ટાપુના પ્રાચીન કુંભો



વિષ્ણુ (ફોટોકલાકાર · આર. આર. ભારદ્વાજ)
તેહરી ગઢવાલ પ્રાંતમાં અલકનંદા નદીની ખીણમાં, કીર્તિનગરથી ત્રણ માઈલ ઉપર આવેલા રાણીહાટના મંદિરની આ પ્રાચીન શિલ્પમૂર્તિ ખંડિત છતાં અતીવ રૂપસુંદર છે. મુકુટ પાછળના કમલદલના પરિકરથી માંડીને શિલ્પના એકેએક અંગ અને વિગતમાં સપ્રમાણ સુરુચિપૂર્ણ પ્રસાદ છે, જે મુખના પ્રશાન્ત સૌમ્ય માધુર્યમાં શગે ચડે છે.



પંદરમા ઑગસ્ટનું ધ્વજવંદન

આ અંકમાં અન્યત્ર 'દિલ્હી પાસેના યુદ્ધ'નું જે ચિત્ર આપ્યું છે તેને પડછે, એવું જ દિલ્હી પાસેનું આ ચિત્ર એટલા માટે આપીએ છીએ કે એક સદીના બે છેડા વાચકો સન્મુખ ખડા થાય. પેલું ચિત્ર ૧૮૫૭ના ઑગસ્ટમાં દિલ્હી પાસે ખેલાએલા જંગનું છે; આ ચિત્ર એક સદી પછીના ઑગસ્ટમાં દિલ્હી પાસે સ્વતંત્ર ભારતના ધ્વજ તળે મળેલી જનમેદનીને સંબોધતા તેના વડાપ્રધાનનું છે. બંને ચિત્રોની મિનારામંડિત આકાશરેખા સરખી છે; બંનેમાં જનમેદની છે. પણ એક સદીને અંતે બંને વચ્ચે શો ફેર છે! શું સામ્ય છે!

અગસ્ત્યને પગલે...(અનુ. પૃ. ૪૧૨થી ચાલુ) આ રાક્ષસનો પાઠ લે છે અને તેનો ભાવ પ્રગટ કરવા તેને અનુરૂપ મુખાવરણ પહેરે છે.

'નો'ની રંગભૂમિ તદ્દન સાદી હોય છે અને કથાપ્રસંગનું વાતાવરણ ઊભું કરવા માટે પડદા, બીજી ગોઠવણી કે 'સેટિંગ્સ' પણ વપરાતાં નથી. પાત્રો મુખ્યત્વે કવિતામાં પાઠ કરે છે અને બાજુ ઉપરના બીજા ગાયકો કથાનો ખૂટતો ભાગ ગાઇને પૂરો સમજાવે છે. ભાષા ન સમજનાર માટે તો મોટી આફત! વળી 'નો'માં પ્રતીકરૂપે ઘણા હાવભાવ હોય છે. પાત્ર જો બેત્રણ ડગલાં ચાલે તો તેણે લાંબો પ્રવાસ કર્યો તેમ સમજવાનું! આથી 'નો'ના ખાસ રસિકો અને ગુણજ્ઞ જ તેની સાચી મઝા માણી શકે છે. મુખ્ય પાત્ર 'શીટે' ઉપરાંત ગૌણ પાત્રને 'વાકી' કહે છે, અને તેમના મદદનીશો 'ત્સૂરે' કહેવાય છે......

...રંગભૂમિની પાછળથી વાંસળી અને ઢોલનો ધીમો અવાજ સંભળાયો અને સૌ શાંત થઈ ગયા. મુખ્ય સમ-ચોરસ રંગભૂમિની પાછળ બીજી તેનાથી અરધા કદની લંબચોરસ પાર્શ્વભૂમિ હતી જ્યાંથી એક લાંબો પ્રવેશમાર્ગ થીએટરના પાછલા ભાગમાં જતો હતો. આ માર્ગે સૌ પ્રથમ એક વાંસળી વગાડનાર તથા તેની પાછળ ત્રણ ઢોલ વગાડનાર ધીમેથી આવ્યા અને રંગભૂમિના અનુસંધાનની પાર્શ્વભૂમિ પર બેઠા. વાંસળી વગાડનાર તથા લાકડી વડે નગારું વગાડનાર નીચે ઊંધા પગ કરીને જાપાની ઢબે બેઠા જ્યારે બીજા બે જણ નાના મેજ ઉપર. એકે ઘૂંટણ ઉપર અને બીજાએ ખભા ઉપર પોતાની નાની ઢોલક ગોઠવી. ત્યાં તો જમણી બાજુનું નાનું બારણું ઊઘડ્યું અને આઠ જણા કિમોનો જેવા પોષાકમાં આવીને રંગભૂમિની પશ્ચિમે બે હારમાં બેસી ગયા.

પાછળ બેઠેલા વાદ્યકારોએ ધીમેથી સૂર વગાડવા માંડ્યા. થોડીવારે પ્રવેશમાર્ગે ચાલીને એક અભિનેતા આગળ આવ્યો. એ પાત્ર આસો ગામનો એક પૂજારી હતો. નાટકનું નામ 'ટાકાસાગો' હતું અને તેમાં આ પૂજારીનું એક સ્વપ્ન બતાવાતું હતું. અત્યંત ધીમેથી તેણે કવિતામાં પોતાનો લાંબો પરિચય આપ્યો. યાત્રા દરમ્યાન તે ટાકાસાગો ગામ આવ્યા હતા. પછી વાદ્યકારોએ એક ગંભીર રાગ વગાડ્યો અને પાછળના ભાગમાંથી એક ડોસો અને ડોસી ધીમેથી ચાલીને રંગભૂમિ પર આવ્યાં. બંને જણાએ મોં પર મુખાવરણ (mask) પહેર્યાં હતાં તેથી સમજાયું કે બંને મુખ્ય પાત્રો હશે. બંનેના હાથમાં લાંબા સાવરણા હતા અને તેમના પોષાક તથા માથાના વાળ ગરીબ ડોસાડોસીને અનુરૂપ હતા. તેઓ ચીડના ઝાડનાં સૂકાં તણખલાં એકઠાં કરતાં હતાં. પ્રદેશનાં ઊંચાં, પુરાણાં ચીડવૃક્ષોનો મહિમા તેઓ કવિતામાં ગાવા લાગ્યાં અને એ જૂનાં વૃક્ષો સાથે પોતાની સરખામણી કરવા લાગ્યાં. આસો ગામના પૂજારી આગળ પોતાના સુમીયોશી ગામનાં ચીડ વૃક્ષોની રમણીયતા વર્ણવતાં ગયાં અને સાથે 'નો' પ્રકારનું વિશિષ્ટ નૃત્ય પણ હાથમાં સાવરણા સાથે કરી બતાવ્યું. પછી તેમણે કવિતામાં જ પોતે સુમીયોશી ગામના દેવતા છે એમ સમજાવી પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કર્યું. પૂજારીને સુમીયોશી આવવાનું આમંત્રણ આપીને તે બંને અંતર્ધાન થયાં.

બીજા અંકમાં સુમીયોશી ગામમાં પૂજારી આવી પહોંચે છે અને કવિતામાં પોતાના લાંબા પ્રવાસનું વર્ણન કરે છે. પછી પ્રવેશ-માર્ગે થઇને પ્રથમ અંકના મુખ્ય પાત્ર ડોસા હવે દેવના રૂપમાં બહાર આવ્યા અને વસંત ઋતુ તથા ચીડવૃક્ષોની શોભા વર્ણવવા લાગ્યા. હું જો જાપાનીઝ સમજી શકતો હોત તો મને પણ હિમાલયનાં ચીડ વૃક્ષો યાદ આવત; પરંતુ ભાષાની મુશ્કેલીને લીધે તથા 'નો'ની ધીમી ચાલને લીધે મને તો જરા કંટાળો આવવા લાગ્યો હતો. ત્યાં તો એ વનદેવતાએ પોતાનું દૈવી નૃત્ય શરૂ કર્યું, પાછળના વાદ્યકારોએ તેમનો સાથ કર્યો ને મારો રસ ફરી જાગૃત થયો. એ નૃત્ય સાથે નાટિકા સમાપ્ત થઈ.


ત્યાંથી અમે મિત્સુકોશી સ્ટોર પર આવ્યા. ટોકિયોનો આ સૌથી મોટો ડિપાર્ટમેન્ટ-સ્ટોર છે, અને તેમાં ટાંકણીથી માંડીને ટેલિવિઝન અને મોટરકાર પણ મળે તથા ભાવ પણ ઘણા વાજબી. સ્ટોરમાં કેટલીયે લિફ્ટ અને યાંત્રિક સીડી (એસ્કેલેટર) હતાં. ચીજવસ્તુઓની ગોઠવણી અને વર્ગીકરણ પણ અદ્દ્ભુત. મારે ખાસ કરીને જાપાની સ્ત્રીઓનો લાક્ષણિક પોષાક 'કિમોનો' તેનાં બધાં ઉપવસ્ત્રો સાથે ખરીદવો હતો. ફૂલોની ભાતવાળો રેશમી કિમોનો લીધો. તેની સાથે પીઠ પાછળ બાંધવામાં આવતી નાની ચોરસ રેશમી પોટલી જેને 'ઓબી' કહે છે તે લીધી. કિમોનો પાછળ આ ઓબી બાંધ્યા પછી જાપાની સ્ત્રીઓ કમર પર ઊંચે એક લાલ કિનારની સફેદ જાડી દોરડી બાંધે છે તેને 'ઓબી-ડોમે' કહે છે અને તે ઉપર વળી એક લાંબો ભાતવાળો ઝીણો લાલ રૂમાલ (ઓબી આગે) પણ ખોસે છે. પગમાં પહેરાતાં સફેદ મોજાંને 'ટાબી' કહે છે. તેના ઉપર પહેરાતી, રેશમી કાપડથી મઢેલી લાક્ષણિક ચંપલો 'ઝોરી' તથા તે બધાંને શોભે તેવો હાથમાં રાખવાનો ફોલ્ડિંગ પંખો પણ ખરીદ્યાં. આ કિમોનો સિવાયનું જાપાન કલ્પી પણ ન શકાય. કિમોનો તો જાપાની લોકોની કલાપ્રિયતા તથા જાપાની સ્ત્રીઓની મૃદુતા અને સૌજન્યનું પ્રતીક છે.

પુરુષોનો લાક્ષણિક પોષાક 'હાઓરી' છે. તેને વિશાળ બાંયવાળો રેશમી ઝભ્ભો કહી શકાય. સામાન્યરીતે તે કાળા કે બીજા ઘેરા રંગનો હોય છે અને 'હાકામા' નામના પહોળા ખુલ્લા પાયજામા ઉપર તે પહેરાય છે. ઘણી વાર પુરુષો ઘરમાં ઘેરા વાદળી રંગનો સફેદ ભાતવાળો ખુલ્લો ઝભ્ભો પહેરે છે તેને 'યુકાટા' કહે છે. ટોકિયો કે ઓસાકા જેવાં મોટાં શહેરોમાં તો આજે પુરુષો પાશ્ચાત્ય પોષાક જ પહેરે છે, પરંતુ પોતાના વિવિધરંગી કિમોનોને લીધે પતંગિયાંની ઉપમા મેળવેલી જાપાની સ્ત્રીઓ પણ ઘણી હવે વિદેશી પોષાકમાં જોવા મળે છે. ભારતની નારીએ પોતાની સાડી છોડી નથી તે માટે તે ધન્યવાદ પાત્ર છે.


મિત્સુકોશી સ્ટોરમાંથી ત્રણ-ચાર જાપાની ઢીંગલીઓ પણ ખરીદી. આ ઢીંગલી બનાવવાની પણ એક વિશિષ્ટ જાપાની કલા છે, અને જાપાની લોકો સૈકાઓ થયાં પરંપરાગત ઢબે શાલભંજિકા (ઢીંગલી) બનાવતા આવ્યા છે. તેમાં ઘણા પ્રકાર છે. સૌથી કલામય તો મનોહર કિમોનો પહેરીને ફૂલ-ડાળ લઈ જતી હંસગામિની જાપાની સ્ત્રીનો છે. તેને 'ફ્યુજી મુસુમે' કહે છે. મુખ્યત્વે આવી કૃતિ લાકડાની અથવા લાકડાના વહેર સાથે માટી ભેળવીને બનાવી તેને રંગે છે.

સ્ટોરમાંથી એક કાગળનો દીપક (લૅન્ટર્ન) પણ ખરીદ્યો. અત્યંત ઝીણા કાગળ તથા પાતળી વાંસની ચીપો વડે બનાવેલા આ દીવા તે ચીન તેમજ જાપાનની એક ઓર વિશિષ્ટતા છે. અત્યંત સૂક્ષ્મ સફેદ કાગળનું ઘડા જેવા આકારનું ગોળ ઝુમ્મર બનાવે છે. તેને ફરતી વાંસની પાતળી ચીપો ચોંટાડી હોય છે જેને લીધે તેનો આકાર જળવાઇ રહે. આ ઝુમ્મરને લાકડાની એક બેઠક પર ગોઠવે છે, અને નીચેના કાણામાંથી મીણબત્તીનો દીવો અંદર કરી શકાય છે. ધુમાડો જવા ઉપર પણ મોટું ગોળ કાણું રાખ્યું હોય છે. વળી આ ઝુમ્મર બીડી દઇ શકાય તેવું (ફોલ્ડિંગ) હોય છે અને તેની બેઠકના પાયા પણ છૂટા કરી શકાય છે, તેથી આખો યે દીવો પૂંઠાની એક નાની ચોરસ પેટીમાં બંધ કરીને સરળતાથી પરદેશ લઇ જઈ શકાય છે. વળી તે કાગળનો બનાવ્યો હોવાથી તેનું વજન પણ ઘણું ઓછું હોય છે.

જાપાની લોકોને ફૂલોનો તો અત્યંત શોખ હોય છે. સ્ટોરમાંથી અનેક જાતનાં બીજ, બલ્બ તેમજ ઊંચી જાતનું ખાતર પણ મળ્યાં. બીજી પણ કેટલીયે ચીજવસ્તુઓ આ સ્ટોર્સમાંથી મળી ગઈ. (ચાલુ)



↑જાપાનનાં કેટલાંક કુલ-ચિહ્નો (ફૅમિલી-ક્રેસ્ટ)—જેમાંનું છેલ્લું, ગઈ સદીમાં જાપાનવાસી થઈ ત્યાં કુટુંબ સ્થાપીને વસેલા અમેરિકન પત્રકાર (અને પાછળથી યુનિવર્સિટીના અંગ્રેજીના અધ્યાપક) લાફ્કેડિયો હર્નનું છે.



જાપાનનાં ફાનસો: રાત્રિના અંધકાર પછી માનવજીવનના મુખ્ય આધાર ને સાથી સમા દીપકોનું મહત્ત્વ એકેએક પ્રજાના જીવનમાં સ્વાભાવિકપણે જ આગળપડતું રહ્યું છે અને પ્રત્યેક પ્રજા-સંસ્કૃતિએ તેને કલાના પ્રસાદથી વિભૂષિત કર્યાં છે. રોમનોની દીવીઓ, મધ્યયુગીય યુરોપનાં મીણબત્તીધારકો અને ઝુમ્મરો તથા બેનમૂન કોતરણીવાળાં મુસ્લિમ પ્રજાઓનાં ધાતુનાં ફાનસોથી માંડીને આપણાં મંદિરોમાંની પથ્થરની પ્રચંડ દીપમાળો તથા ગુજરાતના સમૃદ્ધ કાળે ઘરેઘર અજવાળતી પિત્તળની દીપલક્ષ્મીઓ સુધીનું વૈવિધ્ય કોઈથી અજાણ્યું નથી. પણ જાપાનમાં ફાનસોનો મહિમા વિશેષ અને વિશિષ્ટ છે.

આ અંકમાંના 'અગસ્ત્યને પગલે' લેખમાંના નિરૂપણ ઉપરાંત ફાનસો ત્યાં શુભેચ્છાના પ્રતીક તરીકે અને ભક્તિના અર્ઘ્ય તરીકે લેખાયાં છે; અને કોઈ ગંભીર બીમારીમાંથી બચી જવા સારુ, પ્રિયજનના પાછા આવવા નિમિત્તે, યુદ્ધમાં વિજય મળવાને કારણે કે અણધાર્યો સંપત્તિલાભ થવા માટે— એવાં અનેકવિધ કારણોસર ત્યાંનાં મંદિરોમાં અર્પણ થએલાં એવાં દીપસ્થાનકો અને ફાનસોની સંખ્યા તથા વિવિધતા હજારો પર પહોંચે છે. ત્યાંની આ પ્રણાલિકા સદીઓથી ચાલતી આવતી હોઈ મંદિરોમાંનાં એવાં દીપસ્થાનકો વિષે અનેકવિધ દંતકથાઓ પણ પ્રવર્તે છે. દાખલા તરીકે નિક્કો મુકામે આવેલા આયેયાસુના સમાધિમંદિરના એક ખૂણામાં ઈ.૧૨૯૨ની સાલથી ઊભેલા જંગી ધાતુના ફાનસ વિષે એવી કિંવદંતી છે કે રાત્રે તે દૈત્યનો વેશ લઇને ચોમેરના પ્રદેશોમાં ફરવા નીકળતું ને ભોળા ગ્રામજનોને પજવતું. અંતે એક વીરપુરુષે દ્વંદ્વમાં હરાવીને તેની એ શક્તિ હણી લીધી, અને તેની પ્રતીતિ તરીકે, એ ફાનસના શિખર ઉપર પડેલો તલવારનો ઘા પણ શ્રદ્ધાળુઓ હજી આજે બતાવે છે!

આવી વહેમી માન્યતાઓ બાજુએ મૂકીએ; પણ જાપાનભરમાં આજે દેવમંદિરો, સમાધિગૃહો, બાગબગીચાઓ ને ધાર્મિક સ્થળોના યાત્રામાર્ગ ઉપર ઠેરઠેર જે સંખ્યાતીત ધાતુ ને પથ્થરનાં ફાનસો ભરચક ભર્યાં પડ્યાં છે તે પ્રત્યેક જાણે ઇતિહાસની આભાથી મંડિત વીરો કે શીલવંતા સંતપુરુષો જેવા ભાસે છે, ને જાપાનની ધર્મભાવના, આદર્શપ્રિયતા, સંસ્કારિતા ને કલાભક્તિનાં પ્રોજ્જ્વલ પ્રતીકો છે.

ગતકાળના કલાસ્વામીઓએ એ બધાના વિવિધ પ્રકારોના ઘડતર માટે નિશ્ચિત નિયમો ઠરાવેલા છેઃ ફાનસના છાપરા અને થાંભલીઓ વચ્ચે કે બારીઓ ને મુખ્ય સ્તંભ વચ્ચે અમુક જ પ્રમાણ હોય વગેરે. પણ પછી તેનાં શોભનો, કોતરણીઓ, જે જે કુટુંબોએ તે અર્પણ કર્યાં હોય તેનાં 'ફૅમિલી ક્રેસ્ટ' (કુલચિહ્નો)નાં (જુઓ ઉપર) તથા જાપાનનાં રાષ્ટ્રીય ફૂલવેલ-પત્તીઓનાં સંયોજનો વગેરેથી તેમાં નાનાવિધ ઘાટરૂપ રચવામાં આવે છે. ચાર કે છ બાજુવાળું છાપરું, ગોળ કે અષ્ટકોણ સ્તંભ, સળિયા કે જાળીજાળી કે ખુલ્લી બારીઓ, એવા કિસમકિસમના ફેરફારવાળાં ફાનસોના સંખ્યાતીત પ્રકારો રચવામાં જાપાની કલાકારોએ આજે સૈકાઓથી રાષ્ટ્રીય કલાનો એક અમર વારસો સર્જ્યો છે. બાગબગીચાઓમાં શોભા રૂપે મૂકવામાં આવતાં ફાનસોના પણ નાનાવિધ ઘાટ, તેને મૂકવાનાં સ્થળ, તથા આજુબાજુનાં દૃશ્યથી રચાતું રૂપસંયોજન વગેરે પાછળ ચોક્કસ કલાદૃષ્ટિ હોય છે. કોઇ નાજુક લાકડાના પૂલને છેડે, કે કોઇ નાનાં પગથિયાંના ચડાણને અંતે, કે કોઇ ટેકરીની ટોચે તે એવી ખૂબીથી વિચારપૂર્વક મૂક્યું હોય કે જેના પર નજર પડતાંવેંત એક લલિતમધુર દૃશ્ય તમારી આંખ આગળ પિરસાઇ જાય.

અને ત્યાંના રોજિંદા જીવનને વ્યાપી વળેલાં કાગળ તથા વાંસની ચીપોનાં ફાનસો (દુકાનો ને રિક્ષાઓ તથા કાળાં ડિબાંગ પાણીમાં તરતી હોડીઓ પર ટમટમતાં કે રાત્રે ભાતનાં ખેતરેથી વળતા ખેડૂના હાથમાં આગિયાની જેમ ઝબૂકતાં ફાનસો)ના સંખ્યાતીત રંગ, ઘાટ, રૂપ ને સૌંદર્યની તો શી વાત! એમાંના સસ્તામાં સસ્તા ફાનસ ઉપર પણ ડાંગરના છોડની એકાદ પાંદડી, કોઇ કરકતું પંખી કે ઊડતો હલીલો વાણિયો જ માત્ર ચીતરીને શી ઉમદા ભાત ઉપજાવી હોય છે! એ ફાનસો બનાવનારા નાના છોકરાઓ પણ જે ઝડપ ને સિફતથી પીંછી ચલાવી પાઇન વૃક્ષની ડાળી પર ચેરી બ્લૉસમ કે ક્રિસૅન્થમમનું ફૂલ, ઊગતો ચંદ્ર કે પાણીમાં સરતી હોડી ચીતરતા હોય છે એ જોઇને તો દંગ થઈ જવાય. એમાં એક પણ રેખા ખોટી નહિ, એક પણ વસ્તુ અવાસ્તવિક નહિ કે કોઈ પણ રંગયોજના મોળી નહિ! કોઇ ઉસ્તાદ બીનકારની આંગળીઓમાંથી સૂર સરે તેમ જાણે એની આંગળીઓમાંથી આ રંગભાતનો પ્રવાહ વહે! અને આ ફાનસો સસ્તાં પણ કેટલાં!

જાપાન જનારાઓને ભલામણ છે કે ત્યાંનાં મંદિરોની અંદરનાં પ્રભાવશાળી ધાતુનાં ફાનસો, મંદિરમાર્ગે કે પગથિયાંને પડખે સોહતાં, કે નાના બગીચા ને ઉદ્યાનોમાં સુંદર સમુચિત સ્થાને ગોઠવેલાં રૂપસુંદર પત્થરનાં ફાનસો, ને મામૂલીમાં મામૂલી દુકાને પણ ટમટમતાં કાગળના ફાનસોનાં અવલોકન ને અભ્યાસ કરે. એનાં સંખ્યાતીત ઘાટ-રૂપમાં, શોભન વૈવિધ્યમાં અને સૈકાજૂની પરંપરામાં, એ નાના પણ નમણા દેશની ઇતિહાસભક્તિ, સંસ્કારપ્રિયતા ને સૌંદર્યપ્રેમની પ્રતીતિ થશે.